એકમેકને ઓળખવાનો

# જ્ઞાતિ સેતુ

**વર્ષ-૧ ● અંક-૭**
**ઓક્ટોબર-નવેમ્બર – ૨૦૦૬**

☆

**તંત્રી**
હંસરાજ કંસારા

☆

**તંત્રી મંડળ**
અતુલ સોની (૯૮૨૫૦ ૩૦૧૪૦)
કુ. એકતા કટ્ટા - અંજાર (૯૮૭૯૧ ૯૪૩૩૪)

☆

**વ્યવસ્થાપક સમિતિ**
શૈલેષ કંસારા - ભુજ (૯૮૨૪૦ ૩૩૪૪૦)
પ્રશાંત બીજલાની
જયમીન જે. સોની
સૂર્યકાંત સોની
તુલસીદાસ કંસારા

☆

**મુખપૃષ્ઠ ડિઝાઈન**
શ્રી જયેશ ઘડીયાળી
પ્રિન્ટોગ્રાફી, અમદાવાદ.

☆

**કાર્યાલય**
**ધવલ જ્વેલર્સ**
૧૪, ચાંલ્લા ઓળ,
માણેકચોક,
અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : (૦૭૯) ૨૨૧૪૪૦૦૮

☆

**મૂલ્ય : રૂા. ૨૦/-**
**વાર્ષિક લવાજમ : રૂા. ૧૦૦/-**

☆

**E-mail** : gnatisetu@rediffmail.com

'જ્ઞાતિ સેતુ'માં પ્રસ્તુત રચનાઓમાં રજૂ કરેલા વિચારો જે તે લેખકોના છે. 'જ્ઞાતિસેતુ'નું એની સાથે સંમત હોવું આવશ્યક નથી.

## પ્રમુખ સ્થાનેથી....

*"આરતી લક્ષ્મીજીકી જો કોઈ કરતા,*
*ઉર આનંદ, ઉમંગ અતિ, પાપ ઉતર જાતા."*

દિવાળીના પાવન અને શુભ પ્રસંગે અમદાવાદ જ્ઞાતિ અને 'જ્ઞાતિ સેતુ'ના સર્વે વાંચકોને નવા વર્ષના ખૂબ ખૂબ અભિનંદન.

દિવાળી એટલે દીવાઓની વ્યૂહરચના - જેમ દીવાઓ એકઠા થઈને તમારા ઘરમાં ઉજાસ ફેલાવે છે તેમજ સુખ, શાંતિ અને સમૃધ્ધિ જેવા અમૂલ્ય દીવાઓ ભેગા થઈને તમારા જીવનમાં ઉજાસ ફેલાવે તેવી પ્રભુ પ્રાર્થના.

આપણી જ્ઞાતિએ ગત વર્ષે ખૂબ જ સારી સારી પ્રવૃત્તિઓ કરી અને સર્વે જ્ઞાતિ પરિવારોને એકઠા લાવી ખૂબ જ સારું કામ કર્યું છે. જેમાંનું એક મુખ્ય અને અગત્યનું કામ હતું તે 'મહામંડળ'ની રચનાનું હતું. મહામંડળની બાગડોર પ્રભુના હાથમાં સોંપી. જેમાં આપણી જ્ઞાતિના સમગ્ર ભારતમાં વસતા જ્ઞાતિ અગ્રણીઓની ઉપસ્થિતિમાં શ્રી પ્રભુદાસભાઈ ખેતશીની મહામંડળના પ્રમુખપદે વરણી થઈ. ખરેખર બહુ ઉમદા કાર્યની રચના થઈ છે.

મહામંડળની રચનાએ જે આશાનો દીવો પ્રગટાવ્યો છે, તે ભારતમાં ફેલાયેલા બધા જ નાના દીવાઓમાં સારી રીતે ઉજાસ ફેલાવે અને દીપથી દીપ પ્રગટ્યા કરે તેવી મારી હૃદયસ્પર્શી ઈચ્છા છે. નાના દીવાઓમાં એકતાની ભાવના પ્રગટ થાય અને ખૂબ સારા કામ કરી જ્ઞાતિનું નામ રાષ્ટ્રીય સ્તર પર રોશન થાય તેવી હર પલ પ્રભુને પ્રાર્થના કરૂં છું.

અસ્તુ.

**મનુભાઈ કોટડીયા**
**પ્રમુખ**

નરનારાયણ ફર્નિચર
નરનારાયણ જ્યુસ એન્ડ પાંઉભાજી
નરનારાયણ એન્ટરપ્રાઈઝ

કબાટ, ટી.વી., શોકેસ, સોફાસેટ, નીલકમલનું ફર્નિચર,
શરબતના બાટલા, ચીકુ જ્યુસ, મેંગો જ્યુસ, તેમજ
ઠંડાપીણા માઝા, કોકોકોલા, થમ્સઅપ તેમજ
દરેક પ્રકારના ગોલા વિગેરે....

ગાડીઓના ફાઈનાન્સ માટે મળો

પ્રો. મોહનલાલ ભગવાનજી સોની (લહેરીભાઈ)
કેતન મોહનલાલ સોની
પરેશ મોહનલાલ સોની
ફોન : ૯૮૨૫૯ ૯૧૫૯૮, ૯૮૨૫૯ ૫૭૫૭૭
(ઓ) ૨૨૨૫૩૦, ૨૨૨૫૯૮
વથાણ ચોક, નખત્રાણા, કચ્છ.

નરનારાયણ જ્યુસ પાઠવે છે...
નવા વર્ષની શુભકામના.



# SETU # 2ND PROOF # 20

# માનદ્ મંત્રીની મેજ પરથી....

આપણે જાણીએ છીએ કે સમજુ લોકો માટે જીંદગી જ એક ઉત્સવ છે. જીંદગી જ એક તહેવાર છે. આપણે કોઈ એક દિવસને તહેવાર તરીકે જોઈએ પણ જીંદગીને જ એક પર્વ તરીકે નીરખતા નથી. જીંદગીને હકારાત્મક વલણથી વધાવીએ તો જીંદગીનો હર દિન દીપાવલી બની શકે.

આપણા સમાજ માટે ગત વર્ષ ઐતિહાસિક પહેલનો વર્ષ રહ્યો અને મહામંડળની રચનાથી ભાવિ માટે પ્રગતિ અને વિકાસની નવી આશા બંધાઈ છે. વિવિધ જ્ઞાતિ સંસ્થાઓ સ્થાનિક રીતે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરી જ્ઞાતિ ભાવનાને સુદૃઢ કરી રહેલ છે. સેતુ મારફતે વિવિધ પ્રાંતોમાં વસતાં જ્ઞાતિજનો ઐક્યનો અનુભવ કરતા થયા છે. જે વિશેષ આનંદની વાત છે.

અમદાવાદ જ્ઞાતિ દ્વારા ગત વર્ષમાં મેડિકલ રાહત ફંડ, મેડિકલ હેલ્પ લાઈન, એજ્યુકેશન હેલ્પ લાઈન, ફ્રી નોટબુક વિતરણ જેવી વિવિધ યોજના હેઠળ વિશેષ કામગીરી થઈ. જ્ઞાતિના દાતાઓના, કાર્યકરોના સહકારથી સર્વે કાર્યો શક્ય બન્યા છે.

અમદાવાદની પ્રમાણમાં અલ્પ જન સંખ્યા ધરાવતી જ્ઞાતિ માટે સમગ્ર જ્ઞાતિના મુખપત્ર સમ 'જ્ઞાતિસેતુ'નું પ્રકાશન પડકાર રૂપ કાર્ય છે. ગત વર્ષ દરમિયાન દીપોત્સવી અંક, ભુજ મંદિરના બે વિશેષાંક સહિત અંકોનું નિયમિત પ્રકાશન થયું તે માટે સર્વે વિજ્ઞાપન દાતાઓ, લવાજમ દાતાઓ, સેતુના માનદ્ પ્રતિનિધિઓ તથા સેતુમાં કલમ દ્વારા યોગદાન આપનાર સર્વેના અમો આભારી છીએ.

અમદાવાદ ખાતે આગામી ૫મી નવેમ્બર, ૨૦૦૬ના રોજ જ્ઞાતિનો નૂતન વર્ષ સ્નેહ મિલન યોજાશે. આ પ્રસંગે શ્રી અખિલ ભારત મારૂ કંસારા સોની જ્ઞાતિ મહામંડળના નવનિયુક્ત પ્રમુખ શ્રી પ્રભુદાસ ખેતશી સોની (ભુજ)નું અમદાવાદ જ્ઞાતિ દ્વારા જાહેર સન્માન કરવામાં આવશે.

સમસ્ત જ્ઞાતિ પરિવારો માટે આગામી નવું વર્ષ મંગલકારી નીવડે તેવી શુભકામના.

સર્વે જ્ઞાતિ સંસ્થાઓ નૂતન વર્ષમાં જ્ઞાતિ ઉપયોગી વિકાસના કાર્યો સવિશેષ ઉત્સાહપૂર્વક પાર પાડે તેવી શુભેચ્છા.

*અતુલ સોની - અમદાવાદ*

# "ભુજ મધ્યે આરંભાયુ મહામંડળનું ચણતર"

શ્રી સાબરકાંઠા મારૂ કંસારા સોની જ્ઞાતિ દ્વારા ગત તા. ૨૨/૨૩ જુલાઈએ ખેડબ્રહ્મા મધ્યે આયોજીત 'ચિંતન શિબિર'ના પરિપાકરૂપે નિર્માણ પામેલ 'શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ'ના મહામંડળ "શ્રી અખિલ ભારત કચ્છ મારૂ કંસારા સોની જ્ઞાતિ મહામંડળ"ના પ્રમુખ શ્રી પ્રભુદાસભાઈ ખેતશીભાઈ ગુજરાતીનાં નેજા હેઠળ, ઍડહોક કમિટીના અંદાજે ૩૫ સભ્યોની બેઠક 'સોની ખેતશી ખેંગાર સ્મૃતિ પાર્ક', ભુજ મધ્યે તા. ૨૯ ઓક્ટોબર, રવિવારનાં રોજ મળેલ હતી.

આ બેઠક અંતર્ગત પ્રસ્તાવિત બંધારણને મંજૂર કરવા, મહાઅધિવેશન બોલાવવા અંગે તારીખ નક્કી કરી મહામંડળને અસ્તિત્વમાં લાવવા તથા મહામંડળનાં ટ્રસ્ટીગણ - હોદ્દેદારોની નિમણુંક કરવા અંગે કાર્યવાહી હાથ ધરાઈ હતી.

આ ઉપરાંત મહામંડળનું ઉચિત નામકરણ, મહામંડળ અંતર્ગત સભ્યપદોની નિમણુંક, સામાન્ય સભાનું નિર્માણ તથા તેના સભ્યોની સંખ્યા નિયત કરવા અંગે પણ કાર્યવાહી કરવામાં આવી હતી.

ઉપસ્થિત સભ્યોએ આપેલ મંતવ્યો અને રજૂઆતોને સમાવિષ્ટ કર્યા બાદ "શ્રી અખિલ ભારતીય મારૂ કંસારા સોની જ્ઞાતિ મહામંડળ" નામે પ્રસ્તાવિત બંધારણને પારીત કર્યા બાદ ઍડહોક સમિતિનું વિસર્જન થયું હતું અને મહામંડળ પ્રમુખ શ્રી પ્રભુદાસભાઈ ખેતશીભાઈ ગુજરાતીએ ૧૩ હોદ્દેદારોનાં નામો જાહેર કર્યા હતા જેઓનું મહા અધિવેશન દરમ્યાન હોદ્દો નિયત કરવામાં આવશે. આ અંતર્ગત શ્રી શૈલેષભાઈ હંસરાજભાઈ કંસારા, શ્રી અતુલભાઈ શંકરલાલ સોની, શ્રી ચંદ્રકાંતભાઈ જટુભાઈ ચનાણી, શ્રી સુનીલભાઈ માધવજીભાઈ પોમલ, શ્રી હરિલાલભાઈ લખમશીભાઈ વિસા પરમાર, શ્રી કાંતિલાલભાઈ વી. હેડાઉ, શ્રી ચુનીલાલભાઈ એમ. પોમલ, શ્રી ભરતભાઈ બગ્ગા, શ્રી પ્રેમજીભાઈ કેશવજીભાઈ સોલંકી, શ્રી નીતિનભાઈ કટ્ટા, શ્રી પ્રકાશભાઈ ભગતલાલ બારમેડા, શ્રી હીરાલાલભાઈ બગ્ગા, શ્રી રસીકભાઈ મહીચાની નિમણુંક નિયત કરવામાં આવી હતી.

આગામી તા. ૧૩ ડિસેમ્બર, બુધવારનાં રોજ ભુજ મધ્યે મહાઅધિવેશનનું આયોજન નિયત કરવામાં આવેલ છે. જે અંતર્ગત મહામંડળના હોદ્દેદારો, ટ્રસ્ટીગણ તથા સભ્યોની ઔપચારીક નિમણુંક કરવામાં આવશે.

*– એકતા કટ્ટા*

## સુભાષિત

### ચિંતન

*"શ્વૈર્યં યસ્ય પિતા, ક્ષમા ચ જનની, શાન્તિ ચિરં ગોહિનીમ્ ।*
*સત્યં સૂરચમ્ દયા ચ ભગિની, ભ્રાતા મનોસંયમ્ ॥*
*શય્યા ભૂમિ તલમ્, દિશોપી વસનમ્, જ્ઞાનામૃતમ્ ભોજનમ્ ।*
*ઐતે યસ્ય કુટુમ્બીજનો, યત્ સખો કશમદ્ ભયં યોગિનો ?!!"*

"ધૈર્ય જેનાં પિતા હોય, ક્ષમા જેમની માતા હોય, શાંતિ જેમની સદા સાથ નિભાવનાર પત્નિ હોય, સત્ય, સુદૃષ્ટિ, દયા, મનનું સંયમ જેમના ભાઈ-બહેન હોય, ધરતી જેમની શયન શય્યા હોય, ચારેય દિશાઓ જેમના વસવાટનું સ્થાન (ઘર) હોય અને જ્ઞાનરૂપી અમૃત જેમનું ભોજન હોય, આવા કુટુંબીજનો - આપ્તજન જેમના હોય તેવા યોગી પુરૂષોને આ સૃષ્ટિમાં ભય કેવો?"

આધુનિક કાળમાં કોઈપણ ક્ષેત્રે સફળતા મેળવવા આપણે શંકાશીલ કે ભયગ્રસ્ત હોઈએ છીએ ત્યારે ઉપરોક્ત સુભાષિત 'અભયત્વ' અપાવવા સર્વશ્રેષ્ઠ સાધન બનનાર ગુણોને પ્રકટ કરે છે. ધીરજ, જતું કરવાની તૈયારી, શાંત અને ગંભીર ચિત્રવાળી ઊંડી વિચારશક્તિ, વાસ્તવિક્તાની પરખ, હકારાત્મક અને દીર્ઘ દૃષ્ટિકોણ, સપ્રમાણ લાગણીશીલ સ્વભાવ, ઈચ્છાઓ અને આવશ્યકતાઓ ઉપર સ્વ-નિયંત્રણ, ગમે તેવી કઠીન પરિસ્થિતિમાં લક્ષ્યની સ્થિરતા સાથે માનસિક સમતોલન, જીવનનાં પ્રત્યેક પાસાઓનાં વિકાસની લગન, અને સંપૂર્ણ જ્ઞાનની સિદ્ધિની ભૂખ જ અંતિમ લક્ષ્ય હોય તો કોઈપણ પ્રકારનાં ભયથી મુક્ત રહી, સફળતાનાં શિખરે પહોંચી શકાય.

ઉપરોક્ત એક-એક ગુણ આપણે મેળવી જીવનમાં નિર્ભયપણે પ્રત્યેક સફળતા હાંસિલ કરીએ તેવી 'નૂતન વર્ષારંભે' અભ્યર્થના....

***(અંજાર જ્ઞાતિનાં માજી પ્રમુખ શ્રીશામજીભાઈ ગાંગજીભાઈ મૈયા એ સમજાવેલ સુભાષિતનાં આધારે)***

***કુ.એકતા કટ્ટા.***

---

### મુક્તક

***"જીવનના ખેડુને વાવણી મુબારક***
***સૌને સૌના સુખ મુબારક પણ,***
***હા 'જીનલ'ના સ્વીકારજો સાલ મુબારક,***
***સાલ મુબારક"***

***કુ. જીનલ પી.સોલંકી નાગલપુર, માંડવી કચ્છ***

## મન....!!!!!

આકાશમાં ઉડતા પંખી માટે આ આકાશ અનંત છે પણ માત્ર આકાશ જ છે તેને વિહરવા માટે. આઝાદીનો પર્યાય આપવો હોય તો પંખી છે એમ કહેવું છે....પણ નથી કહી શકતી....

વિશાળ ગગનમાં ઉડતો પંખી ગગન પર જ આઝાદી માણે છે, ને પાણીમાં રહેતી માછલી, ભલે વિશાળ સાગરમાં હોય પણ સાગરમાં જ રહે છે. જ્યારે આ માનવ મન....!!!!! ધરતી પર વસીને આકાશમાં ઉડે છે, પાણીમાં તરે છે તો ક્યારેક પાતાળને ચૂમે છે, કલ્પનાઓની એવી દુનિયાને માણે છે કે સંધ્યાના રંગોમાં ઉષાના રંગોને પામે છે...વિચારોથી તો બ્રહ્માંડ માણે છે. કેવું નાનુ મન.. ને..???!!!! રચનાઓના હુન્નરમાં તો ઈશ્વરને કે ઈશ્વરની બનાવેલી આ સૃષ્ટિને શબ્દોમાં સજાવી દે છે, સાગરમાં બુંદો નથી એટલી, જેટલી રચનાઓ માનવ અને શબ્દોની કરી છે, આવો આઝાદ મન એક કવિ સિવાય કોનો હોય?

કવિ મન એ આઝાદ છે... કોઈ દિશાના એને માટે બંધન નથી. એના વિચારોને તો સૂર્ય ડુબવાનો ભય નથી કે નથી પવનના તેજ જોકાનો ડર. ચાંદની રાત હોય કે અમાવસની, શબ્દોથી તેને પણ સલામ કરે છે, આ કવિનું મન. વાત જ્યારે થઈ રહી છે કવિ વિશે તો મને કવિ 'મનોહરસિંહ જાડેજા'ની "કલ્પનાના વાટે"માંથી અમુક પંક્તિ યાદ આવી ગઈ....

***સુખને હૃદય રસમાં વિરામ આપુ છું,***
***પરિચયને વિસ્મૃતિમાં રખે ફેરવી નાખે***
***વિષાદોના કલરવને નિશાન આપુ છું,***
***વ્યાખ્યા આ વિશ્વની ઉધ્ધારકો આપશે જુદી,***
***પ્રણયના ઉભય-પટમાં જહાન આપુ છું,***
***પયગામ ભાવુકોના વમળમાં છે વીંટેલા,***
***ઝુકાવો નાવ મઝધારે યકિન આપુ છું,***
***ખીઝાઓ શોધથી જુઓ રવિ મિજાજ આપુ છું,***
***ને હોશે બહારોને આખરી સલામ આપુ છું.***

ચપટી રાખ જેટલા સ્મરણોથી શબ્દોના પહાડ બનાવી શકતું આ મન કેટલુ કલ્પનાશીલ છે??? એ કહેવું તો શક્ય જ નથી, મારે કહેવાની ઈચ્છા થાય તો માત્ર એટલુ જ કહીશ કે...

***અર્પણ કરુ છું મારા શબ્દોથી મારી લાગણીને.***
***આ શ્વેત પત્ર પર લાલ શાહીથી સજાવીને***

***શ્રીમતી બીના સમીર કંસારા - ભુજ***

## "મારે મન પ્રાર્થના...."

પ્રાર્થના એ સર્વ સિદ્ધિઓની પ્રથમ પગથી છે. તેથી રોજનીશીમાં તે પ્રથમ ક્રમે છે. દિનચર્યાનો પ્રારંભ પ્રાર્થનાથી થતાં દિવસ સરળ બને છે.

નિંદ્રામાં માનવ મૃતક સમાન હોય છે. તેને જાગૃતિ બક્ષનાર ઈશ્વરને વંદન કરતાં જાગૃતિ સ્વીકારવી તે પ્રથમ પ્રાર્થના. દૈનિક કાર્યક્રમોની સાથે અનિવાર્યરૂપે થતી પ્રાર્થના ઈશ્વરની પ્રત્યક્ષતાની અનુભૂતિ કરાવે છે અને ઈષ્ટ-દેવીઓનાં સ્વરૂપે તેનું સાન્નિધ્ય પ્રાપ્ત થાય છે. દૈનિક કાર્યક્રમોમાં પ્રાર્થનાનાં ત્રણ સમય છે, જેને ઋષિ-મુનિઓએ ત્રિસંધ્યા નામ આપ્યું છે. (૧) સવારનાં જાગતાંની સાથે જ, (૨) ઢળતી બપોર (સંધ્યા સમયે), (૩) રાત્રે સૂતી વખતે. આ ત્રણેય સમયે આજની હાર્ડ એન્ડ ફાસ્ટ લાઈફમાં પણ ટાઈમ-ટેબલ પ્રમાણે પણ અંતરનાં ઊંડાણથી, જ્યાં પણ હોઈએ ત્યાંથી પણ પ્રાર્થના સંભવ થઈ શકે છે.

આપણા જે પણ શ્રદ્ધેય છે તેમની પાસે નમ્રભાવે, બાળક જેવી નિર્દોષતા-નિખાલસતાથી સમર્પણભાવે થતી પ્રાર્થના આત્માને શાંતિ અને સ્થિરતા બક્ષે છે. અવનવા વૈચારિક પ્રવાહોમાં તણાતું મન સ્થિર બને છે અને જીવનમાં જે છે તેને સહેલાઈથી સ્વીકારવાનું આત્મબળ પ્રાપ્ત થાય છે. જેથી અશક્યને પણ શક્ય કરવું સંભવ બને છે.

પ્રાર્થના શબ્દ-ભાષા, લય-તાલ-સંગીતનાં અવલંબન કરતાં 'અહમ'નું સર્મપણ થતાં અંતરના ઉદ્ગારોનાં આધારે જ ફળદ્રુપ બને છે. પ્રાર્થના ભાવસભર શબ્દો અવળા-સવળા પણ પ્રભુને મંજૂર છે, પણ દૃઢ શ્રદ્ધા, વિશ્વાસ અને અડગ નિયમ એ પ્રાર્થનાનો મુખ્ય પાયો છે. પ્રાર્થના આપણા અંતર સાથેની ગોષ્ઠિ છે. તેનાં દ્વારા મન શુદ્ધિ થાય છે અને શાંતિ ત્યાં સંતોષની પરિભાષા સમજાય છે.

"કીડીને કણ, હાથીને મણ, અન્ન તણાં દાતાર." ઉક્તિ સિદ્ધ કરે છે કે ઈશ્વર કર્મ, જરૂરિયાત, ક્ષમતા પ્રમાણે બધાં જ નું નિર્વાહ કરે છે. તો તેની પાસે શું માંગવું? પણ, જે ઈશ્વર આપણું સતત ધ્યાન રાખે છે તેનાં માટે ૨૪ કલાકમાંથી થોડો પણ સમય પ્રાર્થના માટે નિયમિત કાઢી તેની સાથે તાદાત્મય ન સાધી શકાય?

સૃષ્ટિનાં પ્રત્યેક સર્જનને પ્રેમ કરવો એ પણ એક પ્રકારની પ્રાર્થના જ છે. સૃષ્ટિનાં સર્જનહારની સમીપ રહેવાનું સાધન છે. પ્રાર્થના એ પ્રેમ દેવાનું અને પ્રેમ લેવાનું સાધન છે. આત્માનાં શુદ્ધ પ્રેમથી થતી પ્રાર્થનાનું મૂલ્ય પ્રભુ અચૂક મૂલવે છે.

*જયાબેન કે.બુદ્ધભટ્ટી - અંજાર (કચ્છ)*

*With Best Compliments*

Kishor Soni
Nilesh Soni

Tel : 02832-209542
M. : 94262 17787

**M/s. Jagdishchandra Dayaram & Bros.**

**Dealers in Gold & Silver Ornaments**

Shroff Bazar, Bhuj-Kutch. 370 001
Tel : (02832) O.250191 R.225821

## શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિના
## સમસ્ત જ્ઞાતિજનોને
## નૂતન વર્ષાભિનંદન....

# શ્રી માંડવી મારૂ કંસારા સોની જ્ઞાતિ

## માંડવી-કચ્છ

***હોદ્દેદારો તથા કારોબારી સભ્યોશ્રી***

| | |
|---|---|
| વિનોદ વી. હેડાઉ | પ્રમુખશ્રી |
| રમેશ વી. બીજલાણી | મંત્રીશ્રી |
| હરેશ એન. બારમેડા | સહમંત્રીશ્રી |
| સુરેશ પી. સોલંકી | ખજાનચીશ્રી |
| ચંદુલાલ વી. બીજલાણી | કા. સભ્યશ્રી |
| પ્રવીણ એલ સોલંકી | કા. સભ્યશ્રી |
| ચેતન ડી. કુવાડીયા | કા. સભ્યશ્રી |
| કિશોર એસ. સોલંકી | કા. સભ્યશ્રી |

# SETU # 2ND PROOF # 30

# શ્રી અખિલ કચ્છ સમસ્ત મારૂ કંસારા સોની સમાજ ઉત્કર્ષ મંડળ

## શરદોત્સવ-૨૦૦૬

શ્રી અખિલ કચ્છ સમસ્ત મારૂ કંસારા સોની સમાજ ઉત્કર્ષ મંડળ, સહિયર જાગૃતિ મહિલા મંડળ તથા મારૂ કંસારા સોની જ્ઞાતિ માંડવી-કચ્છના સંયુક્ત ઉપક્રમે શરદ મહોત્સવ ૨૦૦૬ અંતર્ગત માંડવી કચ્છ મધ્યે શનિવાર તા. ૭-૧૦-ના રોજ દાંડિયા રાસ અને ગરબા હરિફાઈનું ભવ્ય આયોજન શ્રી અખિલ ભારતીય મારૂ કંસારા સોની જ્ઞાતિ મહામંડળના કાર્યકારી પ્રમુખ શ્રી પ્રભુદાસભાઈ ખેતશી સોનીના અધ્યક્ષ સ્થાને કરવામાં આવેલ.

કાર્યક્રમના આરંભે દીપ પ્રાગટ્ય બાદ માંડવી જ્ઞાતિના પ્રમુખ શ્રી વિનોદભાઈ હેડાઉ અને કન્વીનર સુરેશભાઈ પ્રાગજી સોલંકી તથા કારોબારી સભ્યો ઉ.પ્રમુખ શ્રી રમેશભાઈ સોલંકી, મંત્રીશ્રી રમેશભાઈ બીજલાણી, સહમંત્રીશ્રી હરેશભાઈ નેણશી, ખજાનચી શ્રી સુરેશભાઈ સોલંકી, ચંદુલાલભાઈ, શ્રી પ્રવીણભાઈ સોલંકી, શ્રી ચેતનભાઈ કુવાડીયા, શ્રી સંજયભાઈ બારમેડા, શ્રી રાજેશ રતિલાલ બુધ્ધાભટ્ટી, શ્રી કિશોરભાઈ તથા પૂર્વ પ્રમુખશ્રી શીવલાલભાઈએ પધારેલા અતિથિઓનું પુષ્પગચ્છથી સ્વાગત કરેલ. ઉત્કર્ષ મંડળના પ્રમુખ શ્રી ભરતભાઈ સોનીએ મંડળ દ્વારા ચાલતી શૈક્ષણિક, સામાજિક સાંસ્કૃતિક અને આરોગ્ય વિષયક પ્રવૃત્તિઓની માહિતી આપેલ. મંત્રી શ્રી પ્રકાશભાઈ સોનીએ આવા કાર્યક્રમોના આયોજનના હેતુ પાછળનો ઉદ્દેશ સ્પષ્ટ કરતાં જણાવેલ કે, જ્ઞાતિના યુવક-યુવતીઓની આંતરિક શક્તિઓને ખીલવવા માટે આવા કાર્યક્રમ ઉત્તમ પ્લેટફોર્મની ગરજ સારે છે. વૈચારિક આદાન પ્રદાન સાથે સાથે સંગઠનની શક્તિ અને બંધુત્વની ભાવના વિસ્તરે છે.









સંગીત સંધ્યાના આરંભે માંડવીના દયાબેન બીજલાણીની ટીમે ''દેશદેવી'' ગરબો પ્રસ્તૃત કરેલ. ભુજ જ્ઞાતિ મહિલા મંડળના મૌસમી કંસારાની ટીમે ''તને જાતા જોઈ પનઘટની વાટે...'' ગીતની રજુઆતે શ્રોતાઓને મંત્રમુગ્ધ કરી દીધા હતા, તો, ''દુધડા લ્યો, ગામડેથી આવી હું તો, દુધડા લ્યો''ની પ્રસ્તુતિ માડંવીની નાની બાલિકાઓએ આકર્ષક વસ્ત્ર પરિધાનમાં કરી શ્રોતાઓની વાહ વાહ મેળવી હતી. આ ઉપરાંત કચ્છના અંતરિયાળ વિસ્તારમાંથી આવેલ યુવક યુવતિઓએ વૈવિધ્યસભર ગીત-સંગીતની આઈટમો રજૂ કરી પોતાની શક્તિનો પરિચય આપ્યો હતો. નિર્ણાયકો તરીકે શ્રી કાંતિભાઈ કટ્ટા, બીનાબેન સોની અને મિત્તલ સોનીએ સેવા આપેલ.

માંડવી જ્ઞાતિના પૂર્વ ઉપપ્રમુખશ્રી સંજયભાઈ મનસુખલાલ બુધ્ધભટ્ટીએ સિકંદ્રાબાદથી મોબાઈલ ફોન દ્વારા શુભેચ્છા સહ પ્રોગામની આછેરી ઝલક સાંભળી હતી.

વિજેતા સ્પર્ધકોને સમારંભના અધ્યક્ષના હસ્તે ઈનામ વિતરણ કરવામાં આવેલ

આ કાર્યક્રમના અતિથિ વિશેષપદે ભુજ જ્ઞાતિના પ્રમુખ શ્રી અમૃતલાલભાઈ સોલંકી, અમદાવાદના શ્રી મનુભાઈ કોટડીયા, અંજાર જ્ઞાતિના પ્રમુખ શ્રી શિવલાલ શામજી મૈચા, નખત્રાણાના અગ્રણી શ્રી હેમેન્દ્રભાઈ કંસારા, રવાપર જ્ઞાતિ પ્રમુખશ્રી વિનોદભાઈ કટ્ટા તથા જ્ઞાતિ મેગેઝિન ''સેતુ''ના સહતંત્રી શ્રી અતુલભાઈ સોનીએ કચ્છના છેવાડાના વિસ્તારના તટીય શહેરમાં કાર્યક્રમના સુંદર આયોજન બદલ આયોજકોને અભિનંદન આપેલ. કાર્યક્રમનું સંચાલન શ્રી સમીરભાઈ કંસારાએ કરેલ હતું.

શ્રી પ્રદિપભાઈ ચનાણી તથા હનીટ્યુન ઓરેકેસ્ટ્રાએ સ્પર્ધકો તેમજ શ્રોતા વર્ગને વૈવિધ્યસભર ધૂનોની રસલ્હાણી કરી આનંદ વિભોર કરી મૂકેલ.

# SETU # 2ND PROOF # 30

With Best Compliments
સોની ધીરજભાઈ



# સોની અશ્વિન ગોરધનદાસ

**સોના-ચાંદીના દાગીનાનાં વેપારી**

મુરલી મનોહર મંદિર પાસે,
જુનાવાસ, ગઢશીશા, તા. માંડવી (કચ્છ)
ફોન : (ઓ) (૦૨૮૩૪) ૮૨૦૦૬
મોબાઈલ : ૯૮૨૫૮ ૫૭૮૪૬

With Best Compliments

| | |
|---|---|
| **Vishal A. Pomal,** B.Com., LL.B. | M. : 9849333741 |
| **Manish A. Pomal,** B.Com., M.B.A. | M. : 9848967546 |
| **Soni Ashok Kumar** Chhaganlal | M. : 9898479867 |

# ASHOK KUMAR & SONS JEWELLERS

**GOLD SILVER DIAMOND & PEARLS**
**WE ACCEPTS ALL THE CREDIT CARDS**

● **ADDRESS** ●
3-3-157/158, Subhash Road, Secunderabad (A.P.) PIN : 500 003.
**Phone : 040-40025600, 040-27812756 Residence : 040-27757375**
**E-mail : vishalpomal@yahoo.com**
**m_pomal_786@yahoo.com**

# શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ - ભુજ




**સમારોહનું દીપ પ્રાગટ્ય કરતાં સમારોહ પ્રમુખ શ્રી પ્રભુદાસભાઈ. સાથે ડાબેથી પ્રદીપભાઈ ચૌહાણ, ભુજ લાયન્સ પ્રમુખ શ્રી ધર્મેન્દ્રભાઈ બારમેડા, કચ્છમિત્ર મેનેજર શ્રી શૈલેષભાઈ કંસારા, ભુજ જ્ઞાતિ પ્રમુખ અમૃતલાલભાઈ, અગ્રણી વેપારી પ્રાણલાલભાઈ સોની, માંડવી જ્ઞાતિ પ્રમુખ વિનોદભાઈ હેડાઉ, નખત્રાણા જ્ઞાતિ પ્રમુખ હિંમતભાઈ બગ્ગા**

શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ દ્વારા વર્ષ ૨૦૦૫-૦૬માં ઉત્તીર્ણ થયેલા જ્ઞાતના તેજસ્વી વિદ્યાર્થીઓને સન્માનવા 'સરસ્વતી સન્માન સમારોહ'નું આયોજન લોહાણા મહાજન વાડી, ભુજ ખાતે તા. ૨૭-૮-૦૬ના રોજ થયું. સમારોહના અધ્યક્ષપદે શ્રી પ્રભુદાસ ખેતશી ગુજરાતી તથા અતિથિ વિશેષપદે શ્રી ધર્મેન્દ્રભાઈ ઓધવજી બારમેડા, શ્રી રાજેશભાઈ વિઠ્ઠલદાસ કોટડીયા, શ્રી શૈલેષભાઈ હંસરાજ કંસારા, શ્રી મોતીલાલ દેવકરણ બુધ્ધભટ્ટી તેમજ વેલુબેન બુધ્ધભટ્ટી, જયશ્રીબેન પરમાર, શારદાબેન પોમલ, શ્રી પ્રાણલાલભાઈ સોલંકી, શ્રી પ્રદીપભાઈ ચૌહાણ અને અંજાર જ્ઞાતિ પ્રમુખ શીવલાલભાઈ, માંડવી જ્ઞાતિ પ્રમુખ શ્રી વિનોદભાઈ, નખત્રાણા જ્ઞાતિ પ્રમુખ શ્રી હિંમતભાઈ તેમના કારોબારી સભ્યો સહિત ઉપસ્થિત રહેલ.



**'અખિલ ભારત મારૂ કંસારા સોની જ્ઞાતિ મહામંડળ'ના પ્રમુખપદે વરણી બદલ શ્રી પ્રભુદાસભાઈ ખેતશી ગુજરાતીનું સન્માન કરતા ભુજ જ્ઞાતિ પ્રમુખ શ્રી અમૃતલાલભાઈ જે. સોલંકી**

કાર્યક્રમની શરૂઆત કુ. પ્રિતી જગદીશ ચૌહાણ એ સ્વાગત ગીતથી કરેલ. બાદમાં સમારોહના અધ્યક્ષ, જ્ઞાતિ પ્રમુખ તેમજ અતિથિ વિશેષના વરદ્ હસ્તે દીપ પ્રાગટય કરવામાં આવેલ. ત્યારબાદ મહેમાનોનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવેલ. સમારોહના કન્વીનર શ્રી ચેતનભાઈ બારમેડાએ શૈક્ષણિક અહેવાલ રજુ કરી આયોજન સંબંધી વિગતો જણાવેલ. "શૈક્ષણિક કાયમી ફંડ" મંત્રી શ્રીમુળજીભાઈ કટ્ટાએ વર્ષ-૨૦૦૬ના પુસ્તક વિતરણની માહિતી તેમજ પ્રોજેકટ સંબંધે વિશેષ છણાવટથી રજુઆત કરેલ.

આમંત્રિતોમાં શ્રી ધર્મેન્દ્રભાઈએ લાયન્સ કલબ, ભુજની વિવિધ પ્રવૃતિઓ અંગે માહિતી આપી અને જ્ઞાતિ માટે સદાય મદદરૂપ થવા ઓફર કરેલ.

શ્રી શૈલેષભાઈ કંસારાએ વિદ્યાર્થીઓને કોમ્પ્યુટરક્ષેત્રે વધુ ને વધુ આગળ આવવા જણાવેલ.

શ્રી પ્રાણલાલભાઈ સોલંકીએ જ્ઞાતિના બાળકો પ્રગત્તિના ઉચ્ચ શિખરો સર કરે તેવી શુભેચ્છા પાઠવી હતી.

માંડવી, નખત્રાણા અંજાર જ્ઞાતિ પ્રમુખઓએ જ્ઞાતિમાં સંગઠનની ભાવના વધુ મજબુત બને તેવી શુભેચ્છા વ્યક્ત કરેલ.

જ્ઞાતિ પ્રમુખ અમૃતલાલ સોલંકીએ જ્ઞાતિના ૧૬૦ તેજસ્વી વિદ્યાર્થીઓ જેઓ ખુબ જ ઉંચી ટકાવારી માર્કસ સાથે ઉત્તીર્ણ થયેલ, તમામની પ્રશંસા કરી ખુશી સાથે અભિનંદન પાઠવેલ. તેમજ તાજેતરમાં મંદિરોનું પુનઃનિર્માણ કાર્ય પુર્ણ થયેલ હોઈ તે પ્રસંગની "સ્મરણિકા" બુક પ્રસિધ્ધ કરવાની હોઈ આ કાર્યમાં સહયોગ આપવા જણાવેલ. વિશેષમાં જ્ઞાતિ માટે પીપળા ફળીયામાં પાર્ટી પ્લોટનું આયોજન કરેલ હોઈ લાગુની જમીન માટે ભાડા ઓફિસ પાસેથી પ્લોટ ખરીદવાનું નક્કી કરેલ છે. આ પ્લોટની કિંમત ચુકવી કોઈપણ જ્ઞાતિદાતાએ ભૂમિદાન કરવું હોય તો દિવસ પંદરમાં પોતાની ઓફર મુકવા જણાવેલ.

અંતમાં તમામ જ્ઞાતિજનો વિવિધક્ષેત્રે આગળ વધી જ્ઞાતિનું નામ રોશન કરે તેવી શુભકામના પાઠવેલ.

ઈનામ વિતરણની શરૂઆત ધોરણ ૧ થી ૯ ગુજરાતી મીડીયમ તથા ઈંગ્લીશ મિડીયમના જ્ઞાતિમાં ધો.૧ થી ૩ ક્રમાંકે આવનાર વિદ્યાર્થીઓને સન્માન પત્ર સાથે ઈનામો આપવામાં આવેલ.

ત્યારબાદ અભ્યાસની સાથે સાથે ઈતર પ્રવૃત્તિમાં ભાગ લઈ રાષ્ટ્રીય, રાજ્ય તેમજ જીલ્લા સ્તરે જ્ઞાતિનું નામ રોશન કરનાર ચેમ્પીયન વિદ્યાર્થીઓનું જ્ઞાતિ દ્વારા સન્માનપત્ર સાથે શિલ્ડ, મેડલ આપી શ્રી કિશોરભાઈ જટુભાઈ ચનાણીનાં હસ્તે સન્માન કરવામાં આવેલ.



'કચ્છમિત્ર'ના મેનેજરપદે નિયુક્તિ બદલ શ્રી શૈલેષભાઈ કંસારાનું સન્માન કરતા પ્રમુખ શ્રી અમૃતલાલભાઈ જે. સોલંકી

## સન્માનિત વિદ્યાર્થીઓ...

| | | | |
|---|---|---|---|
| ૧) | નિર્મલ વૃજલાલ સોલંકી | લોન ટેનીસ | જીલ્લા સ્તરે |
| ૨) | અંકિત નરેશભાઈ પરમાર | ગીટાર વાદન | જીલ્લા સ્તરે |
| ૩) | વૈદેહી કિશોરભાઈ ચૌહાણ | વોલીબોલ | રાજ્ય સ્તરે |
| ૪) | નીરા રાજેન્દ્ર ગુજરાતી | જુડો | રાજ્ય સ્તરે |
| ૫) | મેઘના સતીષભાઈ બગા | જુડો | રાજ્ય સ્તરે |
| ૬) | રિધ્ધી ગૌતમભાઈ મૈચા | હેન્ડ બોલ | રાષ્ટ્રીય સ્તરે |
| ૭) | કાર્તિક શીશીરભાઈ હેડાઉ | લોન ટેનીસ | જિલ્લા સ્તરે |
| ૮) | નીશા નરેશભાઈ બુધ્ધભટ્ટી | વોલીબોલ | રાષ્ટ્રીય સ્તરે |
| ૯) | બીનાબેન સમીરભાઈ | કંસારા જ્ઞાતિમાં પ્રથમ મહિલા વેચાણવેરાના વકીલ તરીકે | |
| ૧૦) | રૂદ્ર શીવલાલ બુધ્ધભટ્ટી | માસ્ટર ઓફ એન્જીનીયરીંગ (M.E.) | |

૧૧) જાગૃતિ પ્રકાશભાઈ મૈચા F.Y.B.B.A. યુનિ.માં પ્રથમ નંબરે

સંસ્થાઓમાં ઉચ્ચ હોદ્દા પર પદ શોભાવનાર જ્ઞાતિજનો

૧ : શ્રી ધર્મેન્દ્ર ઓધવજી બારમેડાનું લાયન્સ કલબ, ભુજના પ્રમુખપદે નિયુક્ત થવા બદલ તથા

૨ : શ્રી શૈલેષભાઈ હંસરાજ કંસારાનું "કચ્છમિત્ર"ના મેનેજર પદે નિયુક્ત થવા બદલ જ્ઞાતિ પ્રમુખ શ્રી અમૃતલાલ સોલંકીના હસ્તે શાલ ઓઢાડી-સન્માન પત્ર આપી સન્માન કરવામાં આવેલ

૩ : તાજેતરમાં ખેડબ્રહ્મા (સાબરકાંઠા) મુકામે યોજાયેલ ચિંતન શિબિરમાં દેશભરમાંથી વિશાળ સંખ્યામાં પધારેલ જ્ઞાતિ હોદ્દેદારોની ઉપસ્થિતીમાં સર્વાનુમતે રચાયેલ નવા મંડળ "અખિલ ભારત શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ મહામંડળ"ના ગૌરવવંતા પ્રમુખપદે શ્રી પ્રભુદાસભાઈ ખેતશી ગુજરાતીની વરણી થવા બદલ જ્ઞાતિ પ્રમુખ શ્રી અમૃતલાલ સોલંકીના વરદ્ હસ્તે શાલ ઓઢાડી તેમજ સન્માન પત્ર આપી સન્માનિત કરવામાં આવેલ. તે વખતે ઉપસ્થિત તમામ જ્ઞાતિજનોએ પોતાની સીટ પર ઉભા થઈ તેમનું બહુમાન કરેલ. ઉપરાંત કારોબારી સભ્યો શ્રી કિશોરભાઈ ચનાણી, શ્રી દિલીપભાઈ બગા, શ્રી નિતીનભાઈ હેડાઉ, ઈન્દુભાઈ સોલંકી, પ્રદીપભાઈ બિજલાણી, બીપીનભાઈ બુધ્ધભટ્ટી, ભરતભાઈ ચૌહાણ, કિશોરભાઈ ચૌહાણ, શિશિરભાઈ હેડાઉ, હસમુખભાઈ મૈચા, મુકેશભાઈ બારમેડા, મુરજીભાઈ કટ્ટા, લતાબેન સોલંકી, સુધાબેન બુધ્ધભટ્ટી વિગેરે તમામ સભ્યો ધ્વારા ફુલહારથી તેમજ યુવક મંડળ ભુજ પ્રમુખ શ્રી સુનીલભાઈ પોમલ દ્વારા શ્રી પ્રભુદાસભાઈનું શાલ ઓઢાડી વિશિષ્ટ સન્માન કરવામાં આવેલ.

બહુમાનથી સન્માનિત શ્રી પ્રભુદાસભાઈએ પ્રત્યુતરમાં જણાવેલ કે આપણા જ્ઞાતિજનોએ મારામાં વિશ્વાસ મુકીને આ ઉચ્ચ હોદા પર જવાબદારી સોંપેલ છે, તે બદલ સર્વેનો આભાર માની આ ભગીરથ જવાબદારીમાં મદદરૂપ થવા સર્વે જ્ઞાતિજનોને સહયોગ આપવા અપીલ કરેલ.

ભુજ જ્ઞાતિના તમામ વિકાસ કાર્યોમાં મદદરૂપ થવા તેમજ શૈક્ષણિક ક્ષેત્રે વિદ્યાર્થીઓને મળતી વિષેશ સહાયની કાર્યવાહીથી પ્રભાવિત થઈ તેમણે પોતાના તરફથી તમામ ક્ષેત્રે સહાયની ઓફર કરેલ. જેને જ્ઞાતિજનોએ તાળીઓના ગણાટથી વધાવેલ.

ત્યારબાદ લતાબેન સોલંકી દ્વારા મહિલા મંડળની પ્રવૃત્તિઓ વિશે માહિતી આપી અને મંડળ આયોજીત પરફ્યુમ, કુકીંગ કલાસના આયોજન બદલ કુ. સુધાબેન એ. બુધ્ધભટ્ટી તથા મડ-વર્ક કલાસના આયોજન બદલ ક્રિશ્ટાબેન બારમેડાને ભેટ આપી સન્માન કરવામાં આવેલ.

બાદમાં ધોરણ ૧૦ થી કોલેજ, ડિપ્લોમાના વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ કરવામાં આવેલ. જેમાં ૭૦ ટકા ઉપર માર્કસ મેળવનાર તમામ વિદ્યાર્થીઓને પણ પ્રોત્સાહિત ઈનામ આપવામાં આવેલ. આ ઈનામનું વિતરણ આમંત્રિતો તથા દાતાશ્રીઓના વરદ્ હસ્તે કરવામાં આવેલ.

# SETU # 2ND PROOF # 30

ધોરણ ૧ થી ૯ના તમામ ઉત્તીર્ણ થયેલ ૨૮૦ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત ઈનામોનું વિતરણ કરવામાં આવેલ.

ઈનામોના દાતાશ્રીઓમાં ધોરણ ૧ થી ૯ના તમામ ઈનામોના દાતા સ્વ. કાનજીભાઈ મીઠુભાઈ બગા પરિવાર હસ્તે દિલીપભાઈ બગા તથા સ્વ. મુરજી ચાંપશી ચૌહાણ પરિવાર હસ્તે ભરતભાઈ ચૌહાણ તેમજ ધોરણ ૧ થી ૧૨ ઇંગ્લીશ મિડીયમના ઈનામો સ્વ. લાડુબેન નરભેરામ સોલંકી હસ્તે પ્રાણલાલભાઈ સોલંકી, ધોરણ ૧૦ થી કોલેજ - ડિપ્લોમાના ઈનામો સ્વ. ખેતશી ખેંગાર ચેરીટેબલ ટ્રસ્ટ હસ્તે પ્રભુદાસભાઈ ગુજરાતી આપવામાં આવેલ. આ ઉપરાંત પ્રોત્સાહિત ઈનામો દાતા શ્રી વેલુબેન ગોવિંદજી બુધ્ધભટ્ટી, શ્રી ભૂપેન્દ્ર શીવજી બુધ્ધભટ્ટી, શ્રી બિપીન શીવજી બુધ્ધભટ્ટી, સ્વ. અમૃતલાલ વાલજી હેડાઉ પરીવાર, શ્રીમતી જયશ્રીબેન ભરતભાઈ પરમાર, સ્વ. દયારામ મનજી બુધ્ધભટ્ટી પરિવાર તરફથી આપવામાં આવેલ.



'લાયન્સ ક્લબ - ભુજ'ના ચેરમેનપદે નિયુક્તિ બદલ શ્રી ધર્મેન્દ્રભાઈ ઓધવજી બારમેડાનું સન્માન કરતા જ્ઞાતિ પ્રમુખ શ્રી અમૃતલાલભાઈ જે. સોલંકી

આ કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં જ્ઞાતિજનો ઉપસ્થિત રહેલા, તેઓએ ''શૈક્ષણિક કાયમી ફંડ''માં રૂ.૫૦,૦૦૦/- હજાર જેવી રકમની જાહેરાત થયેલ.

જ્ઞાતિ પ્રમુખશ્રી અમૃતલાલ સોલંકીના માર્ગદર્શન હેઠળ શિક્ષણ - સાંસ્કૃતિક સમિતિના કન્વીનર શ્રી ચેતનભાઈ ઈશ્વરલાલ બારમેડા, મંત્રી શ્રી ભરતભાઈ ચૌહાણ, કારોબારી મંત્રી શ્રી દિલીપભાઈ બગ્ગા, સભ્ય શ્રી કિશોરભાઈ ચનાણી, શ્રી નિતીનભાઈ હેડાઉ, શ્રી જેંતીભાઈ મૈચા, શ્રી સુનિલભાઈ પોમલ, હસમુખભાઈ મૈચા, મુકેશભાઈ બારમેડા, શ્રી પ્રદીપભાઈ બિજલાણી, શિક્ષણ સમિતિના સભ્ય ચંદ્રકાંત ચનાણી, મુરજીભાઈ કટ્ટા, હર્ષદ ધનજી, કિશોરભાઈ ચૌહાણ, ઈશ્વરલાલ હેડાઉ, શિશિરભાઈ હેડાઉ, મનસુખભાઈ બુધ્ધભટ્ટી વિગેરે સભ્યો ઉપરાંત જ્ઞાતિ કાર્યકરોના સહયોગ સાથે આયોજનને સફળ બનાવવા જહેમત ઉઠાવેલ.

કાર્યક્રમનું સંચાલન કન્વીનર શ્રી ચેતનભાઈ ઈશ્વરભાઈ બારમેડા તેમજ આભાર વિધિ મંત્રી શ્રી ભરતભાઈ ચૌહાણ ધ્વારા કરવામાં આવેલ.

*With Best Compliments*

**સોની ભરતકુમાર હિંમતલાલ (મો. ૯૯૨૫૨ ૩૬૩૦૭)**

**સોની હિંમતલાલ કાનજી**



**સોની હિંમતલાલ કાનજી**

**(ઢોરીવાલા)**

**સોના-ચાંદીના દાગીના બનાવનાર તથા વેચનાર**

કંસારા બજાર-ભુજ-કચ્છ.

**ફોન : ૨૨૦૭૮૯, ૨૫૧૦૪૩, (રહે.) ૨૫૧૪૦૩**

With Best Compliments

અરૂણ સોની • મો. ૯૮૨૫૯ ૭૬૫૧૦
ભરત સોની • મો. ૯૮૨૫૨ ૫૭૯૧૪

# મે. સોની માવજી શીવજી એન્ડ સન્સ




સોના ચાંદીના દાગીના
બનાવનાર તથા વેચનાર



ઠે. કંસારા બજાર, ભુજ - કચ્છ ૩૭૦ ૦૦૧.
ફોન : ૨૫૦૬૩૮

---

With Best Compliments



રમણીક સોની
જીંકલ સોની
ફોન : ૨૨૩૦૩૦



## જલારામ
મેટલ સ્ટોર્સ

વાસણ, સ્ટવ, કુકર, મિક્સર, ઈસ્ત્રી, પંખા, છાસ પલોણી, ગીફ્ટ આર્ટીકલ્સ આઈટમના હોલસેલ વેપારી

આશાપુરા ચોક, નખત્રાણા,
કચ્છ-૩૭૦ ૬૧૫.

---

With Best Compliments

|| Jai Jalaram ||

## Fun 'n' Food
(A.C. RESTAURANT)
Pure Veg.

PUNJABI, CHINESE,
SOUTH INDIAN, SNACKS ETC.

## SREYA GARDEN

Brijesh G. Thacker
M. 98253 39372

Opp. Deputy Collector Office,,
College Road, Nakhatrana, Kutch.
Ph. : 222442

# શ્રી મારૂ કંસારાં સોની જ્ઞાતિ - નખત્રાણા

## સરસ્વતી સન્માન સમારોહ

તા. ૧૬-૭-૦૬ રવિવારે નખત્રાણા સોની જ્ઞાતિમાં ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીઓનું સન્માન કરવા સોની સમાજવાડીમાં જ્ઞાતિ પ્રમુખશ્રી હિંમતભાઈ બી. બગ્ગાના પ્રમુખ સ્થાને સરસ્વતી સમારંભ યોજવામાં આવેલ. જેમાં ધોરણ શિશુ મંદિરથી ધો.૭ સુધી દરેક વિદ્યાર્થી ભાઈ-બહેનોને ઈનામો આપવામાં આવેલ. જ્યારે ધોરણ ૮ થી કોલેજ સ્તરે ૫૫ ટકાથી ઉપર માર્કસ મેળવેલ વિદ્યાર્થી ભાઈ બહેનોને જ્ઞાતિ તરફથી પુરસ્કારો આપવામાં આવેલ.

દીપ પ્રાગટ્ય : સોની જ્ઞાતિ પ્રમુખ શ્રી અમૃતલાલભાઈ સોલંકી, માંડવી સોની જ્ઞાતિ પ્રમુખ શ્રી વિનોદભાઈ હેડાઉ, નખત્રાણા સોની જ્ઞાતિ હિંમતભાઈ બી. બગ્ગા ગાંધીધામ સોની જ્ઞાતિ પ્રતિનિધિ, અંજાર સોની જ્ઞાતિ પ્રતિનિધિ રવજીભાઈ સાકરીયા, હરીભાઈ લખમશીભાઈ, હેમેન્દ્રભાઈ કંસારાના વરદ હસ્તે કરવામાં આવેલ C.A. PART-IIમાં અભ્યાસ કરી રહેલ મિત્તલબેન દિનેશભાઈ કટ્ટાને સ્વ. ઠાકરશી પરસોત્તમ કંસારા તરફથી મેડલ દ્વારા સન્માનિત કરવામાં આવેલ. ભુજ, અંજાર, માંડવી, ગાંધીધામ, વિથોણ, ગઢશીશા, વગેરે ગામોથી પધારેલ સોની જ્ઞાતિ પ્રતિનિધિ મંડળોનું સ્થાનિક અગ્રેસરો સોની ભોગીલાલ એચ. કટ્ટા, સોની અમૃતલાલભાઈ બગ્ગા, સોની દિનેશભાઈ બગ્ગા, સોની સુરેશભાઈ બગ્ગા, સોની રમેશભાઈ બગ્ગા દ્વારા સન્માન કરવામાં આવેલ.

જ્યારે ઇનામ વિતરણ બહારથી પધારેલ અગ્રણી મહેમાનો, સ્થાનિક અગ્રણીઓ તેમજ સમિતિના કાર્યકરોના હસ્તે કરવામાં આવેલ.

વક્તા ચંદ્રકાન્તભાઈ ચનાણી દ્વારા વિદ્યાર્થીઓને ભવિષ્યમાં શૈક્ષણિક ક્ષેત્રે પ્રોત્સાહન મળી રહે એવી કાયમી વ્યવસ્થા ગોઠવવા બાબતે ભાર મૂકવામાં આવેલ. સાંસ્કૃતિક કાર્યક્રમ કલ્પનાબેન કટ્ટા, નિર્મળાબેન સોલંકી દ્વારા તૈયાર કરવામાં આવેલ જ્યારે સાંસ્કૃતિક કાર્યક્રમનું સંચાલન હેતલબેન ગુજરાતી દ્વારા કરવામાં આવેલ. કાર્યક્રમને સફળ બનાવવા યુવક મંડળના પ્રમુખ શ્રી તરુણ બારમેડા, જયેશ કટ્ટા, પ્રકાશ કટ્ટા, ધીરજ બારમેડા, પ્રફુલભાઈ કંસારા, અનિલભાઈ સોલંકી, રમણીકભાઈ વી. સોની, જેઠુભાઈ એચ, જયેશ એમ. સોલંકી વગેરે દ્વારા જહેમત ઉઠાવવામાં આવેલ. સમગ્ર કાર્યક્રમોનું સંચાલન કિશોરભાઈ કોટડીયા દ્વારા કરવામાં આવેલ.

*પ્રકાશ પી. સોની (શંભુ) - નખત્રાણા (કચ્છ)*

**With Best Compliments**

***Kamlesh Bijlani***
Retail Finance Execu.
Mob. : 98255-55562

SWARAJ MAZDA

**R.M.E. WORKS**

Fafadih, RAIPUR (C.G.) 492001
Phone :0771-(O) 4092511,
2523511,2527811 Fax : 0771-2520911
Email : rme_works@yahoo.com

# શ્રી મારૂ કંસારાં સોની જ્ઞાતિ - અંજાર

## સરસ્વતી સન્માન સમારોહ

જ્ઞાતિના તેજસ્વી છાત્રોના સન્માનના કાર્યક્રમનું તા. ૬-૮-૦૬ના રોજ અંજાર રોટરી હોલ મધ્યે જ્ઞાતિના ગોરશ્રી પૂ. કનકચંદ્ર છગનલાલ વ્યાસ દ્વારા દીપ પ્રગટાવીને શુભ શરૂઆત કરવામાં આવી હતી.

આ પ્રસંગે શહેરના જ્ઞાતિ અગ્રણી શ્રી શામજીભાઈ ગાંગજી મૈચા, શ્રી હરિલાલ લખમશી વીસા પરમાર, શ્રી નવીનચંદ્ર નરોત્તમ, શ્રી મોહનલાલ રાઘવજી તથા ભુજ જ્ઞાતિ પ્રમુખ શ્રી અમૃતલાલભાઈ બુધ્ધભટ્ટી, શ્રી મુળજીભાઈ કટ્ટા, શ્રી દિલીપભાઈ બગ્ગા, હર્ષદભાઈ બુધ્ધિભટ્ટી યુવકમંડળના પ્રમુખશ્રી સુનિલભાઈ કંસારા તથા નખત્રાણાના જ્ઞાતિ ઉપપ્રમુખ શ્રી ભોગીલાલભાઈ, શ્રી હેમન્દ્રભાઈ કંસારા તથા અન્ય અગ્રણીઓ, તથા માંડવીના પ્રમુખશ્રી વિનોદભાઈ, શ્રી સુરેશભાઈ (મંત્રીશ્રી) વગેરેએ હાજર રહીને વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

આ પ્રસંગે જ્ઞાતિ પ્રમુખશ્રી શિવુભાઈ મૈચા તથા મંત્રીશ્રી દિનેશભાઈ સાકરીઆએ જ્ઞાતિના વિદ્યાર્થીઓને જ્ઞાતિનું નામ તથા પરિવારનું નામ રોશન કરવા અભ્યાસમાં મન લગાવીને જોડાવાનું સુચન કર્યું હતું.

આ સન્માન સમારોહમાં કારોબારી સભ્યોશ્રી ઉપપ્રમુખશ્રી ભરતભાઈ કંસારા, શશીકાંતભાઈ બારમેડા, ખજાનચીશ્રી પ્રકાશભાઈ બારમેડા, સહમંત્રીશ્રી ભરતભાઈ બુધ્ધભટ્ટી, શ્રી શાંતિલાલ હંસરાજભાઈ, શ્રી જગદીશભાઈ કંસારા શ્રી અતુલભાઈ બગ્ગા, શ્રી કમલભાઈ વિઠ્ઠલદાસ, શ્રી હસમુખભાઈ પોમલ કટ્ટા, શ્રી શૈલેષભાઈ પોમલ, શ્રી મહેશભાઈ, શ્રી હેમેન્દ્રભાઈ, શ્રી અનિલભાઈ તથા યુવકમંડળના પ્રમુખ શ્રી સતીશભાઈ બુધ્ધભટ્ટી, ઉપપ્રમુખશ્રી સચીનભાઈ, મંત્રીશ્રી સંદીપભાઈ બુધ્ધભટ્ટી તથા યુવક મંડળના સર્વે સભ્યોએ જહેમત ઉઠાવી હતી.

આ પ્રસંગે સાબરકાંઠા જીલ્લા પ્રમુખશ્રી પ્રેમજીભાઈ હાજર રહ્યા હતાં. સરસ્વતી સન્માન સમારોહ પૂર્ણ થયા પછી જ્ઞાતિના મૂકસેવક શ્રી જેંતીલાલભાઈ સાકરીયાના હાથની સ્વાદિષ્ટ રસોઈ તમામ જ્ઞાતિજનોએ સાથે મળીને માણીને છુટા પડ્યા હતાં. આ કાર્યક્રમનું સંચાલન કુ. એકતા હેમેન્દ્રભાઈ કટ્ટાએ કર્યું હતું.


With Best Compliments

निलेश एन. बुधभट्टी

**बुधभट्टी इंटरप्राईजेस**

**ऐ मेटल हाउस**

ब्रास, कोपर, गन मेटल हॉलो, ई.एन. स्टील, स्टेनलेस स्टील, रॉड, पाईप एवं फिटिंग्स एल्युमिनियम, एम.एस. ब्राईट रॉड, डाई स्टील (HCHC) एवं पट्टियों के थोक व चिल्हर विक्रेता

नरभेराम एन. बुधभट्टी

**बुधभट्टी**

**इंजीनीयरीग वर्कस**

चांदी व सोने के सिक्को की डाई एवं हेमर्स (CNC) मशीन द्वारा बनायें जाते हैं।

एम. जी. रोड, दादाबाड़ी लोहाबाड़ा के सामने, रायपुर (छ.ग.)
(0771) 2533311, 2537816 (ऑ), 2534422 (फैक्स), 2535311 (नि.)

# મહિલા વિભાગ – અંજાર

## આશ્વિન નવરાત્રિ તથા શરદ-પૂર્ણિમાની ઉજવણી

અંજાર મધ્યે શ્રીકાલિકા માતાજી મંદિરનાં પુનઃનિર્માણ કાર્ય બાદ નિત્ય નવિન આયોજનોનાં કેન્દ્ર સમા આ મંદિર મધ્યે, ગત બે વર્ષથી જ્ઞાતિની બહેનો માટે ઉત્સાહનું કેન્દ્ર બનેલ નવરાત્રીની ઉજવણીનો કાર્યક્રમ આ વર્ષે પણ વધુ નવીન આયોજન સાથે આયોજીત થયો.

તા.૨૩-૯-૨૦૦૬ થી ૨-૧૦-૨૦૦૬ સુધી દરરોજ સાંજે ૫-૦૦ થી ૭-૦૦ વાગ્યાની સમયાવધિમાં જ્ઞાતિની અંદાજે ૮૦ થી ૧૦૦ બહેનો માટે દેવી આરાધના, આનંદ અને ઐક્યની સમયાવધિ બની હતી. "વિશ્વંભરી અખિલ..." સ્તુતિથી પ્રારંભ થઈ, જ્ઞાતિનાં પ.પૂ. ગોરબાપા શ્રીકનકચંદ્ર છગનલાલ વ્યાસનાં વરદ્ હસ્તે "જય આદ્યશક્તિ..."ની આરતીથી સંપન્ન થતી દરરોજની આ ઉજવણી અંતર્ગત જ્ઞાતિની નાની બાળાઓથી માંડી દરેક ઉંમરની બહેનો પ્રથમવાર પરંપરાગત પ્રાચીન ગરબાઓ અને ત્યારબાદ આધુનિકતામાં સૂર પૂરાવતાં નોન-સ્ટોપ ગરબાઓ વડે ગુર્જર સંસ્કૃતિને પ્રકટ કરી હતી. અત્રે આ નોંધનીય બાબત છે કે પરંપરાગત ગરબા પ્રણાલી લુપ્તપ્રાય બની રહી છે ત્યારે અંજાર જ્ઞાતિની ૧૧-૧૨ વર્ષની વયની કુ. મીરા દિપકકુમાર છત્રાળા, કુ.આરતી બિહારીલાલ બારમેડા તથા કુ. નેહા ગિરીશભાઈ સોલંકીએ પરંપરાગત લય-ઢાળ સાથે ગરબાઓ ગાઈ બહેનોને રમાડવાનો સુંદર પ્રયાસ કર્યો હતો. હવનાષ્ટમીનાં દિવસે શ્રીકાલિકા માતાજી, શ્રીવાઘેશ્વરી માતાજી તથા શ્રીમહાલક્ષ્મી માતાજીને વાઘા ધરાવવાનું, દીપમાળા પ્રગટાવવાનું તથા એકવીસ-દિવાઓની આરતીનું આયોજન થયું હતું.

ગત વર્ષ મુજબ જ આ વર્ષે પણ પરંપરાગત 'વારા' પ્રણાલી અંતગત માતાજીની પ્રસાદીનાં પ્રતિક સ્વરૂપે 'સ્ટીલ ડબ્બા'નાં વિતરણનું આયોજન થયું હતું. જેમાં નામ નોંધાવી, એક નામ પેટે રૂા.૫૦/- આપવાનાં હતાં. જેનો અંદાજે ૭૦ બહેનો એ લાભ લીધો હતો.

શ્રીમતિ સુશીલાબેન કિરણભાઈ હેડાઉ, શ્રીમતિ પ્રવિણાબેન શિવલાલ મેવચા, શ્રીમતિ અલ્કા શશિકાંતભાઈ બારમેડા, શ્રીમતિ આશાબેન દિપકકુમાર છત્રાળા, ઈન્દુબેન નવિનચંદ્ર બારમેડા, શ્રીમતિ હેમલતાબેન જગદીશભાઈ પોમલ, શ્રીમતિ પિંકીબેન નિખિલકુમાર કટ્ટા, શ્રી જગદીશભાઈ હરિલાલભાઈ છત્રાળા તથા શ્રી કૈલાસભાઈ શંકરલાલ મૈચાએ આ આયોજન અંતર્ગત પ્રસાદીમાં સહયોગ આપ્યો હતો.

શ્રીમતિ પ્રવિણાબેન શિવલાલ મેવચા, શ્રીમતિ અલ્કાબેન શશીકાંતભાઈ બારમેડા તથા શ્રીમતિ શાન્તાબેન વિનોદકુમાર બારમેડાએ ગતવર્ષનાં આયોજનની બચતનો સુઘડ ઉપયોગ કરી માતાજીનાં વાઘા અને દિપમાળા પ્રગટાવવાનાં આયોજન માટે વિશેષ જહેમત ઉઠાવી હતી.

નવરાત્રીનાં અનુસંધાને શરદ-પૂર્ણિમાનાં ઉત્સવનું આયોજન તા.૭-૧૦-૨૦૦૬ના રોજ સાંજે ૫-૦૦ થી ૭-૦૦ દરમ્યાન, શ્રીકાલિકા માતાજી મંદિર મધ્યે કરવામાં આવ્યું હતું. જેમાં જ્ઞાતિની ૭૦ થી ૮૦ બહેનોએ ભાગ લીધો હતો. આ આયોજન અંતર્ગત રાસ-ગરબા તથા પરંપરાગત દૂધ-પૌંઆની પ્રસાદી દ્વારા ઉજવણીની સાથે-સાથે માતાજીની પ્રસાદીનાં પ્રતિક સ્ટીક-ડબ્બાનું વિતરણ કરવામાં આવ્યું હતું. શ્રીમતિ ઈન્દુબેન કાંતિલાલભાઈ બુધ્ધભટ્ટી અને શ્રીમતિ ચંદ્રિકાબેન નવિનચંદ્ર બારમેડા એ દૂધ-પૌંઆની પ્રસાદ અને શ્રીમતિ ભાગીરથીબેન વેલજીભાઈ હેડાઉ એ પ્રતિક સાથે પ્રસાદનાં આયોજનમાં સહયોગ આપ્યો હતો.

અત્રે આ ઉલ્લેખનીય બાબત છે કે શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ, અંજાર મધ્યે જ્ઞાતિની બહેનો માટે થતાં તમામ આયોજનો કોઈપણ નામી સંગઠન કે મંડળ વગર જ આપસી સમજબુજ અને ઐક્યથી સ્વતંત્ર રીતે ગોઠવવામાં આવે છે, અને તમામ આયોજનો સંપૂર્ણપણે સફળ પણ થાય છે. ત્યારે જ્ઞાતિ બ્હેનોનાં ઉત્સાહને જોતાં વિવિધ મોટા આયોજનો માટે કહેવાતાં 'મહિલા-વિભાગ'ના વિધિસર હોદ્દેદારોની વરણી કરી સંગઠનનું નામાંકિત નિર્માણ થાય તેવી ઈચ્છા અને આવશ્યકતા, આયોજન અંતર્ગત જ્ઞાતિનાં પ.પૂ. ગોરબાપાશ્રી એ આર્શીવચન પાઠવતાં દર્શાવી હતી.

નવરાત્રી તથા શરદ-પૂર્ણિમાનાં આયોજનને સફળ બનાવવા સર્વ શ્રીમતિ શાન્તાબેન અમૃતલાલભાઈ બારમેડા, શ્રીમતિ ભગવતીબેન હેમેન્દ્રકુમાર કટ્ટા, શ્રીમતિ રૂક્ષ્મણીબેન ચમનલાલભાઈ સોલંકી, શ્રીમતિ નર્મદાબેન વિનોદકુમાર બિજલાણી, શ્રીમતિ રમિલાબેન વસંતભાઈ બારમેડા, શ્રીમતિ તરૂણાબેન નરેન્દ્રકુમાર બુધ્ધભટ્ટી, શ્રીમતિ જસ્મીનબેન અનિલકુમાર બગ્ગા, શ્રીમતિ શારદાબેન પ્રકાશભાઈ બારમેડા, શ્રીમતિ ભાવનાબેન હસમુખભાઈ પોમલ, શ્રીમતિ ફાલ્ગુનીબેન નરેશકુમાર બુધ્ધભટ્ટી, શ્રીમતિ આરતીબેન જીતેન્દ્રભાઈ ગોહિલ, શ્રીમતિ રિમાબેન શૈલેષભાઈ પોમલ, શ્રીમતિ કુસુમબેન વસંતલાલ સક્કરિયા, સંદિપાબેન સક્કરિયા, મુક્તાબેન રામજીભાઈ બુધ્ધભટ્ટી તથા કું.મીરાબેન દિપકકુમાર છત્રાળાએ જહેમત ઉઠાવી હતી.

*કુ.એકતા કટ્ટા - અંજાર*

## પ્રથમ પુણ્યતિથિએ ભાવાંજલિ



### સ્વ. પૂજ્ય માતુશ્રી પુષ્પાબેન હરિલાલ બારમેડા (સોની)

**સ્વર્ગધામ : તા. ૧૬-૧૦-૨૦૦૫ (ચક્ષુદાન કરેલ છે.)**

**મૂળ વતન : કચ્છ, રોહા (કોટડા) ● હાલ : મુલુંડ (મુંબઈ)**

જન્મ અને મરણ એ કુતરસનેં વણલખ્યેં નિયમ છે. છસંયે અંપની ઉપસ્થિંસિ નથી એ વંસ મન મંનસુા નથી. પરમ કૃપંળુ પરમંત્મં અંપનં કર્મયેંગી અંત્મંને સમંમ બાધનેંમાંથી મુક્સ કરી પરમ શાંસિ અર્પે એ જ પ્રંર્થનં.

***<u>આપના આજીવન ઋણી બાળકો</u>***

**સોની હરીશ હરીલાલ બારમેડા (પુત્ર)**
**સોની રીયા હરીશ બારમેડા (પત્રવધૂ)**
**સોની હસમુખ હરીલાલ બારમેડા (પુત્ર)**
**સોની માનસી હસમુખ બારમેડા (પુત્રવધૂ)**

**નીશીત હરીશ બારમેડા (પૌત્ર)**
**કરન હરીશ બારમેડા (પૌત્ર)**
**ખુશી હસમુખ બારમેડા (પૌત્રી)**

**પ્રીતિ પ્રતિક પોમલ - ભુજ (પુત્રી)**
**પ્રતિક મોહનલાલ પોમલ - ભુજ (જમાઈ)**
**જાનવી પ્રતિક પોમલ (દોહિત્રી)**

# મે. હરીશ એચ. સોની એન્ડ કંપની

**ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ, મુલુંડ, મુંબઈ**

# જ્ઞાતિનો પારંપરિક કસબ – 'કચ્છ વર્ક' અને 'મીનાકારી'

કચ્છમાં વસતી સોની જ્ઞાતિઓ સોના-ચાંદી પરના નકશીકામ અને તેના પરના મીના કામના કસબ માટે વિશ્વભરમાં જાણીતી છે. સોના-ચાંદી પરનું નકશીકામ 'કચ્છ વર્ક' તરીકે જાણીતું છે. કચ્છમાં આવતા કચ્છીઓ કે અન્ય પ્રદેશના પ્રવાસીઓ પાછા ફરતાં કચ્છની યાદગીરી રૂપે 'કચ્છ વર્ક'ની ચાંદીની વસ્તુઓ ખાસ લઈ જતા હોય છે, ભેટ-સોગાદ તરીકે પણ તે આપવાની એક પરંપરા છે. કચ્છમાં તૈયાર થતા ચાંદીના નમૂનાઓ કાળા પડતા નથી, આથી કચ્છમાં તૈયાર થયેલા ચાંદીના દાગીના પણ લોકો ખાસ લઈ જાય છે.

કચ્છમાં બનતા દાગીનાઓના આકાર, વજન અને કારીગરી પ્રમાણે ચાંદીમાં જસતનું ઉમેરણ કરવામાં આવે છે. આવા દાગીનાઓને 'જસતી' કહેવામાં આવે છે. કચ્છ બહાર બનતા દાગીનાઓમાં ત્રાંબાનું ઉમેરણ કરવામાં આવે છે, પરિણામે તે સમય જતાં ખારાપાણી, પરસેવો કે સાબુના સ્પર્શથી કાળા પડી જાય છે, જ્યારે કચ્છની ચાંદી કાળી પડતી નથી.

કચ્છના રાવશ્રી લખપતજીના સમયમાં કચ્છની હસ્તકળાઓને ખાસ પ્રોત્સાહન આપવામાં આવતું અને ચાંદીકામ તેમજ મીનાકામની ખાસ હુન્નર શાળાઓ ઊભી કરી. પરિણામે આ કળાનો ઉત્તરોત્તર વિકાસ થયો.

કચ્છમાં ચાંદીના દાગીના ઉપરાંત અનેક પ્રકારના નમૂનાઓ તૈયાર થતા. જેમાં તલવારના મ્યાન, છત્રીના હાથા, લાકડાની મૂઠ, છરી, કલાત્મક ડબરા, સિંધી વાટકા, અત્તરદાની, કાંટા ચમચા, થાળી-વાટકા, ગ્લાસ, જામ, ફોટો ફ્રેમ, ફુલદાની, ટી-સેટ, લેમનસેટ, સુરાહી, તાસક, સાબુદાની, ચાંદીના તાળાં, રમકડાં, સિગરેટ કેશ, એશટ્રે, ગુલાબદાની, ઘરેણાં માટે પેટી, કાતર, વગેરે ઉપર કલાત્મક નકશીકામ કરવામાં આવતું. આજે પણ આ કામગીરી થાય છે.

જૂના ઘરેણામાં પોંચી, કડલાં, વીંટી, ઝરમર ચેન વાળા હાર, કંદોરા, પાટલા, માછલી, બંગડી, ઝાંઝર, નથડી વગેરે બનતાં અને આજે પણ બને છે. ઉપરાંત હાંસડી દોરિયા, ચોટલા, ઝુડા, સાડી બેલ્ટ, સાડી પીન, પાટલા પીન, બાજુબંધ અને પૂજાપો, મૂર્તિઓ વગેરે બનાવે છે.

કચ્છની વિવિધ જાતિઓ ખાસ કરીને આહીર, રબારી, ભરવાડ, કડવા અને લેઉઆ પટેલ, હરિજન, જત, સોઢા અને સિંધીઓના પારંપરિક ઘરેણાઓ પણ ભુજના બજારમાં સોનીઓ તૈયાર કરીને વેચે છે. આ ઘરેણાંઓના વજન-કદ અને આકારને મૂળ રીતે જ જાળવી રાખવામાં આવ્યા છે.

'કચ્છ વર્ક'ની વસ્તુઓનું મુખ્ય કેન્દ્ર ભુજ છે. અહીં જ્ઞાતિના કારીગરોને બારેમાસ કામ મળી રહે છે. જો કે હવે પરપ્રાંતના સસ્તા કારીગરોના આગમનથી તેમાં થોડા ઉતાર જરૂર આવ્યો છે.

કચ્છ રાજ્યના સમયમાં દેશ-વિદેશમાં યોજાતા પ્રદર્શનમાં કચ્છ વર્ક'ના નમૂનાઓ ખાસ આકર્ષણનું કેન્દ્ર બનતાં.

મીના કામ સોના-ચાંદી પર મીનો ચડાવવાની કચ્છી કારીગરી એક સમયે જગતભરમાં પ્રખ્યાત હતી, પણ આજે આ કળાના કારીગરો આંગળીના વેઢે ગણાય એટલા જ છે.

આજે આ કળા મૂળ પદ્ધતિમાં જોવા મળે છે. તૈયાર ડાઈથી ધાતુ પર આકૃતિ ઉપસાવી તેમાં પ્લાસ્ટિકનો રંગ ભરી દેવાય. થોડા કલાકોમાં આ રંગ સૂકાઈ જાય એટલે આધુનિક મીના કામગીરીનો નમૂનો તૈયાર થઈ જાય છે. પણ અસ્સલ મીનાકામની કારીગરી જોવા અને સમજવા-જાણવા જેવી છે. ભુજની આર્ટ સ્કૂલમાં પણ આ કળા શીખવવામાં આવતી. આ શાળામાંથી એ સમયે ઘણા કલાકારો તૈયાર થતા. કચ્છના આંતરરાષ્ટ્રીય તસવીરકાર સ્વ. એલ. એમ.પોમલના જયેષ્ઠ બંધુ સ્વ. કેશવભાઈ માધવજીભાઈ પોમલ આ કળા શાળાના ૧૯૨૭-૨૮ના સમયના એક માત્ર વિદ્યાર્થી હતા. તેમણે મીનાકારી કામગીરીની આપેલ વિગતો મુજબ ચોરસી, લાઈન, ગ્રેવર, કાથીઓ રાઉન્ડ જેવા નામે ઓળખાતાં વિવિધ માપ અને કદનાં ટાંકણાથી ધાતુ પર પેન્સિલ પર અંકાયેલી રેખાઓ મુજબ નકશીકામ (કોતરણી) કરવામાં આવે છે અને એના પર અંકિત થયેલી કલાકૃતિઓમાં વિવિધ રંગનો મીનો ભરાવવામાં આવે છે. કાચ જેવો મીનો પહેલાં ભાંગીને ખરલમાં ઘૂંટીને તેનો ખૂબ બારીક પાવડર બનાવવામાં આવે છે. મીનાના રંગ પારદર્શક અને અપારદર્શક બન્ને આવે છે, જે દ્વારા આકૃતિને સરસ ઓપ આપી શકાય છે. દરેક રંગ વિવિધ છાયાઓમાં આવે છે, એટલે કે આછાથી એકદમ ઘેરા રંગોને કાચની પ્યાલીઓમાં ભરી લેવામાં આવે. એમાં થોડુંક પાણી રેડી દેવાય. બાદમાં બારીક મુલાયમ પીંછીની અણી પર મીનાના પાવડરને ઊંચકીને, ધાતુ પરની આકૃતિ પરની કોતરણીમાં જરૂર મુજબ ભરી દેવાય. બાદમાં મીનાના રંગવાળી ધાતુના ઘાટને દીવા પર ખૂબ ગરમી દેવી પડે. ગરમીથી મીનો ધાતુ પર બરાબર બેસી જાય. બાદમાં એને અરીઠાના પાણીથી ધોઈ નખાય અને એ રીતે ત્રણવાર મીનાથી રંગીન આકૃતિવાળી ધાતુની વસ્તુને ગરમ કરવી પડે. મીનાના રંગ બાબત એમણે કહ્યું કે, એ જમાનામાં લંડનથી અમે મીનો મંગાવતા ત્યારે આજના જમાના જેવું પરમીટ રાજ હતું નહીં. અહીંથી પત્ર લખીએ એટલે ટપાલ દ્વારા ઘરઆંગણે વિદેશી મીનો મળી જાય. બસ્સોએક રૂપિયાનો મીનો પાંચેક વર્ષ ચાલે એટલો સસ્તો હતો.

રાજાશાહીના જમાનામાં દેશ-પરદેશથી શાહી મહેમાનો આવતા ત્યારે, મીનાકારીની વસ્તુઓ એમને ભેટ આપવા મહારાવ મંગાવી લેતા. મીનાકારીની વસ્તુઓ લંડન અને અન્ય વિદેશો સુધી જતી. કાશ્મીરના રાજા માટે પણ એમના

એજન્ટો કચ્છમાંથી ચાંદીની અનેક કૃતિઓ લઈ જતા. જેમાં કલાકૃતિઓથી અંકિત, ટ્રે, ફોટોફ્રેમ, લોકેટ, વીંટી, બાજુબંધ, કોટના કે ખમીસના બટન, હેરપિન, સાડીપિન, ચાવીનો ઝૂડો, છીંકણીની ડાબલી, માથું ઓળવાના બ્રશ વિગેરેનો સમાવેશ થતો હતો. ઉપરાંત વિદેશીઓ માટે દારૂ પીવાની પ્યાલી પર નૃત્યાંગનાની આકૃતિ મીનાકારીથી તૈયારી કરી આપતા. દારૂની બાટલી અને પ્યાલીની આકૃતિવાળાં બટન પણ મીનાકારીથી તૈયાર કરી આપતાં. પ્રાગમહેલ અંકિત કોટનાં બટન વ્હોરા કોમમાં બહુ લોકપ્રિય હતા.

મીનાકારીમાં ફોટો પ્રોસેસથી છપાતી રાષ્ટ્રીય નેતાઓની તસવીરો એમની એક વિશેષતા છે. ફોટોગ્રાફની નેગેટિવ લઈને, સ્વચ્છ કાચ પર પોઝિટિવ લેવામાં આવે. બાદમાં એના પર તસવીર રચી ચોક્કસ રેખાઓ પર મીનાનો તૈયાર પાવડર બ્રશથી ભરી દેવાય અને એના પર કોલોડીઅલ નામનું કેમિકલ રેડી દેવાતાં પાતળી ફિલ્મની જેમ એ પથરાઈ જાય. બાદમાં એ કાચને પાણીમાં મૂકી દેતાં, કેમીકલ સાથે મીનાના પાવડર દ્વારા અંકિત આકૃતિ ઉપર તરી આવે. જેને બકલ કે બટન કે વીંટી પર હળવે હાથે ઊંચકી લેવાતાં કેમિકલ નીચે સરકી જાય અને મીનાની રેખાઓ પડી રહે. જેને ગરમ કરતાં મીનો સજ્જડ રીતે ચીટકી જાય. બાદમાં મીનાનો જ ''પરપલ કલર'' પીંછીથી લગાવી દેવાતાં ધાતુ પર મીનાથી રંગીન તસવીર તૈયાર થઈ જાય.

*સૌ. : 'કચ્છમિત્ર'*

## કચ્છ મ્યુઝીયમના ચાંદીના ૪૨ નમૂનાઓ તૈયાર

કચ્છના વિખ્યાત મ્યુઝીયમમાં સચવાયેલા ચાંદી તથા કાપડના નમૂનાઓ ધરતીકંપમાં ક્ષતિગ્રસ્ત થયા પછી તમામ નમૂનાઓને મૂળ સ્થિતિમાં લાવવા શરૂ કરાયેલી કાર્યશાળામાં તમામ નમૂનાઓ મૂળ સ્થિતિમાં આવી ગયા છે અને પ્રદર્શન માટે મૂકી શકાય તે રીતે તૈયાર થઈ ગયા છે.

કચ્છ મ્યુઝિયમના ક્યુરેટરે જણાવેલી વિગતો અનુસાર કાર્યશાળા દરમિયાન ચાંદીના ૪૨ નમૂનાઓ ભાંગેલી, તૂટેલી કે મરડાયેલી હાલતમાં હતા તેને સંપૂર્ણ રીતે જતનપૂર્વક મરામત કરી પૂર્વવત કરવામાં આવ્યા છે. આ નમૂનાઓ પ્રદર્શનમાં મૂકી શકાય એવી સ્થિતિમાં છે.

એ જ પ્રકારે જે નમૂનાઓ છે તેને કાર્યશાળા દરમિયાન મરામત કરવાની થાય છે તે પૈકી ૭૦ ટકાથી વધારે કાપડના નમૂનાઓને વ્યવસ્થિત અને સંભાળપૂર્વક તૈયાર કરવામાં આવ્યા છે. આમાં પણ બાકીના નમૂનાઓની કામગીરી પૂરજોશમાં ચાલે છે. ટૂંક સમયમાં જ તમામ નમૂનાઓ સંપૂર્ણ અને સુરક્ષિત રીતે મરામત પામશે અને જોવાલાયક બનશે તેવી ખાતરી કાર્યશાળાનું સંચાલન કરતા સંગ્રહાલય વિભાગના તાંત્રિક અધિકારીઓએ આપી હોવાનું ક્યુરેટરે જણાવ્યું હતું.

*સૌ. : 'કચ્છમિત્ર'*

With Best Compliments

**Prince ★ Prashant**
Mobile : 98795 29649

**SONI KANTILAL DHANJI**
**TOUCH LABORATORY**
Shop 1, Kalika Road,
Asha Pura Ring Road, Kansara Bazar,
BHUJ, KUTCH-370 001

આપનો સાથ, સહકાર અને સંતોષ
એ જ અમારો "પ્રમાણપત્ર"

With Best Compliments

ભાવેશ જી. સોની ૯૮૨૫૪ ૩૧૩૮૫
દીપક જી. સોની ૯૮૨૫૭ ૪૮૨૪૬
કૈલાશ જી. સોની ૯૮૭૯૧ ૨૨૯૪૫

**શ્રી મધુસુદન જ્વેલર્સ**

સોના-ચાંદીના દાગીના બનાવનાર તથા વેચનાર

**KDM** Specialist


**પ્રો. ગંગારામભાઈ કે. સોની**
(કાદિયાવાળા)

મેઈન બજાર, નખત્રાણા, કચ્છ.
ફોન : ૨૨૨૯૪૫

# વિરલ પ્રતિભા

## સ્વ. સોની પરસોતમ બાપા

ભુજ શહેરમાં વધાઈના વાજા વાગ્યા. ઢોલ શરણાઈના ગગનભેદી અવાજોથી આખું શહેર આનંદથી નાચી ઉઠ્યું. રાજ દરબારમાં રાજકુંવરનો જન્મ થયો. તે હતા મહારાવ મદનસિંહ (ઉર્ફે મેઘરાજજી બાવા). તેજ દિવસે કંસારા સોની ધારસી દેવશીને ઘેર પણ પુત્રનો જન્મ થયો, તેજ આપણા પરષોત્તમ બાપા વરસામેડીવાળા. એમનું જીવન પણ એક જાગીરથી ઓછું ન હતું. તેઓ કહેતા કે રાજાને ત્યાં નહિં તો રા'ને ત્યાં જન્મ્યો છું. આપણી કંસારા જ્ઞાતિ પણ એક રા'ને છાજે તેવી છે. તેમના પિતાજીએ પણ તેમને શાળામાં દાખલ થયાનાં પહેલા જ દિવસે હાથી ઉપર બેસાડીને શાળામાં લઈ ગયા હતા. અને તે શાળા માધાપરની, જે આજે પણ ત્યાં છે. અને તેમના શિક્ષણ મિત્રો હતાં : શ્રી ઠાકરશી પરષોતમ કંસારા (ન્યાયાધીશ) અને માજી કલેકટર તુલસીદાસ મુળજી. ત્યારબાદ તેઓએ મુંદ્રામાં શિક્ષણ મેળવ્યું તે દુલેરાય કારાણી. પરષોતમ બાપાએ પોતાના પિતાના અવસાન બાદ મોસાળ ધાણેટી ગામમાં જીવન વિતાવ્યું અને મામા પાસેથી કામ શીખી કર્મભૂમિ વરસામેડી આવ્યા. ત્યારબાદ અંજારમાં સોના-ચાંદીની દુકાન કરી આપણી કંસારા જ્ઞાતિમાં પ્રમુખપદે ઘણાં વરસ સુધી હતા. સોની સમાજના ઘણા કાર્યો કર્યા. અંજારમાં પોતાની જ્ઞાતિની વાડી બનાવવા માટે તેઓએ રૂા.૧,૧૧,૧૦૧/-નો ફાળો આપ્યો હતો. ત્યાર પછી મૃત્યુ બાદના વીલમાં પણ રૂા.૧ લાખ નાતની વાડીને આપ્યા, જે ભૂકંપથી પહેલા સંવત ૨૦૦૦માં નાતને તેમની પુત્રીઓએ અર્પણ કરેલ છે. માતાના મઢમાં પણ કંસારા જ્ઞાતિની વાડીમાં તેમનો સારો સહયોગ રહ્યો છે.



એમનામાં નિઃસ્વાર્થ પરકાજુ, પરાક્રમી, સાહસી બીજાનાં દુઃખે દુઃખી ગરીબોના બેલી હતા. નીડરતાની એક હૃદયસ્પર્શી વાત કરીએ તો અંજારમાં જૈન સાધુનું પ્રવચન હતું. ચાર-પાંચ હજારની મેદની હતી. ત્યાં પ્રવચન સંભળાવતા જૈન સાધુએ અચાનક એક પ્રશ્ન કર્યો કે 'તમારામાં કોઈ પાપનું પ્રાયશ્ચિત કરે છે?' એક-બે વખત સાધુએ પૂછયું. પછી કહ્યું કે તમો પ્રાયશ્ચિત નથી કરતા, તો તમે બધા વાંદરાઓ છો. ત્યારે પરસોતમબાપા ઉભા થઈ તરત જ બોલ્યા કે, 'હા, હું પ્રાયશ્ચિત કરું છું. જ્યારે કોઈ વખત દિવસ દરમ્યાન કોઈ ઘટના બને છે ત્યારે હું રાત્રે સુઈ નથી શકતો.' તેમણે જાહેર જીવનમાં પણ મહેરઅલી જેવા નેતા સાથે કામ કર્યું છે. તો વરસામેડી પંચાયતનાં પ્રમુખ રહ્યાં અને ગામનાં વિકાસ માટે ઘણાં કામો કર્યા. પ્રાથમિક શાળા નવી બંધાવી જેનું ઉદ્‌ઘાટન કરવા ઈન્દીરા ગાંધી આવ્યા હતા. વરસામેડીમાં તળાવની વચ્ચે કૂવો હતો. જેથી વરસાદમાં તળાવ ભરાઈ જવાથી પાણી ભરવામાં મુશ્કેલી પડતી. તેથી ત્યાં પુલ બનાવ્યો. જેથી બારેમાસ ગામનાં લોકો કૂવાનું પાણી ભરી શકે. વરસામેડી ગામમાં પરસોતમ બાપાનું બહુ જ માન હતું. ત્યાં નાનાથી લઈ મોટા બધાં જ બહુ જ આદર કરતા. તેમની એક વાત કહું તો સન્ ૧૯૭૮માં તેમના નાના ભાઈ સ્વ. જેરામ ધારશી પાછળ ભાગવત સપ્તાહ વંચાવી અને ધૂઆબંધ આખું ગામ જમાડ્યું. ગામ લોકોએ તેમનું વાજતે ગાજતે સ્વાગત કરી વેલજીભાઈ ગજ્જરનાં હસ્તે પાઘડી અને સોનાની વીંટી પહેરાવી. અંજાર કંસારાની નાત અને માંડવી કંસારાની તેમને નાત જમાડી હતા.

૨૦૦૧માં ભૂકંપ વખતે નાતના વડીલોએ પરષોતમ બાપાને યાદ કર્યા હતા, કારણકે ૧૯૫૬ના ભુકંપ વખતે

### દૃઢનિશ્ચયતાના પ્રતીક

સ્વ. પરસોતમ બાપા એક વિરલ પ્રતિભા સ્વરૂપ હતા. સમસ્ત સમાજ આવી પ્રતિભા જૂજ હોય છે. સ્વ. પરસોતમ બાપાના સમગ્ર જીવન તેઓ અનેક તડકી છાંયડી માંથી પસાર થયા. પ્રચંડ આત્મવિશ્વાસના કારણ હરેક મુશ્કેલ પરિસ્થિતિમાંથી સફળતાપૂર્વક બહાર આવતા.

દિવાળીના દિવસોમાં પાઘડી પહેરી અંજાર - વરસામેડીમાં અનેક લોકોને નૂતનવર્ષની વધાઈઓ આપતા. તે દૃશ્ય હજુ ઘણા લાકોને યાદ છે. રાજવી ઠાઠમાઠ સાથે તેમની વચનપાલન માટેની નિષ્ઠા અનેરી હતી. અંજાર જ્ઞાતિની વાડીના બાંધકામની શરૂઆત થાય તે માટે તેમણે રૂપિયા એક લાખનું દાન જાહેર કર્યું. સંજોગોવશાત્ કેટલાક વર્ષો સુધી કામ શરૂ ન થઈ શક્યું. દરમિયાન તેમની આર્થિક સ્થિતિ નબળી પડતી ગઈ. પરંતુ જ્યારે જ્ઞાતિની વાડીનું કામ શરૂ થવાની વેળા આવી ત્યારે તેમને ખોંખારીને કહ્યું કે મારા વચન મુજબ મારૂં દાન સૌપ્રથમ આપવું છે.

હાલમાં સમસ્ત જ્ઞાતિની કહી શકાય તેવી એકમાત્ર સ્થાવર મિલ્કત માતાના મઢ ખાતેની ધર્મશાળા છે. આ મિલ્કતનું યોગ્ય રીતે વહીવટ થાય તેજ સ્વ. પરસોતમ બાપાને સાચી શ્રધ્ધાંજલિ ગણાશે.

જાહેર જીવન હોય કે સમાજ જીવન, તેઓની દૃઢનિશ્ચયતા અને આત્મવિશ્વાસ હંમેશા યાદ રહેશે.

*– અતુલ સોની, અમદાવાદ*

આપણી નાતને સરકાર તરફથી સહાય મળે તે માટે બાપાએ ખૂબ મહેનત કરી કામ સિદ્ધ કર્યું હતું. ૧૯૫૬માં ભુકંપ વખતે એક મહિના સુધી વરસામેડી ગામે પોતાના ઘરે રોજ સો માણસનો રસોડો થતો હતો અને અંજારની દુકાનનો સ્ટાફ સગા-સબંધી બધા જ વરસામેડી આવ્યા હતા.

વરસામેડી ગામે તેમનું સન્માન કર્યુ ત્યારે પરસોતમ બાપાએ ગૌચારા માટે અને ખેતર ગામને અર્પણ કરેલ અને આપણી જ્ઞાતિના ગોરબાપા (કનક ગોર)ને પણ એક ખેતર આપેલ.

## પિતાને શ્રદ્ધાંજલી

પ્રભુને ધામ સીધાવ્યા રે પ્રણવું પૂજ્ય પિતા તમને
જીવ જતાં પહેલા રામ સમરીને વારી વારી વંદન કરતા
ગીતા તણા માતમ બોલીને ધ્યાન હરીનું ધરતા.
જીવ ગયા પછી દેહની ભાલે તેજની રેખા પ્રકાશી
જીવમાંથી તમે શિવ થયા એવા ભાલે તિલક નિરાળી.
દીન દુઃખીયાનાં દુઃખ હરીને કીધા સમાજના કામ

ખુલ્લા હાથે દાન કર્યા તમે કરી લીધું છે અમર નામ.
સ્વર્ગના દ્વારો ખુલ્લા રહ્યા એવા યમુનાના વર પાયા
શ્રદ્ધાંજલી તમને આપે પુત્રી શાંતાના પ્રણામ સ્વીકારો

પ્રભુને ધામ સીધાવ્યો રે પ્રણવું પૂજ્ય પિતાજી તમને

***પરષોતમ ધારશીની સુપુત્રી શાંતાબેન અમૃતલાલ બારમેડા***

## પુત્ર કરતાં સવાઈ પુત્રીઓ

કસ્તુરી મૃગની કસ્તુરીની સુવાસ અનંતકાળ સુધી ચારે તરફ ફેલાયેલી રહે છે, તેમ પરષોતમ ધારશીની છ પુત્રીઓએ તેમના અવસાન પછી પણ આપણા સમાજને ઉપયોગી કાર્યો કરી પુત્ર કરતાં પણ વિશેષ કાર્યો કરેલ છે. પિતાનું નામ પુત્ર દ્વારા રોશન થાય છે. અને કહેવાય છે કે પુત્રી બે કૂળને તારે છે. જેને પરષોતમ બાપાની દિકરીઓ બરાબર સાર્થક કરી રહી છે. સંપત્તિ તો હોય, પરંતુ તેને યોગ્ય માર્ગે વાપરવા માટે મોટું મન પણ હોવું જોઈએ. સમાજથી આપણી ઓળખ છે. અને તે સમાજનું ઋણ ચૂકવવું એ આપણી ફરજ છે અને તે કાર્ય પરષોત્તમ બાપાની સુપુત્રીઓએ ખૂબ જ સુંદર રીતે કરેલ છે. પરષોત્તમ ધારશીના અવસાન બાદ તેમની ઇચ્છા મુજબ વર્ષ - ૨૦૦૦માં ભાગવત સપ્તાહનું આયોજન કરી અને અંજાર મધ્યે નાત જમણ કરેલ. જેની પાછળ રૂા.૧,૦૦,૦૦૦/- એક લાખનો ખર્ચ થયેલ છે. ભાગવત સપ્તાહના આયોજનને આજે પણ લોકો ખૂબ જ આનંદથી યાદ કરે છે. તે ઉપરાંત વર્ષ ૨૦૦૧માં થયેલ ભુકંપના કારણે અંજારમાં ભુકંપગ્રસ્ત થઈ ગયેલ કાલિકા મંદિર તથા શિવ મંદિરના જીર્ણોધ્ધાર માટે રૂા.૫૧,૦૦૦/-નું દાન તેમની પુત્રીઓએ આપેલ છે. તાજેતરમાં ઑલ ઇન્ડિયા મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળની રચના થયેલ, જેમાં રૂા.૨૫,૦૦૦/- પરષોતમ ધારશીના નામે અર્પણ કરવામાં આવેલ છે. આમ પરષોત્તમ ધારશીના અવસાન બાદ પણ તેમની આ સુપુત્રીઓ દ્વારા તેમના સમાજ ઉપયોગી કાર્યો અવિરત થઈ રહેલ છે.

***આનંદ પોમલ***

# SETU # 2ND PROOF # 20

# સાંપ્રત સમયમાં જ્ઞાતિ પ્રથાની અનિવાર્યતા

ઘણી વખત આપણને એવું લાગતું હોય છે કે આધુનિક સમાજવ્યવહારમાં હવે જ્ઞાતિ પ્રથાની કેટલી જરૂરીયાત રહે છે? આપણું જીવનધોરણ, જીવનનિર્વાહ, જીવનશૈલી, શિક્ષણ, રહેઠાણ, વ્યવસાય અને આકસ્મિક ઊભા થતા સામાજીક પ્રશ્નો અને તેનું નિરાકરણ વિગેરે જ્ઞાતિના વિશેષ અવલંબન વિના વ્યતીત કરી શકીએ છીએ તો પછી જ્ઞાતિ વ્યવસ્થાનો શું રોલ છે? જુના જમાનામાં જ્ઞાતિનો અલબત્ત ખુબ જ મહત્વનો ભાગ આપણા દૈનિક જીવનને સ્પર્શતો હતો.

પૌરાણિક કાળમાં વર્ણાશ્રમ ધર્મમાં સમાજ વ્યવસ્થા ચાર વર્ણોમાં વહેંચાયેલી હતી. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને ક્ષુદ્ર વર્ણોની જ્ઞાતિ હતી. ધર્મ અને ક્રિયાકાંડનું જ્ઞાન બ્રાહ્મણો કરાવતા હતા. દુશ્મન સામે લડવાનું કાર્ય ક્ષત્રિયો કરતા હતા. વ્યાપાર અને વાણિજ્ય વ્યવસ્થા વૈશ્ય સંભાળતા. સાફ સફાઈ અને સેવા ચાકરી જેવું કામ ક્ષુદ્રો કરતા હતા. આ પ્રકારની સમાજ વ્યવસ્થા સામે કોઈપણ વર્ણના લોકોને ફીરયાદ કે મુશ્કેલી ન હતી. પોતપોતાની જવાબદારી સ્વેચ્છાએ ઉપાડી લેતા હતા. પરંતુ કાળક્રમે આ ચાર વર્ણો અસંખ્ય જ્ઞાતિ, પેટાજ્ઞાતિ અને નુખ, શાખ અને ગોળમાં ફેરવાઇ ગયા. અનેક જ્ઞાતિ-ઉપજ્ઞાતિઓ અસ્તિત્વમાં આવી ગઈ.

જ્ઞાતિ વ્યવસ્થાનો મુખ્ય પાયો ધંધો-વ્યવસાય છે. બાપદાદાના વખતથી એક જ પ્રકારનો વ્યવસાય ચાલ્યો આવતો. સોનીનો દીકરો સોની કામ કરતો, કંસારાનો દીકરો કંસારાનું કામ કરતો, કંદોઈનો દીકરો મીઠાઈ બનાવતો. વિવિધ વ્યવસાયો ધરાવતા કુટુંબોની રહેણીકરણીમાં ફરક રહેતો. કારણ કે વ્યવસાયને અનુરૂપ જીવનશૈલી ઘડાતી. તેથી એક વ્યવસાય ધરાવનારા કુટુંબોની જીવનશૈલી અને જીવનધોરણ લગભગ એક સરખું રહેતું. સમાન વ્યવસાય ધરાવતી જ્ઞાતિના કુટુંબોનું સમાજ જીવન અને રહેણી કરણી લગભગ સમાન રહેતી તેને કારણે લગ્ન સંબંધો પણ સ્વાભાવિક રીતે જ્ઞાતિની મર્યાદામાં રહીને જ થતા હતા. આ રીતે જ્ઞાતિ પ્રથા અસ્તિત્વમાં આવતી ગઈ અને માનવ સમાજનું એક મહત્ત્વનું અંગ બની ગઈ. એક જ જ્ઞાતિના કુટુંબો વચ્ચે એક પ્રકારની વૈચારિક, સાંસ્કૃતિક અને માનસિક સહી સલામતિ અનુભવાતી. લોકો જ્ઞાતિમાં રહીને તેની મર્યાદામાં જીવન જીવવાનું વધુ પસંદ કરતા. એટલું જ નહિ પણ જ્ઞાતિ-સમાજના નિયમો અને બંધનો સ્વેચ્છાએ સ્વીકારતા. જ્ઞાતિના પ્રવર્તમાન નિયમોનું ઉલ્લંઘન કરનાર વ્યક્તિ કે કુટુંબને જ્ઞાતિ બહાર કાઢી મૂકવાની સજા પણ થતી!

પરંતુ આધુનિક વિજ્ઞાનની પ્રગતિ સાથે ટેકનોલોજી, સંચાર માધ્યમો અને સંદેશા વ્યવહારનો વિકાસ થયો. લોકોનું જીવન ધોરણ ઉચ્ચ થતું ગયું. નવા વ્યવસાયો અને નવા પ્રકારની નોકરીઓની ઉજ્જવળ તકો ઉત્પન્ન થતી ગઈ. પેઢી દર પેઢી અને વંશપરંપરાગતથી ચાલતા આવતા વ્યવસાયોને બદલે લોકો નવા વ્યવસાયોમાં અને નોકરીઓમાં જોડાતા ગયા. સાથે સાથે શિક્ષણનો વ્યાપ પણ વધતો ગયો. સારી તકો મેળવવા લોકો સ્થળાંતર પણ કરતા ગયા. પોતાના કુટુંબ અને જ્ઞાતિથી દૂર રહીને જીવન નિર્વાહ કરવામાં લોકોને કોઈ મુશ્કેલી જણાતી ન હતી. જાણે કે 'વસુધૈવ કુટુંબકમ'ની વિભાવના સાકાર થતી હોય તેવું લાગ્યું.

આ સામાજીક પ્રક્રિયાના પરિણામ સ્વરૂપ લોકોનું જીવન ધોરણ ઉચ્ચ થયું પરંતુ તેમની જ્ઞાતિની વ્યવસાયિક ઓળખ હતી તે ધીમે ધીમે લુપ્ત થતી ગઈ. જ્ઞાતિના છોકરા-છોકરીઓ ઉચ્ચ વ્યવસાયિક શિક્ષણ મેળવીને ડોકટર, એન્જિનીયર, મેનેજર, સોફટવેર પ્રોગ્રામર, પ્રાધ્યાપક કે વકીલ બન્યા. વળી આધુનિક મનોરંજન અને સંદેશા વ્યવહારના સાધનો જેવા કે ટેલીવિઝન, કોમ્પ્યુટર્સ, ઈન્ટરનેટ અને મોબાઈલ ફોન્સથી તો સમાજ જીવનમાં ક્રાંતિ આવી ગઈ છે. દરેક જ્ઞાતિના લોકોમાં જીવનશૈલીનો એક અત્યાધુનિક પર્યાય ઉત્પન્ન થયો. તેને કારણે વિવિધ જ્ઞાતિઓ વચ્ચે જીવન ધોરણ અને જીવનશૈલીની જે અસમાનતા હતી તે નાબુદ થઈ ગઈ છે.

નાગર-બ્રાહ્મણ-કડીયા-મિસ્ત્રી કે સુથાર જ્ઞાતિની જીવનશૈલી અને જીવનધોરણમાં કોઈ અંતર રહ્યું નથી. જ્ઞાતિ જ્ઞાતિ વચ્ચેની વિભિન્નતા ઓછી થઈ ગઈ છે. તેને કારણે પરજ્ઞાતિ વિવાહ સંબંધો બાંધવામાં હવે આપણને બિલકુલ અજુગતું લાગતું નથી. નોકરી ધંધા માટે દેશ વિદેશ નીકળી ગયેલા જ્ઞાતિના કુટુંબો, જ્ઞાતિથી દૂર રહીને સહજ સમાજજીવન જીવી શકે છે, વિવાહ સંબંધો બાંધી શકે છે. માત્ર પોતાની જૂની ઓળખ (IDENTITY) દર્શાવવા જ્ઞાતિના નામનું ઉચ્ચારણ કરી શકે? આ સામાજિક પ્રક્રિયા જ્ઞાતિ પ્રથાની અનિવાર્યતા કેટલી તે અંગે પ્રશ્નાર્થ કરે છે.

પરંતુ આવો પ્રશ્ન અસ્થાને છે. બદલાતા સામાજિક વહેણ સામે જ્ઞાતિ પ્રથા અસ્તિત્વ જાળવી શકશે પરંતુ તે માટે જ્ઞાતિ સંગઠનો અને મંડળોએ તેમનો રોલ વધુ વિસ્તૃત અને આધુનિક અર્થવ્યવસ્થાને અનુકુળ કરવો પડશે. આવા સંગઠનોની પ્રવૃતિઓ માત્ર ભાવનાત્મક કે સામાજિક ન રહેતાં મજબુત આર્થિક અને સામાજિક જરૂરિયાતોને અનુરૂપ હોવી જોઈશે. તોજ આપણે આપણી જ્ઞાતિ પ્રથા અને જ્ઞાતિના ઈતિહાસને ગૌરવભેર જાળવી શકીશું.

***પ્રા. રસીકભાઈ મહીયા - મુંબઈ***

*With Best Compliments*

CHAMANLAL V. BARMEDA
9898515125

# PRATISH INDUSTRIES

**● MANUFACTURERS OF ●**

- ☆ Sheet Metal Press and Components
- ☆ Electronic Sheet Metal Press and Componants
- ☆ Tools and Dies
- ☆ CNC Wire Cut

390, G.I.D.C., Makarpura, Vadodara.
Ph. : (0265) 2657736

# ગાંધીવાદી સ્વાતંત્ર્ય સેનાની સ્વ. રતિભાઈ સોની

*કચ્છમાં અંજાર તાલુકાના ગામ કુંભારીયાના વતની, સ્વ. શ્રી લખમશી પદમશી સોની, આજથી લગભગ ૭૦ વર્ષ પહેલાં વ્યવસાય હેતુ છેક મધ્યપ્રદેશના રાયપુર મુકામે સ્થાયી થયા. સ્વ. લખમશીભાઈ ધંધે સોનાચાંદીનું કામ તેમજ વ્યાપાર કરતા. તેઓશ્રી મહાત્મા ગાંધીજીના સિધ્ધાંતોને વર્યા હતા. તેઓએ આજીવન ખાદી અને સાદુ જીવન અપનાવ્યા હતા. એમનાથી બને તેટલી દેશ-સેવા પણ કરતા. એમની કંસારા જ્ઞાતિને સૌથી મોટી દેન એ હતી કે એમના પ્રયાસોથી કચ્છમાં ધંધા રોજગાર ન હોતાં તેઓએ અનેક જ્ઞાતિભાઈઓને રાયપુર લઈ ગયા. અહીં શરૂઆતમાં તેઓ એમને પોતાને ત્યાં ધંધો શીખવા રાખતા. પછી થોડી વધુ આર્થિક તેમજ અન્ય પ્રકારની મદદ આપી સ્વતંત્ર વ્યવસાય કરવાનું પ્રોત્સાહન આપતા. આજે વસવાટ કરતાં અને વ્યવસાય અને આર્થિક ક્ષેત્રે સારી એવી પ્રગતિ કરી સંપન્ન થયેલા ૧૪૦થી વધુ પરિવારો છે. સ્વ. લખમશીભાઈના એક પુત્ર શ્રી રતિલાલભાઈ પ્રખર ગાંધીવાદી વિચારધારાથી રંગાયેલા હતા. તા. ૯-૯-૨૦૦૬ ના રોજ ૮૫ વર્ષની વયે એમનું અવસાન થયું. પ્રસ્તુત છે રતિભાઈના જીવનની આછેરી ઝાંખી.*

*– તંત્રી*



કચ્છના કુંભારિયા ગામમાં ૧૫-૧૨-૧૯૨૧માં તેમનો જન્મ થયો હતો. ત્યાં શિક્ષણની જેટલી વ્યવસ્થા હતી તેટલું શિક્ષણ મેળવી શક્યા હતાં. થોડા સમય માટે ભાવનગરની નાનાભાઈ ભટ્ટની "દક્ષિણામૂર્ત" સંસ્થામાં જ્ઞાનનો લાભ લીલો હતો. ત્યાંના જ્ઞાનીઓ સાથે રહીને તેમના ગુણ અને સંસ્કાર તેમણે પોતાના જીવનમાં ઉતાર્યા હતાં. પરિણામે સ્વતંત્ર સેનાની માર્ગે તેઓ દોરાઈ ગયા હતાં. જે માર્ગે તેમને ખૂબ જ માન-સન્માન આપ્યું હતું.

ભૂજની હુન્નરશાળામાં દાગીના છોલવા અને મિનાકામની કળા હાંસલ કરી હતી. જે તેમના જીવનનો આધાર બન્યો હતો.

૧૯૮૦માં તેઓ બિઝનેસમાં નિવૃત થઈ સામાજીક અને કૌટુંબિક કામમાં તેમજ ધાર્મિક પ્રવૃતિમાં વિશેષ રસ લેતા હતા. આમ સ્વાસ્થય સારું હતું. પણ ત્રણ મહિનાથી લીવરની બિમારીની ચપેટમાં આવી ગયા. ખુબજ પ્રયત્ન કર્યો પણ મૃત્યુથી બચી શક્યા નહિ. અને ૯-૯-૨૦૦૬ના શનિવારે ૯ વાગ્યે તેમણે સૌથી વિદાય લઈ રામશરણ પામ્યા. તિરંગા ઝંડાથી ઢાંકીને તેમને ગાર્ડ ઓફ ઑનર આપવામાં આવ્યું. મુખ્યમંત્રીએ નિધન પર શોક વ્યક્ત કર્યો. પ્રભુ તેમના આત્માને શાંતિ આપે.

મારા ભાઈ હતા એટલે વખાણ કરું છું એવું ન માનતા, ખરેખર એ વખાણને લાયક જ હતા એટલે જ વખાણ કરું છું. એમના શાંત અને પ્રેમાળ સ્વભાવને કોઈ વિસરી શકે એમ નથી. આદર્શ વિચારોથી ભરપૂર એવું એમનું જીવન હતું.

દેશ પ્રત્યે એમને લાગણી હતી. દેશની આઝાદી પ્રત્યે એમને લગાવ હતો. તેથી આઝાદીની લડાઈમાં સૌની સાથે કંધાથી કંધો મિલાવીને લડત લડ્યા હતાં. પરિણામે ૧૯૪૨માં સૌની સાથે તેઓ રાયપુરની જેલમાં ગયા હતાં. પરિણામે એમને સ્વાતંત્ર્ય સેનાનીનો ખિતાબ મળ્યો હતો. આજે પણ રાયપુરની જેલમાં સ્વાતંત્ર્ય સેનાનીઓ સાથે તેમનો ફોટો લાગેલો છે. સરકાર દર વર્ષે તેમનું સન્માન કરતી આવી છે. દર મહિને સારું એવું પેન્શન આપતી આવી છે. પુરા ભારતમાં ક્યાં પણ મુસાફરી કરી શકે એવો રેલ્વેનો A/c પાસ આજીવન આપવામાં આવ્યો છે. M.P. C.O.ની બસોમાં ફ્રી મુસાફરીનો પાસ તેમને મળેલો છે. સરકાર અને સમાજે હંમેશા તેમને બહુમાન કરતાં આવ્યાં છે આમ તેઓ એક ભાગ્યશાળી વ્યક્તિ હતાં તેવું તેમનું વ્યક્તિત્વ હતું.

***કાંતિ સોની - રાયપુર***

## 'મન'

તમને મુંબઈ જવું હોય તો કલાકો લાગી જાય પણ મનથી મુંબઈ જવું હોય તો એક સેકન્ડમાં કાલ્પનિક રીતે જઈ શકાય. આવા કાલ્પનિક મનની ઈચ્છા મનમાં રહી જાય છે. પણ જેનાં મનમાં ધૈર્ય, એકાગ્રતા, સંઘર્ષ હોય તેજ મુંબઈ જઈને આનંદ માણી શકે!

જેમ આપણે બીજની જે જગ્યાએ વાવણી કરીએ છીએ તે બીજમાંથી છોડ, ઝાડ, વગેરેમાંથી પસાર થઈને મોટું વૃક્ષ બને છે ત્યારે આપણને છાંયડો મળે છે; તેવી જ રીતે મન મક્કમ હોય તો આપણે કોઈપણ એકને વેપાર, ઉદ્યોગ વગેરે અપનાવીએ તો એક ઝાડની માફક મોટું વટવૃક્ષ જરૂર ઉગશે. પછી આપણે તો ઠીક પણ આપણી પછીની પેઢીને ઝાડ ઉગાડવાની જરૂર નથી!

***જીતેશ કાંતિલાલ બુધ્ધભટ્ટી - માધાપર, ભુજ***

# SETU # 2ND PROOF # 20

*With Best Compliments*

**નીલેશ જી. સોની**
**કલ્પેશ જી. સોની**

ફોન : (૦૨૮૩૫) (ઓ) ૨૨૩૩૬૦ (રહે.) ૨૨૩૭૫૬
મો. ૯૮૨૫૩ ૬૭૭૭૨

**Shree Gurudevkrupa Jewellers**

# શ્રી ગુરૂદેવકૃપા જ્વેલર્સ

**પ્રો. સોની ગૌરીશંકર કરસનદાસ (કાદીયાવાળા)**

*સોના ચાંદીના દાગીના બનાવનાર તથા વેચનાર*
***KDM**ના દાગીના બનાવનાર*

શીવજી રામજીની બાજુમાં,
મેઈન બજાર, હનુમાન મંદિર પાસે,
નખત્રાણા-કચ્છ.

With Best Compliments

**સોની જયેશ રતીલાલ**
**સોની નીતિન રતીલાલ**



# સોની
# રતિલાલ હંસરાજ

**(અંગીયાવાળા)**

સોના-ચાંદીના ફેન્સી દાગીના
બનાવનાર તથા વેચનાર

**મેઈન બજાર, નખત્રાણા-૩૭૦ ૬૧૫.**
**(કચ્છ)**
**ફોન : (૦૨૮૩૫)(૯૧૫)**
**(ઓ) ૨૨૪૦૬ (રહે.) ૨૨૯૫૦**

**With Best Compliments**

શીશીર સોની
મો. ૯૮૨૫૩ ૫૯૪૭૯

# મે. સોની શીશીરકુમાર અમૃતલાલ

**સોના-ચાંદીના દાગીનાનાં વેપારી**

કંસારા બજાર, મોચી શેરી,
ભુજ - કચ્છ ૩૭૦ ૦૦૧. ફોન : ૩૨૪૯૬૮

# JOB OPPORTUNITY IN CUSTOM DEPARTMENT

The Staff Selection Commission of Govt.of India, is likely to held an examination for appointment of Inspectors of Customs, Central Excise, C.B.I., Income Tax etc. Departments in the near future and probably in the month of February,2007 for which the applications are invited and the application forms are to be submitted by 20th Nov.0ct.06. The Age limit prescribed is 27 yrs (Up to Aug.07).

The Service in these organizations of Govt. is the best, charming and respectable.

Specially, the services in Customs and Central Excise Deptt. is the best. In such organizations, the individual can earn good salary, avail best facilities and serve the society and nation excellently by way of detecting anti social, anti-smuggling activities and also economic offences / frauds. The youngsters, liking adventurous life and full with national spirit can nicely get the best opportunities to prove their intelligence, knowledge and their mussels power by way of curbing such activities, detecting such cases and also Narcotics cases. By that way, they can also earn the name, fame, Cash Rewards (Up to Rupees Ten Lacs) and various Awards in their services in Customs and Central Excise Department.

There are many Graduate, intelligent and adventurous youngsters in our society who are seeking for jobs. I personally feel that they should appear in such examinations and with hard work pass out the same. They should also join such department and brighten their carrier with the service as well as social service. I feel that we can publicize and suitably convey the above details in Our SETU so as to make conversant more and more people of our society.

The desirous candidates of our society may refer Employment News dtd.14-20 Oct, 2006. For getting further details the interested may contact.

***K.V.KANSARA,***
*Superintendent of Customs & Central Excise*

**With Best Compliments**

જયસુખલાલ જી. કંસારા
ગુલાબરાય જે. કંસારા
કિરીટભાઈ જે. કંસારા

અરવિંદભાઈ જે. કંસાર
જયેન્દ્રભાઈ જે. કંસારા
કિરણભાઈ જે. કંસારા

**જયેન્દ્ર એન્ડ કં.**
(વંથલીવાળા)
કંસારા બજાર, રાજકોટ.

**જયસન્સ**
યાજ્ઞિક રોડ, રાજકોટ.

ફોન : (૦૨૮૧) ૨૨૩૩૧૪૭, ૨૨૨૫૮૪૮

**With Best Compliments**



# સોની કિરણકુમાર મોહનલાલ

કસ્ટમ ચોક, ૧૨’ મેઈન રોડ, અંજાર, કચ્છ.

ફોન : ૨૪૧૩૨૭ • મોબાઈલ : ૯૪૨૭૨ ૪૯૬૮૮

**With Best Compliments**

**જગદીશભાઈ**

# આશા

## મોલ્ડીંગ વર્કસ

**શુધ્ધ કાંસાના B.M.K. માર્કાના મંજીરા, ઝાંઝ, જાલર તથા ઘંટ બનાવનાર**

મચ્છી પીઠ, આજાર (કચ્છ)-૩૭૦ ૧૧૦.

રહેઠંણ : ૨૫, વૃાતંવન દેંદંયટી, આજાર (કચ્છ)-૩૭૦ ૧૧૦.

**ફોન : (ઓ) ૨૪૩૪૫૯ (રહે.) ૨૪૩૪૬૦**
**મો. : ૯૮૨૫૪ ૬૧૯૨૦**

**મધુકાંતભાઈ**

# હીરલ

## HIRAL

**શુધ્ધ કાંસાના B.M.K. માર્કાના મંજીરા, ઝાંઝ, જાલર તથા ઘંટ બનાવનાર**

જેદલ સેંરલ દમંધિ રેંડ, આજાર (કચ્છ)-૩૭૦ ૧૧૦.

રહેઠંણ : ૨૫, વૃાતંવન દેંદંયટી, આજાર (કચ્છ)-૩૭૦ ૧૧૦.

**ફોન : (ઓ) ૨૪૩૪૫૯ (રહે.) ૨૪૩૪૬૦**
**મો. : ૯૮૨૫૯ ૭૯૬૫૦**

# મહિલા વિભાગ

## સ્વીટ ડિશીઝ

### મધુર મિલન

***સામગ્રી :-*** ૫૦૦ ગ્રામ રવો, ૫૦૦ ગ્રામ પીસેલી ખાંડ, ૫૦૦ ગ્રામ નાળિયેરનું ખમણ, ૫૦૦ ગ્રામ માવો, અડધો ગ્લાસ દૂધ, યલો કલર, ગ્રીન કલર, રેડ ટુટીફ્રુટી, નાની કટોરી ઘી.

***બનાવવાની રીત :-*** સૌ પ્રથમ એક વાસણમાં ઘી મુકી તેમાં રવો શેકવો. રવો શેકાવા આવે ત્યારે તેમાં નાળિયેરનું ખમણ નાખી (આ ખમણમાંથી ૭૫ ગ્રામ જેટલું ખમણ અલગ રાખવું) ફરી પાંચ મિનિટ શેકાવા દેવું. ત્યારબાદ તેમાં માવો તેમજ પીસેલી ખાંડ નાંખી નીચે ઉતારી લો. દુધમાં યલો કલર ઓગાળી તે દુધ ઉપરોક્ત મિશ્રણમાં નાખવું અને તેના નાના બોલ વાળવા. (આ બોલને અલગ રાખેલા ટોપરાના ખમણમાં રગદોળવા.) બોલ વળી જાય ત્યારે દુધની મલાઈમાં ગ્રીન કલર ઓગાળવું અને આંગળી વડે બોલ પર ટપકા કરવા અને છેલ્લે તેના પર રેડ ટુટીફ્રુટી ગોઠવવી. આ બોલ દેખાવ તેમજ સ્વાદમાં ખુબજ ટેસ્ટી લાગે છે.

### સ્નો બોલ્સ

***સામગ્રી :-*** ૨૦૦ ગ્રામ બિસ્કીટ (કોઈપણ), ૫૦ ગ્રામ કોકો પાવડર,૧૦૦ ગ્રામ પીસેલી ખાંડ, ૫૦ ગ્રામ ચેરી, ૧ કટોરી દુધ, ૨ ટી-સ્પુન દેશી ઘી, પ્રમાણસર માખણ.

***બનાવવાની રીત :-*** સૌ પ્રથમ બિસ્કીટને મિક્ષ્ચરમાં પીસી બારીક પાવડર બનાવવું. ત્યારબાદ તેમાં કોકો પાવડર, પીસેલી ખાંડ, તેમજ દુધ નાખી રોટલી જેવો લોટ બાંધી નાના બોલ વાળવા. ત્યારબાદ અલગ રાખેલી ખાંડ (આઈસીંગ સુગર પણ ચાલે)માં માખણ મીક્ષ કરી ઘટ પેસ્ટ બનાવી તેમાં થોડી પેસ્ટ લઈ દરેક બોલ પર લગાવવી. ચેરીના ૨ પીસ પાળી (ચેરી આડી કાપવી) જયાં વાઈટ પેસ્ટ લગાવેલ છે તેના પર ગોઠવવી જેથી સ્નો બોલ્સનો આકાર જોકર જેવો લાગશે. આ બોલ્સ પણ દેખાવમાં સારા તેમજ સ્વાદમાં ટેસ્ટી લાગે છે.

### ફ્રુટ કેક

***સામગ્રી :-*** ૫૦૦ ગ્રામ મીઠા બિસ્કીટ, ૫૦૦ ગ્રામ માવો, ૧૦૦ ગ્રામ પીસેલી ખાંડ, ટુટીફ્રુટી, (રેડ, યેલો, ગ્રીન), એસેન્સ (રોઝ, વેનીલા, પાઈનેપલ), કલર (રેડ, ગ્રીન, યેલો), ૨ ટી-સ્પુન ઘી, ૧ ગ્લાસ દુધ, વરખ.

***બનાવવાની રીતઃ-*** સૌ પ્રથમ બિસ્કીટનો પાવડર બનાવી તેના ત્રણ ભાગ પાડવા. એજ રીતે માવાને ખમણી તેના ત્રણ ભાગ પાડવા. ત્યારબાદ બિસ્કીટ પાવડરનો એક ભાગ લઈ તેમાં થોડી પીસેલી ખાંડ, રોઝ એસેન્સ, રેડ કલર તેમજ દુધ નાખી રોટલી જેવું લોટ બાંધો. થોડું ઘી લઈ ખુબ જ ટુંપવું. એજ રીતે ત્રણે લોટ અલગ અલગ કલર એસેન્સથી બાંધવા. ત્યારબાદ બિસ્કીટનો લોટ લઈને તેને પરોઠા જેવું વણવું અને તેના પર માવાનો એક ભાગ લઈ રોટલા પર પાથરવું (રોટલાના માપમાં). અને તેનો રોલ વાળવું એજ રીતે ત્રણે લોટના રોલ વાળવા. રોલ વળી જાય ત્યારે ત્રણે રોલ પર (આખા રોલ પર) વરખ લગાવવું અને છેલ્લે આ ત્રણે રોલને ફ્રીઝરમાં ૧૦ મિનિટ ઠંડા થવા મુકવા. ૧૦ મિનિટ બાદ ફ્રીઝરમાંથી કાઢી તેના સરખા પીસ પાડવા અને ખાવામાં ઉપયોગમાં લેવા.

નોંધ : ઉપરોક્ત ફ્રુટકેકમાં બિસ્કીટના પાવડરમાં કોકો પાવડર તેમજ માવાની જગ્યાએ કોપરાનું ખમણ નાખી મૅરી ચોકલેટ બનાવી શકાય છે.

***સુધા એ. બુધ્ધભટ્ટી - ભુજ***

## પ્યારા બાળકો

આવો બાળકો પ્યારા બનીએ,
કદી ન લડીએ કદી ન વઢીએ,
ભણીએ ગણીએ સારાં થઈએ,
ખોટા વ્યસન કદી ન કરીએ.
આવો બાળકો પ્યારાં બનીએ.
પહેલા નંબરે સફળ થઈએ,
મોટા થઈને સાહેબ બનીએ,
માતા પિતાનાં લાડકાં થઈએ,
ગુરુજનોના વહાલા બનીએ,
આવો બાળકો પ્યારાં બનીએ

***કુંજ કોટડિયા - અમદાવાદ***

## "જરૂરી છે"

*"રવિ લે રજા ત્યારે રજનીનાં પગલા જરૂરી છે.*
*રજનીને અંબર ઓઢાડવા આંભલા ટાંકેલ ઓઢણી જરૂરી છે.*
*સફળતામાં ભીંજાવા પુરૂષાર્થનું પાણી જરૂરી છે*
*પુરૂષાર્થના પાણીને પામવા મહેનતને નીચોવવી જરૂરી છે.*
*ભૂલને પશ્ચાતાપ હાથકડી પહેરાવે એ જરૂરી છે*
*એ હાથકડી પછી માનવી ભૂલને પહેરાવે એ જરૂરી છે.*
*'જીનલ' જીવન બાગમાં પાનખર અને વસંતની હાજરી જરૂરી છે.*
*એ હાજરીમાં સુખની સુવાસ ફેલાતી રહે એ જરૂરી છે.*

***જીનલ પ્રવિણભાઈ સોલંકી - નાગલપુર, માંડવી (કચ્છ)***

## FAMILY

I ran into a stranger as he passed by,
"Oh! excuse me please" was my reply.
He said, "Please excuse me too;
I wasn't watching for you"
We were very polite, this stranger and I.
We went on our way and we said goodbye.

But at home a different story is told,
How we treat our loved ones, young and old.

Later that day, cooking the evening meal,
My son stood beside me very still.

When I turned, I nearly knocked him down.
"Move out of the way," I said with a frown.

He walked away, his little heart broken.
I didn't realize how harshly I'd spoken.

While I lay awake in bed,
God's still small voice came to me and said,

"While dealing with a stranger,
common courtesy you use,
but the family you love, you seem to abuse.

Go and look on the kitchen floor,
You'll find some flowers there by the door.

Those are the flowers he brought for you.
He picked them himself: pink, yellow and blue.

He stood very quietly not to spoil the surprise.
You never saw the tears that filled his little eyes."

By this time, I felt very small,
And now my tears began to fall.

I quietly went and knelt by his bed;
"Wake up, little one, wake up," I said.

"Are these the flowers you picked for me?"
He smiled, "I found 'em, out by the tree.
I picked them because they're pretty like you.
I knew you'd like 'em, especially the blue."

I said "son I'm very sorry for the way I acted today;
I shouldn't have yelled at you that way."
He said, "Oh, Mom, that's okay.
I love you anyway."

I said "son, I love you too,
and I do like the flowers, especially the blue."

***Paresh pomal, Reena Pomal - Baroda***

---

## FAMILY

*Are you aware that if we died tomorrow, the company that we are working for could easily replace us in a matter of days.*

*But the family we left behind will feel the loss for the rest of their lives.*

*And come to think of it, we pour ourselves more into work than into our own family,*
*an unwise investment indeed,*
*don't you think?*
*So what is behind the story?*

***DO YOU KNOW WHAT THE WORD FAMILY MEANS?***

***FAMILY =***

(F)ATHER (A)ND (M)OTHER
(I) (L)OVE (Y)OU

***Paresh pomal, Reena Pomal - Baroda***

## નૂતન અભિલાષા

હે નાથ! મને માટીનું કોડિયું બનાવજે,
રંકની ઝૂંપડીના ઉંબરે પ્રગટાવજે,
અંદર બહારના અંધારા ઉલેચાવજે,
નાથ મને....
હે નાથ! મને મીઠું ધાન્યનું કોડિયું બનાવજે,
ભૂખી આંતરડીની ભીંતે સજાવજે,
તૃપ્તિનો મીઠો ઓડકાર ખવરાવજે,
નાથ મને....
હે નાથ! મને આછું પાતળું વસ્ત્રનું કોડિયું બનાવજે,
થરથરતી કાયાને માથે ઓઢાડજે,
મીંઠી ઊંઘનું હાલરડું ગવરાવજે,
નાથ મને....
હે નાથ! મને અમર પ્રીતડીનું કોડિયું બનાવજે,
પજવાયેલા હૈયે હેતે પ્રસરાવજે,
હોઠ ને હૈયાને મીઠું મલકાવજે.
નાથ મને....

***લતા સોલંકી - ભુજ***

# જ્ઞાતિનું ગૌરવ

## પ્રવીણચંદ્ર મોહનલાલ બગ્ગા



આપણી જ્ઞાતિના એક નેકને ઓળખવા.......... બહુમુખી પ્રતિભાશાળી પ્રવીણચંદ્ર મોહનલાલ બગ્ગા "ઉચ્ચ શ્રવા" તેઓ નખત્રાણા-કચ્છના વતની છે.

તેઓ પિરામીડોલોજીસ્ટ, પ્રાણિક-હિલર, અર્હાટિક યોગી, એમ-એસ્ટ્રોનોમર, શિસ્મીક રીસર્ચર, નેચરાલીસ્ટ, બર્ડ વોચર, એમ ફોટો ગ્રાફર, આર્યુવેદ વિદીત, સંશોધક, લેખક અને કવિ છે. ઇતિહાસ, વિજ્ઞાન, મિસ્ટરી જેવા અનેક વિષયો પર તેઓ સત્યશોધક સંશોધન કરતાં રહે છે અને સંશોધન લેખો લખતાં રહે છે. પીરામીડ પર ૧૯૯૮થી સંશોધન કરે છે. ૧૯૯૫માં કચ્છમિત્રની રવિ પૂર્તિમાં પાંચ હપ્તામાં તેમનો રીસર્ચ આર્ટીકલ પ્રસિધ્ધ થયેલો હતો. આકાશવાણીમાં પણ વાર્તાલાપ આપેલ હતો. એમણે કોકાકોલા-પેપ્સીને ટક્કર મારે એવું હર્બલ સોફ્ટ ડ્રિન્ક શોધી કાઢેલ છે, જેનાથી શરીરની ગરમી ઉપરાંત કબજીયાત જેવા અનેક રોગો મટાડી સૌંદર્ય વધારે છે. એ વનસ્પતિમાંથી બને છે. તેમાંથી જ બીજી પ્રોડકટ ચોકલેટ, મીન્ટ, બીસ્કીટ, ટૂથ-પેસ્ટ હર્બલ-ટી પણ બનાવી શકાય છે. પ્રોડકશન અને માર્કેટીંગ કરવાને બદલે કોઈ મોટી કંપનીને તેની ફોર્મ્યુલાઓ વાપરવા આપી મોટી રોયલ્ટી મેળવી શકાય. પરંતુ મલ્ટીનેશનલ કંપની આ માટે વપરાતી વનસ્પતિ જે ફક્ત ભારતમાં ઉગે છે, તે વાપરીને આપણા પર્યાવરણને ગંભીર ક્ષતિ પહોંચે તેમ હોઈ આ શોધ તેમણે રદ કરી મૂકેલ છે.

તેઓ ૧૯૮૮થી ભૂકંપ પૂર્વાનુમાન અંગે સંશોધન કરી રહ્યા છે. તેમણે વૈશ્વિક ભૂકંપ-જવાળામુખીના પૂર્વાનુમાન સફળતાપૂર્વક સંશોધન કરેલ છે. આ શોધ કોઈ વ્યક્તિ કે સંસ્થાની મદદ વિના એકલા હાથે કરેલ છે. ઓછી તીવ્રતાનો ભૂકંપ થવાનો હોય તો મોનીટરીંગના પાંચમાં દિવસે થાય છે. અને વધુ તીવ્રતાથી અથવા જવાળામુખી થવાનો હોય છઠ્ઠા દિવસે છે, આ સર્વગ્રાહી પધ્ધતિ હોવાથી વિશ્વભરમાં થનારા બધાં જ ભૂકંપ-જવાળામુખી પ્રવૃતિની EARLY WARNING અગાઉથી મળી જાય છે, આ શોધ મહતમ બેનીફીટ છે.

આ છ દિવસ દરમ્યાન વિશ્વભરના સિસ્મીક ઝોન્સ પર એનીમલ બિહેવ્યર પર યા બીજી ઉપલબ્ધ પદ્ધતિથી વોચ રાખી લોકેશન્સ શોધી શકાય, ૨૦૦૧ના કચ્છમાં ૨૬મી જાન્યુઆરીના આવેલ ભૂકંપના દિવસે જ ન્યુઝીલેન્ડમાં ROTORUA જવાળામુખી ફાટયો હતો. ૧૭-૩-૨૦૦૬ના કચ્છ ભારતી સહિતના અખબારોમાં ૨૯મીએ સૂર્યગ્રહણના દિવસે ૮.૪ના ભૂકંપની ભવિષ્યવાણી મુજબના સમાચાર આવેલ હતાં ત્યારે કેટલા કેટલા મેગ્નીટયુડ વચ્ચે ભૂકંપ આવે એ શોધી કાઢવાની જરૂરીયાત ઉભી થયેલી. અને પ્રથમ વખત તા.૨૫-૩-૨૦૦૬ના મોનીટરીંગ કરી નોંધ્યું હતું કે તા.૨૯-૩૦ માર્ચ ૨૦૦૬ના ભૂકંપો ૪.૮થી ૬.૫ વચ્ચેના મેગ્નીટયુડ અંદર જ થાય ત્યારે તા.૨૯-૩૦ માર્ચ ૨૦૦૬ના ભૂકંપો વર્ડ - ડેટા ચકાસવામાં આવ્યા ત્યારે કચ્છમાં 3.5 m અને વિશ્વભરમાં ૫.૧ થી ૫.૩ કરતાં મોટા ભૂકંપો નોંધાયા ન હતા આ એક અનેરી સિધ્ધિ કહેવાય તેમની આ આગવી પધ્ધતિને "EARLY WARNING SYSTEM FOR GLOBLE SEISMIC HAZARDS" નામ આપેલ છે. http:/www.glo-seismo-warn.org નામની ભૂકંપ રીસર્ચની પર્સનલ વેબ સાઈટ પણ ખુલ્લી મુકેલ છે.

વિશ્વભરમાં આવી સર્વ પ્રથમ વેબ સાઈટ છે. જેને GLOBAL RESOURCE CENTER કહી શકાય. તેઓ મોનીટરીંગ ડેટા એનાલીસીસ કરી વેબ સાઈટ પર અપલોડ, બીજી અન્ય કાર્યવાહી ઉપરાંત તેમનો વ્યવસાય એકલાપણે સંભાળે છે. પ્રાચિન સિક્કા સંગ્રહ, ટિકિટ સંગ્રહ, ફોસીલ્સ કલેકશન, પર્સનલ લાયબ્રેરી અને સંગીતના પણ શોખીન છે. આપણી જ્ઞાતિના ગૌરવ સમાન એકલવીર એમની શોધમાં ઉત્તરોતર સિધ્ધિ મેળવે એવી શુભેચ્છા.

*તુમ્હારી ખુશિયોં કા પ્યાલ છલકતા રહે.*
*જિંદગી કા ચમન ભી મહેકતા રહે...*
*ચાંદ સૂરજ હો જબતક આસમાન મે.*
*તુમ્હારી કિસ્મત કા તારા ચમકતા રહે...*
*આપ ઉતરોત્તર સામાજિક તથા ક્ષેત્રે કાર્ય*
*સિદ્ધિ ચોસર કરતા રહો એજ શુભેચ્છા.*

***પ્રેષક : સોની પ્રકાશ. પી. (શંભુ)***

## એટલા સસ્તા ન બનો

*એટલા નરમ ના થાઓ કે, લોકો તમને ખાઈ જાય.*
*એટલા ગરમ ના થાઓ કે, લોકો તમને અડી પણ ના શકે.*
*એટલા સરળ ના થાઓ કે, લોકો તમને મુરખ બનાવી શકે.*
*એટલા અવડા પણ ના થાઓ કે લોકો તમને મળી પણ ના શકે.*
*એટલા ગંભીર ના બનો કે, લોકો તમારાથી કંટાળી જાય.*
*એટલા છીછરા પણ ના બનો કે, લોકો તમને ગણકારે નહી.*
*એટલા મોંઘા ના બનો કે, લોકો તમને બોલાવી ના શકે.*
*એટલા સસ્તા પણ ન થાઓ કે, લોકો તમને નચાવ્યા કરે.*

***સોની પ્રકાશ પી. (શંભુ)-નખત્રાણા***

With Best Compliments
પ્રશાંત કંસારા ● જે. કે. કંસારા
મો. ૯૮૨૫૨ ૬૯૫૭૪

કુનાલ સેલ્સ

વાસણ તેમજ પ્રેઝન્ટેશન આઈટમના હોલસેલ વેપારી

ઓથો.ડીલર
REGAL LINE

વાણિયાવાડ, ગોવાર શેરી,
ભુજ - કચ્છ ૩૭૦ ૦૦૧.
ફોન : ૦૨૮૩૨-૩૦૯૪૮૨

WITH BEST COMPLIMENTS
દયારામભાઈ સી. સોની
રાજુભાઈ ડી. સોની
મો. ૯૮૨૫૪ ૯૩૪૯૧



શ્રી કરણ કૃપા જ્વેલર્સ

સોના-ચાંદીના ફેન્સી દાગીના
બનાવનાર તથા વેચનાર

વિરાણી રોડ, મણીનગર,
નખત્રાણા - કચ્છ.

With Best Compliments

હરીભાઈ
98242 98904

મણીભાઈ
98790 80844

KZM

કંસારા ઝવેરીલાલ માધવજી

વાસણના વેપારી

કંસારા બજાર, ભુજ-કચ્છ. ● ફોન : ૨૨૨૪૬૫

# યુવા પ્રતિભા

## સુરેશ લાલજીભાઈ બીજલાણી



સુમધુર અવાજ, સ્પષ્ટ ઉચ્ચારણ, વિષય પરની પકડ, રજૂઆતમાં નિપુણતા અને આત્મવિશ્વાસથી છલકાતા હાવભાવ એ ભુજ નિવાસી યુવા કલાકાર શ્રી સુરેશ લાલજી બીજલાણીની આગવી ઓળખ છે. હાલમાં ખેડબ્રહ્મા ખાતે આયોજીત ચિંતન શિબિર દરમ્યાન કાર્યક્રમનું સુયોગ્ય સંચાલન કરી સુરેશભાઈએ સૌ જ્ઞાતિ અગ્રણીઓના મન પર અમીટ છાપ અંકિત કરેલ છે.

શ્રી સુરેશભાઈનો જન્મ ભુજ સ્થિત સોની લાલજીભાઈ બેચરદાસ તથા મણિબેન લાલજીભાઈને ત્યાં વર્ષ ૧૯૬૪માં થયેલ.

શાળા જીવન દરમ્યાન સ્ટેજ સાથે જોડાયા. ગીત-સંગીત અને નાટકોમાં ભાગ લેવાનું શરૂ કર્યું. એ દરમ્યાન આકાશવાણીનાં બાળકો માટેનાં કાર્યક્રમમાં ભાગ લેતા. ત્યારબાદ ૧૯૮૦થી સ્ટેજ કાર્યક્રમોનું સંચાલન સંભાળ્યું. કોલેજનાં અભ્યાસ દરમ્યાન ત્રિઅંકી નાટકોમાં ભાગ લીધો અને લેખન કાર્ય પણ શરૂ કર્યું.

૧૯૯૪માં આકાશવાણી-ભુજનાં ઉદ્‌ઘોષક-કોમ્પેરર તરીકે વોઈસ ટેસ્ટમાં સિલેકટ થયા બાદ અત્યાર સુધી કેઝયુઅલ એનાઉન્સર તરીકે સેવા ચાલુ છે.

ભૂકંપ બાદ અનેક સંસ્થાઓ સાથે જોડાઈ શેરી નાટકો અને રેડિયો-ટીવી કાર્યક્રમો આપ્યા. દૂરદર્શનની ટીવી સિરિયલ 'મૂંઝારો'-માં ભજનિકનો રોલ કર્યા બાદ 'તોરલવાણી' - 'ધાડ' ફિલ્મમાં પણ કામ કર્યું. 'લગાન' ફિલ્મમાં પણ તક મળી.

કચ્છ મહિલા વિકાસ સંગઠન દ્વારા ચાલતા રેડિયો કાર્યક્રમોનું લેખન-નિર્દેશનનું કામ કર્યું. ઉપરાંત પ્રગટ થતાં સામયિકોમાં પ્રસંગ અનુરૂપ ચિત્રો દોરવાનું કામ પણ કર્યું.

તેમને ચાંદીકામમાં વિશેષ કરીને દેવી-દેવતાઓની મૂર્તિ પર એન્ગ્રેવીંગ-મીનાકારી કામ તથા એમ્બોસીંગ કામમાં નિપૂણતા છે.

ભૂકંપ બાદ આપણા ધંધાની લાઈન તૂટી જતાં ફોટોગ્રાફીનાં શોખને ધંધામાં પરિવર્તીત કર્યા બાદમાં વિડીયો શુટીંગ પણ શરૂ કર્યું.

મારૂ કંસારા સોની જ્ઞાતિનાં અનેક સ્ટેજ કાર્યક્રમોનું સફળ સંચાલન ઉપરાંત તૃતીય સમૂહ લગ્નમાં મંત્રીપદે રહી સમૂહ લગ્ન સફળતાપૂર્વક પાર પાડ્યા હતા.

રાષ્ટ્રીય સ્તરે ચાલતી ભારતીય સંસ્કૃતિને જાળવતી 'સંસ્કાર ભારતી' નામની સંસ્થાના ભુજ શહેર સમિતિનાં મહામંત્રીપદે નિમાયા છે. અને એ સંસ્થાનાં નેજા હેઠળ અનેક સાંસ્કૃતિક કાર્યક્રમો યોજે છે. નાટકોની સ્ક્રીપ્ટ રાઈટીંગ, ડાયરેક્શન અને રોલ ભજવવાના શોખને જાળવી રાખ્યો છે અને આપણી જ્ઞાતિમાં પણ આ શોખ ધરાવતા ભાઈ-બહેનોને માર્ગદર્શન આપવા તત્પર છે.

નાટ્યક્ષેત્રમાં 'સુબી'ના હુલામણાં નામે જાણીતા સુરેશ બીજલાણી કળાક્ષેત્રમાં વધુને વધુ આગળ ધપવાની ઈચ્છા ધરાવે છે.

'જ્ઞાતિ સેતુ' આ યુવા પ્રતિભાને હાર્દિક શુભેચ્છા પાઠવે છે. તેમની કલમનો પ્રસાદ 'સેતુ' મારફતે સમગ્ર જ્ઞાતિ સમાજને મળતો રહે તેવી આશા.

*— અતુલ સોની, અમદાવાદ*

❑ કાર્ડ
❑ કવર
❑ કંકોત્રી
❑ સ્ટીકર
❑ લેટરપેડ
❑ વિઝીટીંગ કાર્ડ
❑ ઓફિસ ફોર્મ્સ

મુકેશ એમ. કંસારા
**ઉદય પ્રિન્ટર્સ**
સ્ક્રીન એન્ડ ઓફસેટ પ્રિન્ટર્સ

હેમેન્દ્રભાઈ કંસારા ● પ્રફુલભાઈ કંસારા
**ઉદય સ્ટેશનરી માર્ટ**
બુક સેલર્સ એન્ડ સ્ટેશનર્સ
● ડાયરી કેલેન્ડર ● ઓફિસ સ્ટેશનરી ● સ્કુલ સ્ટેશનરી ● કોમ્પ્યુટર સ્ટેશનરી ● પાઠ્યપુસ્તકો ● વેપારી ચોપડાઓ ● સ્પોર્ટસ ગુડ્સ ● ગ્રિટીંગ્સ ● ગીફ્ટ આર્ટીકલ્સ ● ઝેરોક્ષ એન્ડ લેમિનેશન

મેઈન બજાર, આશાપુરા ચોક, નખત્રાણા, કચ્છ. ફોન : (૦૨૮૩૫) ૨૨૨૨૬૫, ૨૨૨૯૬૫ મો. ૯૮૨૫૦ ૭૨૮૬૫

# "વરવું રૂપ વ્યસનનું!"

*વ્યઃ 'વ્ય' એટલે વ્યથામાં વધારો*

*સઃ 'સ' એટલે સત્યથી ચલિત કરે,*

*નઃ 'ન' એટલે નફફટ બનાવે.*

અગાઉના એક અંકમાં નાગલપુર(માંડવી)ના કુ.જીનલ પ્રવિણભાઈ સોલંકી દ્વારા લેખિત "વ્યસનમુક્તિ કે જીવનમુક્તિ" લેખના ઉપરોક્ત શબ્દો વાંચતાની સાથે જ આ 'વ્યસન'ના વરવા સ્વરૂપને ઉજાગર કરતી, તાદશ્ય કરતી સત્ય ઘટનાની સ્મૃતિ મન પર ઉપસી આવી.

ફળીયામાં રહેતાં તે કુટુંબના ચાર પુત્રોમાં સૌથી નાનાં પુત્રનાં લગ્ન, મેગાસિટીમાં રહી-ઉછરેલી-ભણેલી ખૂબજ સુંદર યુવતી સાથે થયાં. આખો ફળિયો તેનાં રૂપની સાથે-સાથે તેના રહન-સહનની રીતભાત અને મિલનસાર સ્વભાવના કારણે તે નવવધૂના વખાણ કરતાં થાકતો નહતો. આર્થિક રીતે સાધન-સંપન્ન એવા આ કુટુંબના ચારેય પુત્રો અને સ્વયં માતા-પિતા પણ નાનાં પુત્રના લગ્ન પછી જુદા-જુદા રસોડા શરૂ કરી દીધાં. જેથી ભવિષ્યમાં કોઈપણ અડચણ કુટુંબને વ્યથિત ન કરે. પાસે-પાસેનાં ચાર ઘરોમાં સૌથી નાના પુત્ર અને ત્રીજા નંબરના પુત્ર તથા પુત્રવધૂઓએ સાથે જ રહેવાનું નક્કી કર્યું. નાની પુત્રવધૂ બધીજ રીતે નિપુણ, બધાનાં કામોમાં હોંશે-હોંશે ભાગ પડાવે અને વધારાની ઇતર પ્રવૃત્તિઓ કરે. નાના પુત્ર-પુત્રવધૂની વચ્ચે અન્ય ભાઈઓનાં કુટુંબ કરતાં વધુ પ્રેમ. નાનો પુત્ર પોતાની પત્ની પર આફ્રિન! તેમના ઘરે પુત્રનો જન્મ થયો. નામ રાખ્યુ 'ખુશ'. આ કુટુંબ ખુશ-ખુશાલ રીતે જીવન વિતાવતો હતો. જે જોઈ સર્વેને પ્રસન્નતાની સાથે મીઠી ઈર્ષ્યા પણ થઈ આવતી.

અમે એ ફળીયો છોડયો. ત્રણેક વર્ષ પછી એ ફળીયાના એક ઘરમાં બેઠી હતી, ત્યાંજ એક સ્ત્રી ખુલ્લાં પગે, રોતી-રોતી દોડતી જઈ રહી હતી, પાછળ એક વડીલ તેને પકડવા દોડી ગયા. થોડીવારે બહુ જ રોક્કળ સાથે કોઈ ઝઘડાનો અવાજ સંભળાયો. બારી બહાર જોયું તો તે નાની પુત્રવધૂ હતી. તે અસહાય થઈ, તેને પકડીને ઊભેલા તેના જ પિતાને છોડી અને ભાગી જવા દેવા વિનંતી કરી રહી હતી. મોટા બે પુત્રો અને અન્ય પરિવારજનોને નાની પુત્રવધૂનાં પિતા આજીજી સાથે કહેતાં હતાં કે, "હું મારી પુત્રીને મારા સાથે લઈ જવા તૈયાર છું, પણ એને આ ઘર છોડવું નથી. મકાન વગેરે બધું જ તો તમને સોંપી દીધું છે. હવે એને શાંતિથી જીવવા દો. એની આવી હાલત જોઈનેય તમને દયા નથી આવતી? જીવનસાથી તો એ ખોઈ ચૂકી છે! હવે, તમે કહેતા હો તો આને પણ મરી જવા દઉં! જેથી તે આ પીડામાંથી છૂટે!"

બારી બહારનું આ દશ્ય જોઈ શરીરે કંપારી છૂટી ગઈ. નાની પુત્રવધૂને પહેલી નજરે તો ઓળખી પણ ન શકાય તેવી તેની દશા હતી. તેની આવી દશા કેમ થઈ? જાણવા મળ્યું, ત્રણ-ચાર મહિના પહેલાં નાનાં પુત્રનાં લીવર અને કિડની ફેઈલ થતાં તેનું મૃત્યુ થયું છે. વાસ્તવમાં નાનો પુત્ર દારૂનો વ્યસની બની ગયો હતો, અને છેલ્લા કેટલાક સમયથી આ વ્યસન ચરમસીમાએ પહોચ્યું હતું. ડોકટરની સતત ચેતવણી હોવા છતાંયે તે આ વ્યસન છોડી શક્યો નહિં. ઘરના અન્ય સભ્યોએ પણ થોડી બેજવાબદારી દાખવી અને પરિણામ આવ્યું, 'ધનતેરસ' જેવાં મોટા દિવસે નાના પુત્રની વિદાય!

શું દુઃખ હતું તે પુત્રને? શું ખામી હતી જીવનમાં? ભર્યા ભર્યા બગીચા જેવાં જીવનમાં શા માટે વ્યસનની આગ ચાંપી? કંઈ જ નહિં. ફક્ત શોખ ખાતર, ફેશન ખાતર પડેલી કુ-આદતે જીવન છીનવી લીધું! પોતાનું જીવન ખોયું અને પત્ની અને પુત્રને જીવનભરની વ્યથા બક્ષી! જે પત્ની અને પુત્રને શ્રેષ્ઠત્તમ જીવન શૈલી બક્ષ્યા તે જ પત્ની અને પુત્રને જીવનભરનો ખાલીપો બક્ષ્યો!

આ સત્ય ઘટનાનો અત્રે ઉલ્લેખ કરવાનો હેતુ એટલો જ કે આવા વ્યસનો આપણી આસપાસ ક્યાંય ડેરો જમાવે તે પહેલાં તેને હડસેલી દેવું. વેરણ-છેરણ થયેલા આ કુટુંબને યાદ કરતાં આજે પણ કંપારી છૂટે છે. આ દુનિયામાં કંઈ કેટલીયે કુદરતી આફતો આવે છે. તેની સામે આપણે ઝઝૂમવું પડે છે, ત્યારે આવી માનવસર્જિત 'વ્યસન' રૂપી આફતોને ટાળી, કુટુમ્બોને વેરણ-છેરણ થતાં અટકાવવા આપણે કટિબદ્ધ બનશું?

*કુ.એકતા કટ્ટા - અંજાર*




With Best Compliments

જયંતિલાલ કંસારા

વિપુલ કંસારા

દરેક જાતના ત્રાંબા, પિત્તળ, એલ્યુ. સ્ટેનલેસ વાસણના વેપારી

**વિપુલ મેટલ સ્ટોર્સ**

મેઈન બજાર, નખત્રાણા-કચ્છ.

ફોન : (૦૨૮૩૫) ઓ. ૨૨૮૩૦ રે. ૨૨૦૩૦

# 'મહિલા પાંખ' – એક મજબૂત સંગઠન

કોઈપણ સમાજનાં ઘડતરમાં સ્ત્રીનો ફાળો મહત્ત્વનો હોય છે. ઘણી જગ્યાએ આ વાતને નજરઅંદાજ કરવામાં આવે છે. પણ હકીકત સ્વીકારવી જ પડે. માતૃશક્તિ અને વિશ્વાસનું ઝરણું એટલે મહીલા સંગઠન. આજે જ્યારે સમાજમાં ભ્રૂણ હત્યા જેવા દૂષણો વધી રહ્યા છે, એ સામાજિક પતનની નિશાની છે. સંસાર રથમાં સ્ત્રી-પુરુષને સમાન પૈડાં બતાવાયા છે. જો એક પૈડું અસ્થિર હશે તો સંસાર રથ આગળ નહિં વધે.

આપણે ગૌરવથી કહેવું પડે કે શ્રી મારૂ કંસારા સોની સમાજમાં મહિલાઓનું એક અગ્રીમ સ્થાન છે. દહેજ કે ભ્રૂણ હત્યા જેવા દૂષણો આપણા સમાજમાં પ્રવેશ્યા નથી અને સામાજિક જાગૃતિને લીધે જ મહિલાઓ અનેક ક્ષેત્રે આગળ છે. ૧૯૯૪માં જ્યારે યુવક મંડળની સ્થાપના થઈ ત્યારે જ કુ. સુધા બુધ્ધભટ્ટીનાં નેજા હેઠળ મહિલા પાંખની પણ રચના કરવામાં આવી. આ મહિલા પાંખ જ્ઞાતિની કારોબારી સાથે રહી શૈક્ષણિક, સામાજિક કાર્યોમાં એક મજબૂત આધાર સ્તંભની જેમ ઊભી રહે છે. જ્ઞાતિનાં સમૂહ લગ્ન હોય કે સરસ્વતી સન્માન કાર્યક્રમ દરેક કાર્યોમાં મહિલા પાંખની બહેનોનો ટેકો હોય જ. સૌ પ્રથમ '૯૪માં જ્ઞાતિનાં યુવાન ભાઈ-બહેનો માટે 'એક મિનિટ'નો કાર્યક્રમ મહિલા પાંખ દ્વારા આયોજીત કરવામાં આવેલ. કુલ ૧૧૦ એન્ટ્રી અને ૧૯ ગેઈમમાં જ્ઞાતિજનોને ખૂબ રસ પડેલો. આ સફળ કાર્યક્રમમાં જ્ઞાતિ પ્રમુખ શ્રી ઈન્દ્રભાઈ સોલંકી, લતાબેન સોલંકી તથા મંજુલાબેન બુધ્ધભટ્ટી, ચાની બુધ્ધભટ્ટી, જયશ્રી બુધ્ધભટ્ટી સાથે રહ્યા હતા. શ્રી સુરેશ બીજલાણી, સુધા બુધ્ધભટ્ટી અને રીટા પોમલે સંચાલન કર્યું હતું.

એ જ રીતે ૯-૫-૯૯નાં અંતાક્ષરીનો કાર્યક્રમ પણ ખૂબ જ સફળ રહ્યો હતો. કુલ ૫૦ જેટલાં યુવક-યુવતીઓએ બે ગ્રુપમાં રહી ભાગ લીધેલો. આમ, મહિલા પાંખ સમયાંતરે મહેંદી, વાનગી જેવા વર્ગો ગોઠવી જ્ઞાતિની મહિલાઓને સતત પ્રોત્સાહીત કરે છે. હાલમાં જ મા કાલિકાનું નવનિર્માણ પામેલ મંદિર બન્યું. એનાં સ્થાપનાં કાર્યક્રમમાં મહિલા પાંખ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમોએ ઉજવણીમાં ચાર ચાંદ લગાવી દીધેલા. ગીત-સંગીત, દાંડિયારાસ અને ધાર્મિક કાર્યક્રમોમાં મહિલા પાંખની સક્રિય ભૂમિકા રહી.

કુ. સુધા બુધ્ધભટ્ટી મહિલા પાંખના એક મજબૂત કાર્યકર બહેન છે. એમનામાં રહેલી શક્તિ જ્ઞાતિની બહેનોને સદા માર્ગદર્શન આપતી રહે છે. એમનાં દ્વારા વાનગી બનાવવાનાં, પરફ્યૂમ બનાવવાનાં કલાસીસ જ્ઞાતિની બહેનો માટે અવારનવાર ગોઠવાતા રહે છે અને જ્ઞાતિની બાળાઓ હોંશે હોંશે ભાગ લે છે. ઉપરાંત કુ. ક્રીશ્ટા બારમેડા દ્વારા મડ-વર્કનાં વર્ગોમાં ભાગ લઈ ઘણી બહેનો મડ-વર્ક દ્વારા શોખની સાથે આવક પણ મેળવતી થઈ છે.

અભ્યાસની દૃષ્ટિએ આપણી જ્ઞાતિમાં છોકરાઓ કરતાં છોકરીઓ આગળ રહે છે. જ્ઞાતિની બહેન ઉચ્ચ અભ્યાસમાં આગળ વધી રહી છે અને શિક્ષણ ક્ષેત્રે કે અન્ય વ્યવસાયમાં આવક મેળવી પોતાના કુટુંબને આર્થિક રીતે પણ સહાયરૂપ બનવા લાગી છે. મહિલા પાંખ, આ માટે બહેનોને પ્રોત્સાહિત કરે છે.

આગામી આયોજનમાં મહિલા પાંખ દ્વારા માતાજીનાં પ્રાંગણમાં જ નવરાત્રિ મહોત્સવ ઉજવવાની તૈયારીઓ ચાલે છે. જેમાં જ્ઞાતિની બાળાઓ ઉમંગભેર ભાગ લેશે અને સૌ જ્ઞાતિજનો એમને પ્રોત્સાહિત કરશે. એ માટે શ્રીમતી લતાબેન સોલંકી, કુ. સુધા બુધ્ધાભટ્ટી અને ઘણી બધી બહેનો આયોજન ગોઠવી રહ્યા છે.

આપણી ભારતીય સંસ્કૃતિનાં ઐતિહાસિક પાત્રોની બાળકો માટે વેશભૂષા હરિફાઈ ઉપરાંત બહેનો માટે મોતીકામ, કાથીમાંથી ઝૂલા બનાવવા, વેસ્ટ માંથી બેસ્ટ જેવા અનેક કાર્યક્રમો આગામી સમયમાં ગોઠવવાની જહેમત થઈ રહી છે. હાલનાં જ્ઞાતિ પ્રમુખશ્રી અમુભાઈ તેમજ યુવક મંડળનાં પ્રમુખ શ્રી સુનીલ કંસારા અને સર્વે કારોબારી સભ્યો આ માટે આર્થિક સહયોગ ઉપરાંત પ્રોત્સાહન પૂરું પાડી મહિલા પાંખને મજબૂત ટેકો પૂરો પાડે છે.

*સુરેશ બીજલાણી 'સુબી'*

## જુગાર

ભાઈઓ જુગાર તો તમે એકલા રમો છો, પણ ધ્યાનથી જુઓ તો તમે તમારા પરિવારને પણ રમો છો. કારણ કે તમારા માતા-પિતા પત્નિ-બાળકો બધાં જ તમારા પર નિર્ભર હોય છે.

કોઈ વેપારી-વેપાર કરીને કોઈ મજુર-મજુરી કરીને તેમજ કામકાજ વગેરે કરીને પોતાની જીંદગી શાંતિથી પસાર કરે છે.

પણ તમે ક્યાંય સાંભળ્યું કે વાંચ્યું છે કે કોઈપણ જુગારી એ આખી જીંદગી જુગાર રમીને શાંતિથી પસાર કરી હોય! ન હોય કારણ કે જુગાર એ વેપાર કે ઉદ્યોગ નથી.

જુગાર રમવાથી આપણે વેપારી સાથે વિશ્વાસ ગુમાવીએ છીએ. તેમજ આપણી રોજીરોટીની દુકાન બંધ કરીને તાળાં મારીએ છીએ. માટે જાગો! તમને જો તમારા પરિવારને સુખી રાખવું હોય તો જુગાર રમવાનું કાયમ માટે બંધ કરો.

*જીતેશ કાંતિલાલ બુધ્ધભટ્ટી - માધાપર, ભુજ*

# "અવિછિન્ન પરંપરાઃ નૈવેદ્ય"

*"શ્રધ્ધા વિણ અંધ આંખે ન દિસે સાક્ષાત જગન્નાથ,*
*શ્રદ્ધા સબૂરી હોય તો પાષાણેય પ્રગટે જગન્નાથ"*

માણસમાત્ર, તે પછી ગમે તે ધર્મ, સંપ્રદાય કે પંથનો હોય થોડી-બહુ માત્રામાં શ્રદ્ધા ધરાવતો હોય છે. આ શ્રદ્ધાથી સંબંધિત થતી વિભિન્ન ક્રિયાઓ સમયાંતરે પરંપરામાં પરિણમતી હોયછે. આ પરંપરાઓમાં એક અવિછિન્ન પરંપરા છે, દેવ-દેવીઓ ને કર અથવા નૈવેદ્ય કરવાની. આપણી જ્ઞાતિમાં પણ જુદાં-જુદાં નુખનાં કુળદેવ-દેવીઓને કર કે નૈવેદ્ય (નિવેદ) કરવાની પરંપરા શ્રદ્ધાસહ જળવાય છે. જુદાંજુદાં નુખની આ પરંપરાને આલેખિત કરવાનો પ્રયાસ કર્યો છે. અત્રે'કટ્ટા' નુખનાં કુળદેવ-દેવી, ખેતરપાળ, પુરસાદાદાનાં વિભિન્ન ઉત્સવો અને વ્યવહારીક પ્રસંગોએ થતાં નૈવેદ્યનું આલેખન કર્યું છે.

'કટ્ટા' ગૌત્રની ઉત્પત્તિ અંદાજે વિક્રમ સંવત્ ૬૮૯નાં વર્ષે રાજસ્થાનનાં જેસલમેર શહેરથી છ કિલોમીટર દૂર પ્રાચીન 'લુદ્‌વાગઢ' નામક સ્થળે થયેલ માનવામાં આવેલ છે. તેઓનું કચ્છમાં આગમન અંદાજે ૪૦૦ વર્ષ પૂર્વે થયું હશે. કચ્છમાં પ્રથમ મુદ્રામાં વસવાટ કર્યા બાદ સમયાંતરે જુદાં-જુદાં સ્થળે વસવાટ કર્યું હશે, તેવો અંદાજ 'કટ્ટા' ગોત્રનાં મુદ્રા સ્થિત કુળદેવી શ્રી ચામુંડા માતાજીનું શિખરબદ્ધ સ્થાનક આપે છે, જે અંદાજે ૪૦૦ વર્ષ જુનું છે. ગત વર્ષ આસો સુદ એકમનાં દિવસે તેની દેરીનો જીર્ણોધ્ધર કરવામાં આવ્યો. આ ઉપરાંત કચ્છમાં ભુજ, અંગિયા, બાંડિયા મધ્યે પણ 'કટ્ટા'ગોત્રનાં કુળદેવીનું સ્થાનક આવેલ છે. વિથોણ પાસે ચાવડકા ગામનાં સીમાડે આ ગોત્રનાં પુરસાદાદાનું સ્થાનક આવેલ છે. જ્યારે ખેતરપાળ દાદાનું પૂજન-અર્ચન અધિકાંશતઃ કુળદેવીનાં સ્થાનકે જ થતું હોય છે.

આ 'કટ્ટા' ગોત્ર જેઓનાં વંશજ છે તે શ્રી લોહડજી, જેઓને રાજસ્થાની કટ્ટા ભાઈઓ 'દાદોજી' નામે સંબોધે છે ત્યાં કુળદેવ તરીકે પૂજે છે, તેઓનું સ્થાનક પ્રાચીન સમયે લુદ્‌વા-ગઢ ખાતે હતું. જેનું સંવત ૧૯૬૫માં બિકાનેરમાં સ્થળાંતર થયું જે આજે પણ અતિ પૂજનીય છે.

અત્રે તે ઉલ્લેખનીય બાબત છે કે, જૂના કાળમાં વાહન વ્યવહાર દુષ્કર હોતાં અને કુળદેવ-દેવી પ્રત્યે અતિ શ્રદ્ધા હોતાં આપણા પૂર્વજો જ્યારે જુદાં-જુદાં સ્થળોએ વસવાટ કરવા લાગ્યા ત્યારે પોતાની સાથે કુળદેવ-દેવીની પણ જે તે સ્થળે સ્થાપના કરી હશે. તેથી એક જ ગૌત્ર હોવા છતાં કુળદેવ-દેવીનાં સ્થાનક જુદાં-જુદાં છે, અને તેને પૂજનાર બંધુઓ પણ એક જ ગોત્રનાં હોવા છતાં મુન્દ્રાવાળા, અંગિયાવાળા વિગેરે જેવાં નામોથી પણ ઓળખાય છે ત્યાં તેઓ દ્વારા થતાં નૈવેદ્યમાં પણ તફાવત હોઈ શકે.

મુન્દ્રા સ્થિત શ્રીચામુંડા માતાજીનાં સ્થાનકે પૂજનાર કટ્ટા બંધુઓનાં વિભિન્ન નૈવેદ્ય નીચે મુજબ છે.

***કુળદેવીનાં નૈવેદ્ય :*** આસો સુદ આઠમ, મહાસુદ આઠમ, ચૈત્રી આઠમનાં દિવસે લાપસી તથા જોડ નાળિયેરનાં નૈવેદ્ય સવારનાં સમયે કરવાનાં હોય છે.

દિવાળી, હોળી અને અષાઢી બીજનાં દિવસે લાપસી તથા જોડ નાળિયેરનાં નૈવેદ્ય સાંજનાં સમયે કરવાનાં હોય છે.

***ખેતરપાળનાં નૈવેદ્ય :-*** કાળી ચૌદસનાં દિવસે ચુરમાનાં લાડુ, તલવટ અને નાળિયેરનાં નૈવેદ્ય સાંજના સમયે કરવાનાં હોય છે. શ્રાવણ સુદ પાંચમનાં દિવસે નાળિયેર વધેરવાનું હોય છે અને દૂધ ધરાવવાનું હોય છે.

***પુરસાદાદાનાં નૈવેદ્ય :-*** શરદ પૂર્ણિમાનાં દિવસે પુરસાદાદાનાં સ્થાનકે સમગ્ર કટ્ટા બંધુઓનાં સામૂહિક નૈવેદ્ય કરવામાં આવે છે. જેમાં સુખડી, કુલેર, લાડુ, ખજુર જેવી મીઠી વસ્તુ યથાયોગ્ય, યથાશક્તિ લઈ જઈ, નાળિયેર સાથે નૈવેદ્ય ધરાવવામાં આવે છે અને સામૂહિક પ્રસાદનું આયોજન થાય છે. તદુપરાંત સ્થાનકે પહોંચી શકાય તેમ ન હોય તો, ઘરે પાણિયારે, ભાખરીનાં લાડુ અને નાળિયેરનાં નૈવેદ્ય સવારનાં સમયે કરવાનાં હોય છે. આ દિવસે પરણેલી નિયાણી (પુત્રી) પાસેથી (પુત્રી દ્વારા) યથાશક્તિ 'સાકર'ની ચડતર પુરસાદાદાને કરવાની હોય છે. પુરસાદાદાનાં નૈવેદ્યની ચડતર સામગ્રી (ધરાવેલ પ્રસાદ) શરદપૂર્ણિમાનાં દિવસે જ સમાપ્ત કરવાની હોય છે.

***બાલ મુંડનનાં નૈવેદ્ય :-*** બાળકની ત્રણ અથવા પાંચ વર્ષની આયુએ મુંડન કરવામાં આવે છે. જેમાં મુંડનનાં આગળનાં દિવસે સાંજનાં સમયે માયનાં નૈવેદ્ય અને મંગલિત તથા મુંડનનાં દિવસે માતાજીનાં (કુળદેવીનાં) નૈવેદ્ય કરવામાં આવે છે. માયનાં નૈવેદ્ય અંતર્ગત સિંદુર ઘીમાં ભેળવી દિવાલ ઉપર પાંચ કે સાત ચાંદલાઓ કરી માયની સ્થાપના કરવી. માયમાટલી અને માયભાણું મૂકી નૈવેદ્ય ધરાવવું. બે માયમાટલીઓ તૈયાર કરવી. જેમાં એકમાં ૬૪ પૂરીઓ (ઘઉંના લોટની ઘીને સૂકી પૂરીઓ) અને ૭ લાડવા (માતરિયા લાડવા) મૂકવા અને બીજી માટલીમાં સવા કિલો ચોખા, સવા મીટર સફેદ કાપડ, સવા પાંચ રૂપિયા, એક નાળીયેર મૂકવું. ૧૬ પૂરી અને લાપસી બનાવી ૪-૪ પૂરી જુદી પાડી તેનાં પર લાપસી મૂકી માયભાણું તૈયાર કરી, માય સ્થાપેલ જગ્યાએ મૂકી નૈવેદ્ય કરવા. બાળકને મંગલિત કરવું જેમાં બાળકનાં વિભિન્ન અંગે કંકુ વડે ચાંદલો કરી, માથે તેલ લગાવવું અને જમણે પગે લાણ બાંધવી. (લાણઃ- ત્રણ રસ્તાની ધૂળ, જવારદાણાં લાલ કપડે બાંધી નાની પોટલી

બનાવવી. તે પોટલી, કોડી, લોઢાનો કેળો આ ત્રણેય વસ્તુઓ કોઈપણ વ્યક્તિનાં વાળ લઈ તેનો દોરો બનાવી તેમાં બાંધી લાણ બનાવવી.) ખોંભાનાળા વડે યોગ્યતા મુજબ સોના અથવા ચાંદીની વીંટી બાળકના માથામાં બાંધવી. ઘરનાં વડીલ અથવા જે વ્યક્તિ નૈવેદ્ય કરનાર હોય તેમણે આ ક્રિયાઓ કરવી. બીજે દિવસે મુંડન પૂર્વે બાળકને પુનઃ વિભિન્ન અંગે ચાંદલો કરી મંગલિત કરી મુંડન કરવું. બાળકનાં માથે બાંધેલ વીંટી તે સમયે ફઈએ ખોળામાં લેવી. બાળકનાં મોસાળ પક્ષેથી લાવેલ ટોપી અને બૂટ સાથે લાલ-સફેદ કપડા પહેરાવી, માથે સુખડ લગાવી, કંકુનો ચાંદલો કરી કુળદેવીનાં નૈવેદ્ય કરવાનાં. એક પડાઈ (સવા મીટર લાલ કપડા) અને ખળખળિયું નારિયેળ મૂકી, લાપસી અને જોડ નાળિયેરનાં નૈવદ્ય કરવા. ત્યારબાદ માયનું ઉત્થાપન કરી માયમાટલીઓ અને માયભાણું નિયાણીઓને આપી દેવું.

*લગ્નનાં નૈવેદ્ય :* ગણેશ બેસાડ્યા બાદ માયનાં નૈવેદ્ય અને મંગલિત કરવું. બીજે દિવસે માતાજીનાં નૈવેદ્ય કરવા ત્યારબાદ જ પુત્ર કે પુત્રી પરણવા જાય. આ બન્ને નૈવેદ્યની ક્રિયાવિધિ અને સામગ્રી મુંડનનાં નૈવેદ્ય મુજબ જ કરવાની હોય છે.

*શ્રીમંતનાં નૈવેદ્ય :-* વહુનાં માવિત્ર પક્ષેથી આવેલ ઘરચોળું અને સફેદ બ્લાઉઝ પહેરી, માવિત્ર પક્ષનાં જ સાત ફળ, નાળિયેર, કાચા સૂતરની આંટી અને જુવાર વડે ખોળો ભરી નૈવેદ્ય કરવાનાં હોય છે. જેમાં કુળદેવી પાસે એક પડાઈ અને ખળ-ખળિયું નારિયેળ મૂકી, લાપસી, જુવાર અને જોડ નાળિયેરનાં નૈવેદ્ય કરવા તથા ખેતરપાળદાદા પાસે ચુરમાનાં લાડુ, તલવટ અને નારિયેળનાં નૈવેદ્ય કરવાનાં હોય છે.

*નૈવેદ્ય પૂર્વે પાળવાનાં નિયમો (અડી) :-* ઉપરોક્ત નૈવેદ્ય પૂર્વે અમુક નિયમો પાળવાનાં હોય છે, જે નૈવેદ્ય બાદ છૂટતાં હોય છે. જેમાં બાલમુંડન પૂર્વે બાળકને લાલ અને સફેદ કપડા ન પહેરાવવા, ટોપી અને બૂટ ન પહેરાવવા અને કપાળે તિલક ન કરવું. શ્રીમંત પૂર્વે કુળદેવીનો પ્રસાદ અને તલવટ ન ખાવા. પહેરવાની કોઈપણ કોરી વસ્તુ (કપડાં, આભૂષણ)નો ઉપયોગ ન કરવો. નૈવેદ્ય પૂર્વે સ્નાન કર્યા બાદ જ આ વસ્તુઓનો ઉપયોગ કરવો. પ્રસૂતિ પૂર્વે સોનાની બાધા લેવી જે માટે પ્રસૂતિનાં દોઢ મહિના બાદ કુળદેવીનાં લાપસી અને જોડ નારિયેળનાં વિશેષ નૈવેદ્ય કરવાનાં હોય છે.

'કટ્ટા' ગૌત્રનાં કુળદેવી શ્રીચામુંડા માતાજી, ખેતરપાળ દાદા અને પુરસાદાદાનાં ઉપરોક્ત નૈવેદ્ય કચ્છી કટ્ટા ભાઈઓ દ્વારા કરવામાં આવે છે. આ ઉપરાંત અગાઉ ઉલ્લેખિત કર્યું તે પ્રમાણે 'કટ્ટા' ગોત્ર જેઓનાં વંશજ છે તે શ્રી લોહડજી (દાદોજી)નું જેઠ સુદ બીજનાં દિવસે બિકાનેરનાં સ્થાનકે પૂજન-અર્ચન અને કર કરવામાં આવે છે.

બિકાનેરનાં ભટરાજ શ્રીરાવ ભોપાદાનજી ગિરધારીજી બાગોરા પરિવારની વહીથી પ્રાપ્ત માહિતી મુજબ વિક્રમ સંવત્ ૯૮૯માં રાજા રાજ્યપાલજી રાજસ્થાનનાં 'લુદ્રવાગઢ' ઉપર શાસન કરતાં હતાં. જેમાં શ્રીલોહડજી રાજસોની હતા. ઈરાનનાં મોગલ બાદશાહે આ ગઢ ઉપર હુમલો કર્યો જેમાં રાજા રાજપાલજીની હાર થતાં રાજા રાજપાલજી અને શ્રી લોહડજી થોડો સમય જંગલમાં રહી સૈન્ય સંગઠિત કરી, મોગલ બાદશાહ શાહબુદ્દીન સાથે યુદ્ધ કર્યું જેમાં શ્રી લોહડજીનું મસ્તક છેદાઈ ગયું, છતાંયે તેમનું ધડ લડતું રહ્યું અને શાહબુદ્દીનને હાર સ્વીકારવી પડી. શ્રી લોહડજીનું મસ્તક છેદાઈ ગયું હોવા છતાંયે તેમનું ધડ લડતું રહેવાથી, તે સમયથી તેમના વંશજ 'ભાટી' ગૌત્ર, અધિકાંશતઃ 'કટ્ટા' ગોત્ર તરીકે ઓળખાયું. તેમના વંશજો દ્વારા કુળદેવ તરીકે તેમનું પૂજન-અર્ચન કરવામાં આવ્યું. તેમનું સ્થાનક રાજા રાજપાલજી દ્વારા લુદ્રવાગઢ ખાતે બનાવવામાં આવ્યું. જેનું તેમના વંશજોનું સંવત ૧૬૬૫માં બિકાનેરનાં રાજસોની તરીકે સ્થળાંતર થતાં, સંવત્ ૧૭૬૫નાં જેઠ સુદ બીજનાં દિવસે બિકાનેરમાં સ્થળાંતર કરવામાં આવ્યું. પ્રાચીન સમયે 'કટ્ટા' ગોત્રના વંશજોનાં પૂજ્ય એવાં શ્રીલોહડજી (દાદોજી)ની મહિમા અને પરચાઓનાં કારણે સમસ્ત ગોત્રો દ્વારા પૂજન-અર્ચન-કર કરવામાં આવે છે અને તે દિવસે મેળો પણ ભરાય છે. તે ઉપરાંત અમદાવાદ ખાતે પણ તેમનું એ જ દિવસે પૂજન-અર્ચન અને કર કરવામાં આવે છે.

*(ક્રમશઃ)*

*સાભાર માહિતી-સંદર્ભ*

*ગં.સ્વ.દિવાળીબેન દામજીભાઈ કટ્ટા,*


## હાર્દિક શુભેચ્છા



**સોની ગીતાબેન તુલસીદાસ પોમલ**

*આપની નખત્રાણાના નાયબ મામલતદાર તરીકે વરણી થઈ તે બદલ શુભેચ્છા.*

*આપ ઉત્તરોત્તર પ્રગતિ કરતા રહો...*

**સોની પ્રકાશ પી. (શંભુ)**

**સોની નવીનભાઈ વિશ્રામ**

**સોની પ્રફુલભાઈ મોહનલાલ**

**સોની અરવિંદ જે. – નખત્રાણા**

# કાવ્યો

## "મારો કચ્છ"

ભારત માતાને ખોળે રમતો બાળક છે મારો કચ્છ
ગુજરાતના લલાટે રંગાયેલો તિલક છે મારો કચ્છ
અઢી અક્ષરનો પોશાક પહેરતો મર્દ છે મારો કચ્છ
ચોમેરથી કુદરતી લીલાને નિહાળતો નરસિંહ છે મારો કચ્છ
યુદ્ધ-સંગ્રામમાં પડખે ઊભતી તલવાર છે મારો કચ્છ
નાનો છતાં નામ ધરાવતો ખંતીલો છે મારો કચ્છ
કચ્છીઓને ખમીરનું દૂધ પીવડાવતી 'મા' છે મારો કચ્છ
જાત-જાતના વીરોના બલિદાનથી પાવન છે મારો કચ્છ
કચ્છીઓની થનગનાટ કરતી પનિહારી છે મારો કચ્છ
કચ્છીઓ વિના તડપતો રહેતો દિલદાર છે મારો કચ્છ
પ્રવાસીઓને પંપાળતો રહેતો પ્રેમાળ છે મારો કચ્છ
હા, હા, 'જીનલ' એ જ મારું વતન જ છે મારો કચ્છ

**કુ. જીનલ પ્રવિણભાઈ સોલંકી, નાગલપુર-માંડવી (કચ્છ)**

## મુક્તકો

(૧) "વંટોળ શમી જાય તો એની શાંતિ ગાજતી હોય છે.
ભૂકંપ ચાલ્યો જાય તો એની ધ્રુજારી ચાલતી હોય છે.
કુદરતી આવી લીલા પછી એના "પ્રકોપ લેખો" લખાતા હોય છે.
એમ મા! તારાથી દૂર થાઉં પછી
તારો અહેસાસ મારા રોમરોમમાં દોડતો હોય છે.

(૨) નાચુ છું હું તો આજે ઈશના સંગાથમાં
કારણ હું તોછું આજે હોસ્ટેલનાં વિયોગમાં
એ વિયોગ મને નચાવે છે મા ના ખોળામાં
હું નહિ ભુલુ 'જીનલ' આ ખુશી કોઈ'દિ જિંદગીમાં

(૩) "સગવડો વચ્ચે ઘેરાયેલી છું.
છતાં ખાલી ખાલી લાગે છે
આજે હે મા!
તારા ખોળામાં વગર સગવડે
મને ભર્યું ભર્યું લાગે છે.

**કુ. જીનલ પ્રવિણભાઈ સોલંકી, નાગલપુર-માંડવી (કચ્છ)**

સ્નેહનું પાણી, શૂરનું પાણી,
પોતાના પ્રચંડ પૂરનું પાણી,
હસતું રમતું રણમાં દીઠું,
સત અને સિંદુરનું પાણી,
વાહ! રે, ભાઈ કચ્છનું પાણી.

**માનસી ડી. કોટડિયા - માંડવી (કચ્છ)**

## "યહ શહર"

યહ ખડ્ડો કા શહર હૈ, યહાં રાસ્તે કમ હૈ,
ગંવાને કે જખમ હૈ, યાદોં કે મરહમ હૈ
મરના જરાસા આસાન હો ગયા હૈ અબ,
હમેં જરૂરત કબ્ર નહીં, ખડ્ડે જો હરદમ હૈ
કિસી કો મિલતી જમીં, તો કિસી કો આસમાં,
વાસ્તાં હમારે યહાં તો દોનો હી હરદમ હૈ,
જખમ પે નમક હૈ, નમક ભી કડક હૈ,
તડપતા, સિસકતા, હારસુ આલમ હૈ,
ખડ્ડો કી ઓરસે ભંવર ઉઠ રહે હૈ,
હર નજર મેં અપને મકાં માતમ હૈ,
પ્યારી સી દીવારો કે મુર્દે બિખર પડે હૈ,
મકાં કે મુર્દો પે આજ ખડે હમ હૈ,

**વિદુલા કાન્તિલાલ કટ્ટા - આદિપુર કચ્છ**

## હાઈકુ

રોજ મગજ
વિચારોનો ગંજીપો
રમ્યા કરે

કાઢે આકાશ
ઘુંઘટો પંચરંગી
ઉતરાયણે

નશીબ રોજ
પોતાના ખોરાકમાં
પુરૂષાર્થ લે

પ્રેમને શબ્દ
દેહ આપો એટલે
રચાય કાવ્ય!

પુરૂષાર્થ તો
પુરું સાર્થક કરે
ચોક્કસતાથી

વેણને વેણી
પેંરાવી રાખવાથી
શું શોભા વધે?

જીવનબાગ
વ્યસનના જંતુથી
ખવાઈ જાય!

જિંદગી સોનું
તો છે, પણ મનેખ
લોહાનો બન્યો.

**જીનલ પ્રવિણભાઈ સોલંકી - નાગલપુર, માંડવી (કચ્છ)**

# પ્રતિભાવ

★ શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ, ભુજ દ્વારા પુનઃ નિર્મિત મંદિરોમાં દેવ-દેવીઓના પુનઃસ્થાપના અને પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ, હર્ષોલ્લાસ સાથે ઉજવવાનાં સમયે "સેતુ" દ્વારા 'મંદિર વિશેષાંક' પ્રસિધ્ધ કરવા બદલ "સેતુ" તંત્રી મંડળ તથા કુ. એકતા કટ્ટાએ "ધરતીનો છેડો ઘર, શ્રધ્ધા - શાંતિનો છેડો મંદિર", "ભુજના મંદિરની ઐતિહાસિક પૃષ્ઠભૂમિ", "વ્યક્તિ વિશેષ"ના લેખો તૈયાર કરવા બદલ ભુજ જ્ઞાતિ વતી તેમજ વ્યક્તિગત આપ સૌને અભિનંદન સાથે હું હ્રદયની પ્રસન્નતા વ્યક્ત કરૂ છું.

***એ.જે. સોલંકી, પ્રમુખ - શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ, ભુજ***

★ 'જ્ઞાતિ સેતુ' એ શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિનું એકમેકને ઓળખ આપતું એકમાત્ર મુખપત્ર છે. ૨૩મી જુલાઈ-૨૦૦૬ના દિને કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિના ગૌરવશાળી ઈતિહાસમાં એક સુવર્ણ પૃષ્ઠ ઉમેરાઈ ગયું. આ દિવસે ભારતના વિવિધ સ્થળોએથી ખેડબ્રહ્મા ખાતે ઉપસ્થિત ૧૦૧ જ્ઞાતિ હોદ્દેદારો સંનિષ્ઠ કાર્યકરોની ઉપસ્થિતમાં મહામંડળની રચના કરવામાં આવી અને મહામંડળના પ્રમુખ તરીકે શ્રી પ્રભુદાસભાઈ ખેતશીભાઈ સોનીની સર્વાનુમતે વરણી કરવામાં આવી. પ્રસ્તુત 'જ્ઞાતિ સેતુ' વિશેષાંકમાં આ સમગ્ર સચિત્ર અહેવાલ અને સમાજ સમાચાર અને ઉપયોગી વિગતો વગેરે પ્રસિદ્ધ કરવામાં આવી છે.

***બાબુલાલ ગોર***

★ આપ જ્ઞાતિ માટે માહિતી, મનોરંજનની મહેક "જ્ઞાતિસેતુ"માં પ્રસારિત કરાવો છો અને જ્ઞાતિને સેતુરૂપ બનાવીને એકતાના દર્શન કરાવો છો એ જાણીને બહુજ આનંદ થાય છે. આપણી જ્ઞાતિના વિકાસ માટે પથદર્શક રહો એવી શુભેચ્છા.

***વિદુલા કાન્તિલાલ કટ્ટા - આદિપુર કચ્છ***

★ પ્રમુખ શ્રી, આપણી જ્ઞાતિનું મહામંડળ તેમજ સાબરકાંઠા મારૂ કંસારા સોની જ્ઞાતિમંડળ દ્વારા તા.૨૨-૭-૦૬ તથા ૨૩-૭-૦૬નાં *ચિંતન શિબિર*નું આયોજન કરવામાં આવ્યું, તે ખરેખર ઐતિહાસિક પ્રસંગ હતો અને તે પ્રસંગે સર્વે જ્ઞાતિ ભાઈઓએ તે પ્રસંગનો લાભ લીધો. આવા ઐતિહાસિક પ્રસંગનો અમને અહીં ખબર ન થઈ. જેથી અમારી ઈચ્છા હોવા છતાં અમે તે પ્રસંગે હાજરી ન આપી શક્યા. માટે હવેથી આવા કોઈપણ જાતની પ્રવૃતિ આપણાં સમાજની હોય ત્યારે અમને જાણ કરવા વિનંતી છે.

***અશોકકુમાર પોમલ***

***ચિ. એકતાને, શ્રી કે. એન. સોની, ગાંધીધામ – 'સેતુ'ના તંત્રી મંડળમાં સ્થાન પામવા બદલ અભિનંદન પાઠવે છે.***

સાથે સાથે ભાઈ અતુલ અને મારા બંધુ તુલ્ય શ્રી હંસરાજભાઈને, તારા જેવા અમૂલ્ય રત્નને યોગ્ય સ્થાન આપવા બદલ ધન્યવાદ.

અજાણ્યાનો પત્ર જોઈ તું વિસ્મય જરૂર પામીશ. પરંતુ મેં તો તારૂં હીર અંજારમાં માતાજી મંદિરનાં પ્રસંગ વખતે તે આપેલ એનાઉન્સરની સેવા વખતે જ પારખી યથાશક્તિ, કદરરૂપ નામ નહિ આપવાની શરતે ધાણેટી વાલા હરીશ / પ્રકાશ નરોત્તમભાઈ મારફત ટોકન મોકલેલ - એ મારો પરિચય.

તારા જેવા અનેક છુપા રત્નોને શોધી "જ્ઞાતિસેતુ" મારફત આપણી જ્ઞાતિ સમક્ષ મુકીશ તેટલી અપેક્ષા સહ ફરી ફરી અભિનંદન સાથે હ્રદયપૂર્વકના આશિર્વાદ.

***કે. એન. સોની - ગાંધીધામ***

## માણસની માણસાઈ

માણસને માણસ કહી શકાય તે પહેલાં એણે કેટલા રસ્તાઓ પરથી પસાર થવું પડે?

ધોળું કબૂતર કેટલા સમંદર પાર કરે પછી રેતીમાં પોઢી શકે?

તોપનાં ગોળાને કાયમને માટે પ્રતિબંધિત થતાં પહેલા કેટલી વખત ફંગોળાવું પડે?

આકાશ જોઈ શકે તે પહેલા માણસે કેટલી વખત ડોક ઊંચી કરવી પડે. અને હા, લોકોના રૂદન સાંભળી શકાય તે માટે માણસને કેટલા જ્ઞાન હોવા જોઈએ?

ઘણાબધા માણસો મરી ગયા છે એવું જાણવા પહેલા એણે કેટલી વાર મરવું પડે?

દરિયામાં ધીરે ધીરે વહી જતાં પહેલાં એક પર્વતને કેટલા વર્ષ જીવવું પડે?

અને હા, કેટલાક લોકોને સ્વતંત્ર બનવાની છૂટ મળે, તે પહેલા કેટલા વર્ષ ખેંચી કાઢવા પડે?

અને હા, પોતે કશું નથી જોયું એવો ઢોંગ કરવા માટે માણસે, પોતાનું મોં કેટલી વખત ફેરવી લેવું પડે?

***માનસી ડી. કોટડિયા - માંડવી (કચ્છ)***

## ચક્ષુદાન — મહાદાન

***આંખો, એ પ્રભુએ માનવીને આપેલ અણમોલ ભેટ છે. તેના વગર સર્વત્ર અંધકાર જ છે. મૃત્યુ પછીનું ચક્ષુદાન કોઈ અંધ વ્યક્તિને પ્રકાશમય નવું જીવન આપે છે. આપણી જ્ઞાતિના મુંબઈ સ્થિત સ્વ. પુષ્પાબેન હરિલાલ બારમેડાએ મૃત્યુ બાદ ચક્ષુદાન કરી દાનની ઉત્તમ ભાવના દાખવેલ છે. 'જ્ઞાતિ સેતુ' પરિવાર તેમના ઉમદા કાર્યની નોંધ લઈ હ્રદયપૂર્વક શ્રધ્ધાંજલિ અર્પે છે.***

## હવે હસો....

સંતા ગાલીબને ઘરે ગયા. બારણું ખખડાવ્યું

ગાલીબે પૂછયું. 'કૌન?'

સંતા : 'મૈં!'

ગાલિબ : 'મૈં કૌન?'

સંતા : 'અરે યાર, તુ તો ગાલીબ હૈ. પૂછતા ક્યોં હૈ?'

● ● ● ● ●

ડોકટરે સંતાના હાથમાં એનું તરતનું જન્મેલું બાળક પકડાવ્યું. સંતાએ તેડ્યું. એ સાથે જ બાળકે સંતાને પલાળ્યો. સંતાએ નર્સના હાથમાં બાળક પાછું આપતાં કહ્યું :- 'PLEASE CHANGE THIS PIECE આ લીક થાય છે.'

● ● ● ● ●

અંગ્રેજી શીખવવાના વર્ગમાં જનારા બન્ટીને શિક્ષકે પૂછયું, "I KILL A PERSON" ને ભવિષ્યકાળમાં ફેરવ.

બન્ટી :- YOU GO TO JAIL

● ● ● ● ●

Que :- What is comman between a brilliant, smart, confidence, lovable girl friend and osama bin Laden?

Ans :- Both cannot be found.

● ● ● ● ●

પતિ પત્નીમાં લડાઈ થઈ. પતિ ગુસ્સામાં ઘરની બહાર ચાલ્યો ગયો. રાતે ઘેર ફોન કર્યો, "ખાવામાં શું છે?"

પત્નીએ ગુસ્સામાં જવાબ આપ્યો :- 'ઝેર'

પતિ કહે, 'તું ખાઈ લે જે, હું મોડો આવવાનો છું.'

***ગૌરવ દીપકભાઈ કોટડીયા - માંડવી કચ્છ***

## MY MOTHER

My mother is bright, But she doesn't like much light, She gives me a love, And also gives me her sweet love.

She is like a rose,
And her love makes me feel to her close.
She says I am also very bright,
But her temper is very fight.
When my mother is sad,
I make her glad.
My mother likes good food,
And she is always in a happy mood.

***Mansi D. Kotadiya - Mandvi (Kutch)***

## 'જ્ઞાતિસેતુ' હવે વેબસાઈટ પર

સંદેશા વ્યવહાર ક્ષેત્રે થયેલ પ્રગતિથી સમગ્ર વિશ્વ એક નાના ગામ જેવું બની રહ્યું છે. 'જ્ઞાતિસેતુ' હવે ઈન્ટરનેટ દ્વારા સમગ્ર વિશ્વ માટે ઉપલબ્ધ બન્યું છે. www.infiniteindia.com/about/setu.htm વેબસાઈટ પર 'જ્ઞાતિસેતુ'ની આવૃત્તિ નિહાળી શકાય છે. આ સેવા અમેરિકા સ્થિત શ્રી મુંજાલ તુલસીદાસ કંસારાના સૌજન્યથી શક્ય બનેલ છે.

વિશેષમાં YAHOO પર એક જ્ઞાતિસેતુ ગ્રૂપની રચના કરવામાં આવેલ છે. ઈન્ટરનેટનો ઉપયોગ કરી જ્ઞાતિ વિવિધ પ્રવૃત્તિ - વિચારોની આપ-લે થઈ શકે છે. આ માટે groups.yahoo.com/group/gnatisetu એ એડ્રેસ પર જઈ પોતાના yahoo.id થી login થઈ ગ્રૂપના સભ્ય બની શકાય છે.

જ્ઞાતિના યુવા વર્ગને આ સેવાઓનો લાભ લેવા તથા જ્ઞાતિની વિકાસ પ્રવૃત્તિઓમાં સહભાગી થવા આમંત્રણ છે.

*અતુલ સોની*

## પ્રભુકૃપા ક્વીઝ કોર્નર

'જ્ઞાતિ સેતુ'ના ગત અંકમાં પ્રગટ થયેલ કોયડાના ઉકેલ નીચે મુજબ છે :

(૧) મૌન અથવા શાંતિ
(૨) સ્વ. જવાહરલાલ નહેરૂ, સ્વ. લાલબહાદુર શાસ્ત્રી તથા સ્વ. ઈંદીરા ગાંધી

કોયડાના ઉકેલ માટે ગૌરવ કોટડીયા તથા માનસી કોટડીયાના જવાબ મળેલ. કોઈના પણ બે જવાબ સાચા ન હોઈ એક જવાબ સાચો હોવા માટે ગૌરવ તથા માનસી કોટડીયાને પ્રભુકૃપા જ્વેલર્સ - અંજાર તરફથી રૂા. ૧૦૧/- નું ઈનામ આપવામાં આવે છે.

*હવે આ અંકના પ્રશ્નો :*

૧. ભગવાન રામના ગુરૂ કોણ હતા?
(એ) વિશ્વામિત્ર, (બી) વશિષ્ઠ, (સી) વાલ્મિકી

૨. સીતાહરણ સમયે રાવણનો પ્રતિકાર કયા પક્ષીએ કરેલ?
(એ) ગરૂડ, (બી) કાગભૂષણ, (સી) જટાયુ

૩. વનવાસ પૂર્ણ થયા બાદ શ્રીરામ કયા વાહનમાં અયોધ્યા પધારેલ?
(એ) દિવ્ય જ્યોતિ રથ, (બી) પુષ્પક વિમાન, (સી) પવન પાદુકા

૪. રામાયણમાં ઉલ્લેખ મુજબ અયોધ્યા નગરી કઈ નદી કિનારે આવેલ હતી?
(એ) ગંગા, (બી) સરયુ, (સી) સરસ્વતી.

*આપના જવાબો તા. ૫-૧૨-૨૦૦૬ સુધી, તંત્રીશ્રી, જ્ઞાતિસેતુને સરનામે લખી જણાવશો. સાચો જવાબ આપનાર ભાગ્યશાળી વિજેતાને* **પ્રભુકૃપા જ્વેલર્સ - અંજાર** *તરફથી રૂા. ૧૦૧/-નું રોકડ ઈનામ મળશે. તો થાવ તૈયાર... બેસ્ટ ઑફ લક...*

With Best Compliments
કૌશિક બી. સોની
મો. ૯૯૨૫૩ ૧૫૪૧૫

સોની
ભોગીલાલ હંસરાજ
(મોટા અંગીઆવાળા)

સોના, ચાંદીના ફેન્સી કલાત્મક દાગીના
તથા ગેરેન્ટેડ અલંકારો વેચનાર

બેંક ઓફ બરોડાની સામે,
નખત્રાણા, કચ્છ-૩૭૦ ૬૧૫.
ફોન : (ઓ) ૨૨૨૨૩૪ (રહે.) ૨૨૩૨૪૬

ફ્રેન્ડ્સ રેસ્ટોરન્ટ
સાઉથ ઈન્ડિયન
ગુજરાતી થાળી
ચાઈનીઝ કોલ્ડ્રિંક્સ
આઈસ્ક્રીમ

વથાણ ચોક, નખત્રાણા,
કચ્છ-૩૭૦ ૬૧૫. ફોન : ૨૨૩૬૧૮

# "જ્ઞાતિ-સેતુ"ના નવા સભ્યોની યાદી

*દેશના વિવિધ વિસ્તારોમાંથી તથા વિદેશમાંથી સેતુ પરિવારમાં જોડાઈ રહેલ સર્વે જ્ઞાતિજનોને અમો સહર્ષ આવકારીએ છીએ.*

| | | |
|---|---|---|
| ૧. | બારમેડા વસંતલાલ છગનલાલ | દેવપુર |
| ૨. | સોની બિપીનચંદ્ર શંભુલાલ બગ્ગા | માધાપર |
| ૩. | સોની બિપીનચંદ્ર ઓધવજી બુધ્ધભટ્ટી | નારાણપર |
| ૪. | જયેન્દ્ર જેંતીલાલ પોમલ | વાડી (કર્ણાટક) |
| ૫. | ચમનલાલ ગોવિંદજી પોમલ | અંજાર |
| ૬. | સોની હરેશભાઈ જેઠાલાલ | અંજાર |
| ૭. | રમેશચંદ્ર રતનશી પોમલ | નલિયા |
| ૮. | સોની રતનશી પ્રેમજી | હિંમતનગર |
| ૯. | સોની ગોવિંદજી ડુંગરશી | નખત્રાણા |
| ૧૦. | કટ્ટા ગૌરીલાલ કરશનદાસ | નખત્રાણા |
| ૧૧. | કટ્ટા ભરતભાઈ વિશનજીભાઈ | નખત્રાણા |
| ૧૨. | સોની જયંતીભાઈ | નખત્રાણા |
| ૧૩. | ચામુંડા જ્વેલર્સ | નખત્રાણા |
| ૧૪. | સોની રતિલાલ હંસરાજ | નખત્રાણા |
| ૧૫. | ઓમભાઈ | નખત્રાણા |
| ૧૬. | સોની છગનલાલ વેલજીભાઈ | ઉખેડા |
| ૧૭. | સોની જયેશ મંગલદાસ | નખત્રાણા |
| ૧૮. | સોની મહેન્દ્ર ચંદુલાલ | વિરાણી મોટી |
| ૧૯. | સોની રમેશભાઈ એમ. | નખત્રાણા |
| ૨૦. | સોની ગીતાબેન તુલસીદાસ પોમલ | ભુજ |
| ૨૧. | સોની કાંતિલાલ બેચરદાસ | નખત્રાણા |
| ૨૨. | સોની કિરીટભાઈ વિરાજભાઈ બારમેડા | નખત્રાણા |
| ૨૩. | સોની કાંતિલાલ ડી. કટ્ટા | આદિપુર |
| ૨૪. | સોની હીરાલાલ હંસરાજ | બળદીયા |
| ૨૫. | મારૂ અરવિંદભાઈ ગોવિંદજી સોની | રાજકોટ |
| ૨૬. | સોની રાજેન્દ્ર બાબુલાલ | ભુજ |
| ૨૭. | સોની મનોજ જયંતિલાલ | ભુજ |
| ૨૮. | સોની પ્રવીણભાઈ હીરજી બારમેડા | માધાપર |
| ૨૯. | ભરતભાઈ રતિલાલ બુધ્ધભટ્ટી | ડોંબીવલી (વેસ્ટ) |
| ૩૦. | સોની મનસુખભાઈ સુંદરજી બુધ્ધભટ્ટી | ઘાટકોપર (વેસ્ટ) |
| ૩૧. | નીતિન ઝવેરી | મુંબઈ |
| ૩૨. | સહજાનંદ વાસણ સ્ટોર્સ | દયાપર |
| ૩૩. | સોની નવીનચંદ્ર કલ્યાણજી બારમેડા | ભુજ |
| ૩૪. | સોની કેતનકુમાર વિઠ્ઠલદાસ | મોડાસા |
| ૩૫. | સોની જેંતીલાલ ત્રિકમદાસ | વિરાણી મોટી |
| ૩૬. | રમેશભાઈ ખીમજીભાઈ કટ્ટા | નખત્રાણા |
| ૩૭. | સોની શંભુભાઈ વિશ્રામ | વિરાણી મોટી |
| ૩૮. | સોની મનસુખલાલ અમૃતલાલ | રવાપર |
| ૩૯. | વિનોદભાઈ આર. સોની | રવાપર |
| ૪૦. | નરેન્દ્રભાઈ ડી. સોની | દેવપુર (યક્ષ) |
| ૪૧. | જયશ્રી ભરતભાઈ પરમાર | ભુજ |
| ૪૨. | સોની શાંતિલાલ તુલસીદાસ | વિરાણી મોટી |
| ૪૩. | સોની બકુલભાઈ મોહનલાલ | દહેગામ |
| ૪૪. | ભગવાજી કેશવજી બુધ્ધભટ્ટી | મુંબઈ |

## 'જ્ઞાતિ સેતુ' લવાજમ અંગે....

*આથી 'જ્ઞાતિ સેતુ'ના સર્વે માનવંતા સભ્યોને વિનંતી કે આપનું લવાજમનું વર્ષ પૂરું થઈ ગયું હોય તો તે રીન્યુ કરાવી લેવા વિનંતી છે. હવેથી નાણાંકીય વર્ષ મુજબ લવાજમ લેવાનું હોવાથી માર્ચ-૨૦૦૭ સુધીના લવાજમની રકમ 'જ્ઞાતિસેતુ' કાર્યાલય અથવા આપના નજીકના 'સેતુ'ના માનદ્ પ્રતિનિધિઓને મોકલાવી આપવા વિનંતી છે. વિશેષ માહિતી માટે સંપર્ક:*

| | | |
|---|---|---|
| **શૈલેષ કંસારા** | **ભુજ** | **૯૮૨૪૦ ૩૩૪૪૦** |
| **કમલેશ પોમલ** | **ભુજ** | **૯૮૭૯૩ ૬૦૨૦૫** |
| **પ્રકાશ પી. સોની** | **નખત્રાણા** | **૯૮૭૯૨ ૭૯૩૨૫** |
| **હેમેન્દ્ર કંસારા** | **અંજાર** | **૯૮૭૯૧ ૯૪૩૩૪** |
| **પ્રકાશ સોની** | **રાયપુર** | **૦૭૭૧-૨૫૫૫૬૬૯** |
| **જયમીન જે. સોની** | **અમદાવાદ** | **૯૮૨૪૫ ૪૬૬૫૦** |
| **સુરેશભાઈ સોલંકી** | **માંડવી** | **૯૮૭૯૨ ૧૬૧૪૦** |
| **હિતેશ સોની** | **માધાપર** | **૯૪૨૭૪ ૪૩૮૭૪** |

Printed & published by Shri Manubhai Vitthaldas Kotadia on behalf of Shree Kutchhi Maru Kansara Soni Gnati Mandal. Printed at Kankeshwari Offset, Raipur Darwaja, Bhutni Ambli, Ahmedabad-380 001. Published at Shree Kutchhi Maru Kansara Soni Gnati Mandal, 14, Dhaval Jewellers, Challa Odd, Manek Chowk, Ahmedabad-380 001. Editor :Shri Hansraj Kansara. Price : Rs. 20.00